विकसित भारत अभियान
1947 TO 2047

# आरसी
# AARSI



## A MIRROR OF THIS COLLEGE

વર્ષ : ૨૦ | અંક - ૨૦

YEAR : 2024-2025

**S.L.U. Arts and H. & P. Thakore Commerce College for Women**

**NAAC Accredited 'B'**

(Managed by : Gujarat Stree Kelavani Mandal)
Nr. Ellisbridge Post Office, Ellisbridge, Ahmedabad-380 006.
Tele-fax : +91-79-2657 6197 Website : slucollege.org
E-mail : slu_college@yahoo.com

SLU COLLEGE
Inspiring Women
Since 1920
Estd. 1920
















સંબોધનકર્તા:
શ્રી મિનલ રોહિત





**NCC**




**NSS...**




**Sports...**



# આરસી
# AARSI

## A Mirror of this College

અંક - ૨૦ વર્ષ : ૨૦૨૪-૨૦૨૫

ચેરપર્સન

**ડૉ. શૈલજા ધ્રુવ**

(ઈનચાર્જ-પ્રિન્સિપાલ, એસ. એલ. યુ. કૉલેજ)

સંપાદક મંડળ

**ડૉ. શૈલજા ધ્રુવ**

**ડૉ. અર્ચના પંડ્યા** **ડૉ. નિશા જોશી**
**ડૉ. શીતલ રાઠોડ** **ડૉ. મુકેશકુમાર બારૈયા**

**એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કોલેજ ફોર વિમેન**

સ્થાપના : ૧૯૨૦

**એલિસબ્રિજ પોસ્ટ ઓફિસ પાસે, વી. એસ. હોસ્પિટલ નજીક, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.**
Tele-Fax : 079 - 26576197
Website : slucollege.org; E-mail : slu_college@yahoo.com



એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ.એન્ડ.પી. ઠાકોર કૉમર્સ કૉલેજ ફોર વિમેન




| | | |
|---|---|---|
| **પ્રકાશક** | : | © ડૉ. શૈલજા ધ્રુવ (ઈનચાર્જ-પ્રિન્સિપાલ, એસ.એલ.યુ. કૉલેજ) |
| **પ્રકાશન** | : | **એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેન** |
| | | એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ફોન નં. : ૦૭૯-૨૬૫૭૬૧૯૭ |
| | | વેબસાઈટ : www.slucollege.org |
| **મુદ્રક** | : | Prakash Copier<br>મો.90670 87906 |


**નોંધ :**
- **આરસીમાં પ્રકાશિત થયેલ કોઈપણ લેખ કૃતિની જવાબદારી સંપાદકો કે પ્રકાશકની નહીં પણ લેખકની પોતાની રહે છે.**
- **આરસીનું લખાણ, રજૂઆતની શૈલી વગેરેનો કોઈપણ સ્વરૂપમાં અન્ય કોઈએ લેખક કે પ્રકાશકની લેખિત પૂર્વ મંજૂરી વગર ઉપયોગ કરવો નહીં.**

## FROM THE INCHARGE PRINCIPAL'S DESK



Namaskar.

It is a pleasure and privilege for me to present the 20th issue of 'Aarsi-A Mirror of this College', recording the activities and achievements of the SLU college during my fourth year as In- charge Principal.

This college, that has provided encouragement and support to generations of young women, is now proudly 105 years old.

We have always aimed for achieving academic excellence and expanding the horizons and opportunities for the students. At the same time, we strive to preserve the basic culture and traditions that have been passed on to the present generation, by the founders of this heritage institution.

The purpose of this magazine is to document and share with everyone the efforts that SLU College staff and students along with the Management - Gujarat Stree Kelavani Mandal,- all have put in, to add to its glory.

I am happy to announce that this year, our college has received the approval from Gujarat University to introduce the BS-BBA Programme from the academic year 2025-2026. This will be a new feather in the cap for the college.

This year too, as always, has been a busy one with academics, activities, workshops, seminars and examinations. Students, teachers, staff and the management have joined together to bring fresh achievements in every field.

We have noted all these in the Aheval- the report.

We had programmes for welcoming students to the college with Orientations for various activity groups, competitions, Saptadhara, Sports, NSS, NCC, CWDC, ICC and so much more.

We have organized several extra- curricular events too. Celebrations such as Annual Day, World Environment Day, Hindi Divas and informative programmes that enrich the student experience at the college. Interaction with experts from diverse fields were received with as much enthusiasm as joining in our social responsibilities like NSS activities.

Being a women's institution, our focus has always been on increasing awareness about opportunities and endless possibilities for women. Hence, a multitude of Seminars were held, highlighting the role of women in society and various fields like cultural, business, corporate, sports , NCC etc. Workshops for women empowerment and skill enhancement were held. (see details in Aheval).

We were happy to receive the grandchildren of our founder Shardaben Mehta. Dr. Poornima Mehta Bhatt, Dr. Mira Mehta and Shri Ajaybhai Mehta visited our campus and were very pleased to see the heritage college that was initiated by her in 1920.

Preparation for competitive exams, career guidance, guest lectures of experts from various fields were held. Along with training in ICT and under PMKVY we have also been able to achieve good job placements too. We have also organized Job Fairs for students who were interested.

The Innovation Club at the college has been active in organizing training programmes -phase 1 and 2 for students, wherein sharing of new ideas took place and kits were distributed to put them on the path of entrepreneurship.

The aim of Viksit Bharat @2047 remains at the forefront of all our actions. Vikas Saptah was organized and steps have been taken to awaken the Voice of Youth through various programmes, debates, quiz competitions, group discussions etc. Our students also visited the Sabarmati Riverfront and the iconic Atal Bridge.

Among the other activities, there were several programmes and competitions, participation in Climate Change Summit, a function for the release of 'Aarsi' the 19th issue; the much loved variety of 'Days' and much more.

Our Gujarati Department, in coordination with Gujarat Sahitya Academy Gandhinagar held a Kavi Sammelan at the college on the occasion of Vishwa Matrubhasha Divas. (see details in Aheval)

Students of our Fashion Designing course, beyond their training, also acquired knowledge about award winning traditional embroidery, art work, garment making and handloom weaving through interaction with artisans at visits.

The efforts made in line with the New Education Policy at the college: Our teachers been active in acquiring more knowledge and informing the students about the newer academic terminology such as ABC,ID and DT. Our Management especially Secretary, GSKM, Dr.Chandrikaben Raval has been instrumental in helping us to invite experts from the University and senior academicians as guest lecturers for enhancing the curriculum and administrative processes.

Many of our teachers attended Seminars, Workshops, FDPs, Webinars and were also experts or speakers at such events.(See Aheval) Some of our teachers are already holding posts at their subject related associations and are active participants therein. Our teachers have published research papers and made presentations at Webinars and Seminars. I too, along with my administrative duties, have tried to maintain paper reading at conferences, have been invited for lectures as a subject expert.

Dr. Varsha Prajapati as an acclaimed poetess has been reciting poetry and giving guest lectures at various institutions and receiving awards. Her poetry collections have received awards and recognition. (See Aheval) The Department of Geography had taken the students for a study tour to the Daman, Dadra Nagar Haveli and Silvass region.

Several programmes were organized under NSS by Dr. Sonal Modi to encourage service motivation among students. Social works ware also successfully done by them.

Our Sports activities and training continue with energy under Dr. Mukeshkumar Baraiya's guidance. He has also achieved many personal credentials academically and at sport as selector, adjudicator, etc.

Dr. Asha Rathva has been helpful in taking over as NCC Caretaker of over college unit. The good performance of our students is praiseworthy.

Among other activities we had Art related- skill- based demonstrations, training and study visits. Most of the departments have organized visits, guest lectures and seminars and competitions for students.

Achievements of the students are testimony to the work put in. We are proud of our students who have shone in all the fields. Students of our college deserve congratulations for achieving ranks at the University Examinations.

With the kind support of all faculty members as well as the assistance of the administrative staff, progress was made by our college -students and faculty in all spheres of education.

I thank Dr. Rashmi Soni, Dr. Shital Rathod and Dr. Kandarp Chavda for their sincere support.

I am thankful to the entire SLU Parivaar and Gujarat Stree Kelavani Mandal, especially Shri Leelaben Desai, Dr. Chandrika Raval, Shri Somabhai Patel and Dr. Sirali Mehta for their help and encouragement in enabling me to continue carrying out my additional duties with utmost sincerity.

Vande Mataram.

**Dr. Shailaja Dhruva**
In-charge Principal

## સંસ્થાની ઉન્નતિની શુભભાવના... (લાભ પાંચમ)





## ગુજરાત યુનિવર્સિટી અંતર્ગત SLU College માટે BS-BBAના કોર્સ અંગેની પૂર્વ તૈયારી





Note : શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૦૨૬થી BS-BBA કોર્સને મંજૂરી

## શુભેચ્છા મુલાકાત...



SLU Collegeના આદ્યસ્થાપક શ્રી શારદાબહેન સુમન્તભાઈ મહેતાના સુપૌત્ર અને સુપૌત્રીઓ

## વિકસિત ભારત @2047 અંતર્ગત...



માર્ગદર્શક :
ડો. શીતલ રાઠોડ
(નોડલ ઓફિસર)





સેમિનાર : 'મારા સ્વપ્નનું ભારત'

## આઈકોનિક સ્થળની મુલાકાત... Riverfront & Atal Bridge









માહિતી પ્રદાન : પ્રા. દિનેશ પટેલ



નેતૃત્વ : અધ્યાપકગણ



With Government Representative

# સંપાદકીય

વિકસિત ભારત @ ૨૦૪૭ના લક્ષ્યના સપના સાકાર કરવા સમાજજીવનના તમામ ક્ષેત્રો કટિબધ્ધ બન્યા છે. ભારતમાં પ્રાદેશિક કક્ષાએ પણ આયોજનો થતા જાય છે. ભારતનું ગ્રોથ એન્જિન એવુ 'ગુજરાત રાજ્ય' પણ સરકારી અને બિનસરકારી ક્ષેત્રોના સહયોગથી ભારતની વિકાસલક્ષી યાત્રાને ગતિ આપી રહ્યું છે. શૈક્ષણિક સંસ્થાઓમાં પણ તેની ગતિવિધિઓ તેજ પકડતી જાય છે. 'શિક્ષિત ભારત વિકસિત ભારત'ના સૂત્રને ચરિતાર્થ કરવા યુનિવર્સિટીસ અને સંલગ્ન કોલેજીસ પરસ્પર સમન્વયથી વિશેષ કાર્યરત બની રહ્યા છે. અમારું કૉલેજ કેમ્પસ પણ વધુ સક્રિય બનતું જાય છે. મહિલા-સાક્ષરતાને કેન્દ્રમાં રાખી, વિકસિત ભારતના લક્ષ્યને હાંસલ કરવાના પ્રયત્નના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટીના નેજા હેઠળની અમારી એસ.એલ.યુ. કૉલેજમાં આર્ટ્સ, કોમર્સના વિભાગો સાથે સાંપ્રત સમયની માંગ મુજબ ગુજરાત યુનિ. દ્વારા BS-BBAનો કોર્સ શરૂ કરવાની મંજૂરી મળી છે, તે રાષ્ટ્રના વિકાસ તરફની કટિબધ્ધતા દર્શાવે છે. ૨૦૨૪-૨૦૨૫ ના શૈક્ષણિક વર્ષ દરમિયાન 'ઉન્નત ભારત' અંતર્ગત શિક્ષણ તથા શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. જેમાં સંચાલક મંડળના હોદ્દેદારો અને સભ્યો, કૉલેજના શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક કર્મચારી ભાઈ-બહેનોએ યથા-યોગ્ય પ્રયત્નો દ્વારા યોગદાન આપ્યું.

પ્રસ્તુત **'આરસી'** માં અમે પ્રતિવર્ષ મુજબ વર્ષ દરમિયાન **કૉલેજની પ્રવૃત્તિઓનો અહેવાલ** અને અમારી ૧૦૪ વર્ષની **કૉલેજની વિકાસગાથા** પ્રકાશિત કરી છે.

અત્રે **'આરસી'**ના પ્રાગટ્યમાં સહકાર આપનાર અધ્યાપકો વહીવટી કર્મચારી ભાઈ-બહેનો, વિદ્યાર્થિનીઓનો આભાર માનીએ છીએ.

**વિશેષમાં:** સંચાલક મંડળની પ્રેરણા અમને પ્રોત્સાહિત કરે છે. હંમેશની જેમ મુલાકાતી વ્યક્તિઓએ કૉલેજ કેમ્પસના પારિવારિક વાતાવરણને પોતાની કલમ દ્વારા બિરદાવ્યું તેમજ કૉલેજના પૂર્વ-આચાર્ય તથા સંચાલક મંડળના કારોબારી સભ્ય ડૉ. સિરાલીબહેન મહેતાની માર્ગદર્શક રૂપ ભૂમિકાની પ્રસન્નતાથી નોંધ લઈએ છીએ.

અમને શ્રધ્ધા છે કે, અમારા **'આરસી'**નો આ અંક પણ દસ્તાવેજરૂપ બની રહેશે.

પ્રસ્તુત **'આરસી'** યુગો પર્યંત ચાલનારા 'વાંચે ગુજરાત' અભિયાનના સહભાગીદારોને સમર્પિત...

**- ડૉ. શૈલજા ધ્રુવ**

મુખ્ય સંપાદક

# અનુક્રમણિકા


| | પૃષ્ઠ |
|---|---|
| ● વાર્ષિક અહેવાલ : ૨૦૨૪-૨૦૨૫ | 20 |
| ● પ્રકાશન (આરસી...) | 146 |
| ● નિવૃત્તિ સન્માન | 152 |
| ● વિકાસગાથા: એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ. એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ | 155 |


---

"વિકસિત ભારત @2047 માટે વિકસિત રાજ્યનો રોડમેપ તૈયાર કરનારા અગ્રણી રાજ્યોમાંનું ગુજરાત પણ એક રાજ્ય છે.

Vision of Gujarat :

Earning well and living well

(સારું કમાવું અને સારું જીવન જીવવું)

આ vision ને સંસ્થાગત સ્વરૂપ આપવા ગુજરાતે નીતિ આયોગની તર્જ પર GRIT (Gujarat Rajya Institution for Transforming) ની સ્થાપના કરી છે, જે સર્વસમાવેશી વિકાસ ઉન્મુખ લક્ષ્યોને સિધ્ધ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે.

Development of Implementation રોડમેપ અંતર્ગત જળ સંસાધન, એગ્રીકલ્ચર, એનર્જી, સ્પોર્ટ્સ, હેલ્થ, સ્કૂલ એજ્યુકેશન અને સ્કિલિંગ જેવા સેક્ટર્સમાં અસરકારક Strategy Develop કરવા સાથે યોજનાઓના સુદૃઢ અમલ પર ફોક્સ કરવામાં આવી રહ્યું છે."

**- ભુપેન્દ્ર પટેલ**

(મુખ્યમંત્રીશ્રી - ગુજરાત રાજ્ય)


જેમના શુભનામ સાથે કોલેજનું નામ સંકળાયેલું છે.
સ્વ. શ્રી રાવબહાદુર બાલશંકર ઉમિયાશંકર.
જન્મ: ઈ.સ.૧૮૭૫.
અવસાન: ઈ.સ.૧૯૫૨.


સ્વ. શ્રીમતી પદ્માબહેન હરિવદન ઠાકોર
જેમનું શુભ નામ "કોમર્સ કોલેજ ફોર વિમેન" સાથે સંકળાયેલું છે.


સ્વ.શ્રી.હરિવદન શ્રીપતરાય ઠાકોર
જેમનું શુભ નામ "કોમર્સ કોલેજ ફોર વિમેન" સાથે સંકળાયેલું છે

# Our...

## Vision

To provide the education that enables women to achieve all round development of their personality, to become self-reliant socially responsible citizens and to make their individual contribution to the local as well as global scenario.

## Mission Statement

Empowerment of women through education.

## Goals / Objectives

(1) To impart the knowledge and skills for competence in the modern world.

(2) To give woman access to training which enables them to be self supportive and economically independent.

(3) To develop the all round personality of the student.

(4) To provide value - based education to enable the students to make a meaningful contribution to society and the community.

(5) To create awareness of the contemporary issues and the rights and duties of every individual so as to make the students more assertive in the face of crisis or injustice.

# અમારા...

## દૃષ્ટિ :

બહેનોને એવું શિક્ષણ પૂરું પાડવું જે તેઓના સંપૂર્ણ વ્યક્તિત્વનો વિકાસ કરી, તેમને આત્મનિર્ભર અને સામાજિક રીતે જવાબદાર નાગરિક બનાવે તથા તેમને સ્થાનિક તથા વૈશ્વિક સ્તરે યોગદાન આપવા સમર્થ બનાવે.

## લક્ષ્ય :

શિક્ષણ દ્વારા સ્ત્રીઓનું સશક્તિકરણ

## ધ્યેયો / હેતુઓ :

(૧) આધુનિક જગત સાથે તાલ મિલાવવાનું સામર્થ્ય આપે તેવું જ્ઞાન અને કુશળતા કેળવવા.

(૨) બહેનોને એવી તાલીમની તક આપવી જે તેમને આત્મનિર્ભર બનાવે અને આર્થિક સ્વાતંત્ર્ય આપે.

(૩) વિદ્યાર્થીના સંપૂર્ણ વ્યક્તિત્વનો વિકાસ કરવો.

(૪) વિદ્યાર્થીઓને એવું મૂલ્યનિષ્ઠ શિક્ષણ પૂરું પાડવું જેનાથી તેઓ સમાજ તથા સમુદાયમાં અર્થસભર યોગદાન આપી શકે.

(૫) વિદ્યાર્થીને વર્તમાન સમયના પ્રશ્નો અંગેની જાણકારી તથા વ્યક્તિના અધિકારો અને ફરજો અંગેની સમજ આપવી, જેથી તેઓ કોઈ કટોકટી કે અન્યાયનો સામનો કરવા માટે સક્ષમ બની શકે.

# અવતરણ... (મુલાકાતીઓની કલમે)

- "'JAI HIND'. SLU Arts and H. & P. Thakore Commerce College for Women is doing excellent work towards empowering women through education. On this day of 15th August 2024 Independance day celebration college has organized events involving all girl students from various domains. College has very good social reforms & excellent expertise. Faculty for women welfare. I wish all the best to college for their efforts."

  Dt.: 15/08/2024 **- Minal Rohit**

  (Sci / Engr - SG; Head, EOPID / SEDA/SAC, ISRO. Ahmedabad)

- "Many Congratulations to CWDC & ICC of SLU Arts and H & P Thakore Commerce College for organizing Seminar on 'Struggle and Success' for the students. It was a very good experience & students participateid with enthusiasm."

  Dt.: 06/09/2024 **- Dr. Jyoti Pareek**

  (Chairperson - WDC & ICC; Professor & Head - Department of Computer Science, Gujarat University, Ahmedabad.)

- "I am deeply greatful for inviting me as a guest speaker for seminar on 'Struggle and Success'. I congratulate to CWDC & ICC of SLU Arts and H & P Thakore Commerce College for women for organizing such a wonderful seminar".

  Dt. : 06/09/2024 **- Dr. Prachi Motiyani**

  (Member Secretary - WDC & ICC; HOD (I/c) - School of Law, Gujarat University, Ahmedabad)

- " 'SLU College : Job fair-2024'-

  Here, the atmosphere is very comfortable and staff is very supportive. Students are very confidant and disciplined. We specially thank I/c Principal Shailajamam, placement committee members - Shri Payalben and all members who gave us this opportunity.

  "Thank to all with regards."

  Dt. : 03/10/2024 **- Foram Patel, & Khoda Bharvad**

  (HR - Innovsource Pvt. Ltd., Ahmedabad)

**- Kaushik Bodar**

(HR-Neutron Services, Ahmedabad)

**- Ajay Prakash Namdev**

**- Sajan Parmar**

(PRO - Anudip foundation for @ Social welfare, Ahmedabad)

**- Sarthi Patel**

(Talent Acquisition Specialist-ASENDUM's KPO Industry, Ahmedabad)

**- Amit Bhavsar**

(HR-Mas Callnet India Private Limited, Ahmedabad)

- "I came as a judge to this college for Garba organized under the Navratri mahotsav. I am glad for this opportunity and all students are really amazing."

  Dt. : 04/10/2024 **- Kanishka Rathwa**

  (Artist-Nritya Kala Kendra, Ahmedabad)

- "I came as a judge here and it was a very nice expierence. All the girls were very energetic".

  Dt. : 04/10/2024 **- Priya Biju**

  (Artist - Nritya Kala Kendra, Ahmedabad.)

- "It is a proud moment for us to visit this college that our grandmother has founded. We have always been inspired by the dedication of our grand parents and parents. We are very happy that the legacy of education and empowerment of girls continues here even after more than a century. Best wishes for the future".

  Dt. : 21/10/2024 **- Ajay Mehta**

  (Director - Technology / Digital Insights and Risk Management
  Phoenix, Arizona, USA)

  **- Dr. Mira Mehta**

  (Director of the Expanded Food and Nutrition Programme
  Dept. of Nutrition and Food Science, University of Maryland, USA)

  **- Dr.Purnima Mehta Bhatt**

  (Professor (Emeritus) - Dept of History,
  Anthropology and Interdisciplinary studies, Hood College, Maryland, USA)

  (**Note**: Grand children of Shri Shardaben Mehta, The Founder of SLU College)

- "Today, I am here for my research study and I felt very good in this college for my work. Co-ordination of Principalmam, staff and students were very good and they have a very helping nature and excited regarding my topics. They supported my efforts in my research work.
  Thanking you Ma'am!".
  Dt. : 18/01/2025 **- Rinku Patel**
  (Researcher - Sy MSc Nursing, Govt. Nursing College, Civil, Ahmedabad)
- "Lively interaction with the TYB.Com & TYBA students in a career counselling session. We wish they have wonderful careers ahead".
  Dt. : 22/01/2025 **- Vatsal Gandhi**
  (Center Head & Head - Sales & Marketing
  Panache' Academy, Ahmedabad)
- "Innovation Training Programme during 19-20 February, 2025 held in this college. The enviornment was nice. Principalmam, teachers were co-operative and helpful. Students were attentive and eager to take part in various Innovative aspects. Over all very nice college".
  Dt. : 20/01/2025 **- Yash Bhoskar**
  (Trainer - KCG Innovation Club, Ahmedabad)
- "'जय जगत'! आज दिनांक १२/८/२४ को College के NSS Orientation Programme में as a speaker का निमंत्रण मिला। १९२० में स्थापित हुई इस कॉलेज में आकर बड़ी प्रसन्नता हुई। सच में यहाँ मुझे महिला उच्चशिक्षा का इतिहास जानने का अवसर मिला। सोच मे पड़ गया कि १९२० मे महिलाए कितनी शक्तिशाली होगी! Women empowerment का यह live example है, गर्व महेसुस हुआ। NSS विभाग में अध्यापकों, स्वयं सेविका के रुप में छात्राओं और आचार्या का संकलन बहुत ही अच्छा दिखाई दिया। यह कॉलेज दिन-प्रतिदिन ओर प्रगति करे यही शुभभावना।".
  ता: १२/०८/२०२४ **- विनय त्रिवेदी**
  (केम्पस डायरेक्टर, प्रोजेक्ट कॉ-ऑर्डिनेटर-पर्यावरण स्वच्छता संस्थान, सुघड, गांधीनगर)
- "SLU કૉલેજમાં તા. ૨૪-૨૫ જુલાઈ, ૨૦૨૪ દરમિયાન Innovation Club ના નેજા હેઠળ Training યોજવામાં આવી. તાલિમ દરમિયાન કોલેજનું વાતાવરણ ખૂબ સારુ રહ્યું. અધ્યાપકો અને વિદ્યાર્થી-બહેનોનો ખૂબ સરસ સહકાર મળ્યો. તેઓ ટ્રેનીંગમાં મદદરૂપ પણ થયાં.
  તા. ૨૫/૦૭/૨૦૨૪ **- મહેતાબ પઠાણ**
  (Trainer - Innovation Club, KCG, Ahmedabad.)

- “આજરોજ કોલેજમાં ‘સપ્તધારા સંગમ: ૨૦૨૪’ હેઠળ મહેંદી સ્પર્ધા યોજાઈ, જેમાં નિર્ણાયક તરીકે હાજર રહેવાથી કોલેજની પ્રવૃત્તિઓની જાણકારી મળી. પ્રિન્સિપાલમેમ, સાંસ્કૃતિક સમિતિના સભ્યોને મળીને આનંદ થયો. વિદ્યાર્થિનીઓએ મહેંદી સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો. અમને અહીંથી ખૂબ સારો સહકાર મળ્યો. નિમંત્રણ આપવા બદલ આભાર.”

તા. ૩૧/૦૭/૨૦૨૪ **- ભાવિકા ચાવડા**

(મહેંદી નિષ્ણાત-કૃતિ બ્યૂટી પાર્લર, વેજલપુર, અમદાવાદ)

**- સોનલ પંચાલ**

(મહેંદી નિષ્ણાત-ભાગ્યશ્રી બ્યુટી કેર, રાણીપ, અમદાવાદ)

- “આજરોજ ‘રંગોળી સ્પર્ધા’ના નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહી. આ કૉલેજનું વાતાવરણ ખૂબ જ મોકળાશવાળુ છે. વિદ્યાર્થી-બહેનોને અહીં ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવે છે, જેથી તેમનો ઉત્સાહ જોવા મળે છે. કલાને વધારે કઈ રીતે વધુ સારી રીતે ખીલવી શકાય તેના સૂચનો પણ ખૂબ ધ્યાનપૂર્વક સાંભળે છે. કૉલેજ તેમજ સંચાલક મંડળનો ખૂબ આભાર.”

તા. ૦૧/૦૮/૨૦૨૪ **- ફોરમ પાઠક**

(રંગોળી નિષ્ણાત - ટેમ્પલ એવન્યુ, વાસણા, અમદાવાદ)

- “અહીં કૉલેજમાં આજે લલિતકલાના નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહીને ખૂબ જ આનંદની લાગણી અનુભવી. મહિલાઓ માટે અનુકૂળ અને ઉત્તમ વાતાવરણ છે. ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ, પોસ્ટર મેકિંગ, કાર્ટુનીંગ અને કૉલાજ-આ તમામમાં નિર્ણાયકની ભૂમિકા આનંદની સાથે દુવિધાપૂર્ણ રહી, કારણ કે સ્ટુડન્ટસે ખૂબ સરસ રીતે પોતાની કલા રજૂ કરી. મને આ મુઝવણનો આનંદ અનેરો છે. કલા-રસિક બહેનો ખૂબ પ્રગતિ કરતી રહે, Best wishes. મને નિમંત્રણ આપવા બદલ પ્રિન્સિપાલમેમ, અધ્યાપકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

  Thank you for inviting me and giving me this beautiful opportunity.”

તા. ૦૬/૦૮/૨૦૨૪ **- ભારવી ત્રિવેદી**

(લલિતકલા નિષ્ણાત, અમદાવાદ)

- “આજરોજ આ કૉલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શન હેઠળ ‘GPSC’ સંદર્ભમાં સ્ટુડન્ટસ્ સેમિનારનું આયોજન કરવામાં આવેલ જેમાં અમને as a Resource Person તરીકે ઉપસ્થિત રહ્યાનું ગૌરવ છે. કૉલેજનું શિસ્તવાળુ વાતાવરણ, આચાર્ય તથા શિક્ષકોના સહકારને લીધે સેમિનારમાં માહિતીનું આદાન-પ્રદાન પણ સારી રીતે થઈ શક્યું. સમાજને સબળ કરવામાં આ સંસ્થા / કૉલેજ ખૂબ ફાળો આપે છે, તે અનુભવ્યું. ખૂબ જ પ્રગતિ કરે તેવી શુભેચ્છા સાથે કૉલેજને બિરદાવીએ છીએ.”

તા. ૧૭/૦૮/૨૦૨૪ **- લખન ભાટીયા**

જનરલ મેનેજર

**- શૈલેશ હડીયા**
ફેકલ્ટી
**- સુજીત ઢાંકેચા**
પ્રોજેક્ટ મેનેજર
(WEB SANKUL. ગાંધીનગર)

- CWDC અને ICC ના નેજા હેઠળ આયોજિત 'પડકારોમાંથી પ્રગતિ' વિષયક Guest lecture માટે નિમંત્રણ મળતા ખૂબ આનંદિત થઈ ગઈ. પડકારોનો સામનો કરી, પ્રગતિને પંથે જેણે યાત્રા આરંભ કરી એવી વૈશ્વિક ઓળખ ધરાવતી સ્ત્રીઓની વાત મૂકવાની મને તક મળી. વળી, ઊર્જાસભર, કેળવાયેલી શિસ્તબધ્ધ વિદ્યાર્થિનીઓના ચમકતા ચહેરા એ મારા માટે સદાનું સંભારણુ બની રહેશે અને એનો રોમાંચ પણ ખરો જ !
  "આચાર્યા શૈલજાબહેનની શ્રધ્ધા અને હૂંફાળો હોંકારો એ આ મઝાના ઉપક્રમનું નિમિત્ત. સૌનો આભાર."
  તા. ૦૪/૦૯/૨૦૨૪ **- ડૉ. વૈશાલી ધોળકિયા**
  (ઍસોસિયેટ પ્રોફેસર અને અધ્યક્ષ - ગુજરાતી વિભાગ,
  એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ)
- "સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા 'બહુવિધ ક્ષેત્રે મહિલાઓની ભૂમિકા' વિશે આયોજિત સ્ટુડન્ટસ્ સેમિનારમાં મારા વ્યવસાયને ધ્યાનમાં લઈ 'કોર્પોરેટ ક્ષેત્રે મહિલાઓની ભૂમિકા' વિશે વક્તા તરીકે રજૂઆત કરવાની તક મળી. સ્વઅનુભવો વ્યક્તિને અને સમાજજીવનને સમજવામાં અને સમજાવવામાં પ્રેરણાસ્ત્રોત બની રહે છે જે વર્ષો પહેલા આ કૉલેજની સ્ટુડન્ટ હોવાને લીધે સાંભળેલું. આજે જાણે આ બાબત સાર્થક થતી અનુભવી રહી છું. અહીં આવી ખૂબ આનંદ થયો. શૈલજામેમનો વર્ષો પહેલાનો અને આજના જુસ્સામાં કોઈ તફાવત ન લાગ્યો. તેઓ શિસ્ત સાથે ભાવનાપ્રદ વાતાવરણ આજે પણ જાળવે છે. મને મારા અનુભવો રજૂ કરવાની તક આપવા બદલ આભાર. પુનઃ પુનઃ આવવાની ઈચ્છા થાય તેવું કૉલેજ કેમ્પસ. ગૌરાન્વિત છું."
  તા. ૦૯/૧૦/૨૦૨૪ **- વૈશાલી પટેલ**
  (Coo-Kavvan Developers Pvt.Ltd. Ahmedabad)
- "આજના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત સેમિનારમાં 'રમતગમત ક્ષેત્રે મહિલાઓની ભૂમિકા' વિશે વક્તા તરીકે ઉપસ્થિત રહી. જે કૉલેજ કેમ્પસમાંથી મારા વ્યક્તિગત રસ-રુચિનો ભાગ રમતગમતક્ષેત્ર બની રહ્યું હોય ત્યાં એ જ વિષય પર સ્વ અનુભવો થકી રજૂઆત કરવાની આવે એને મારું સદભાગ્ય ગણુ છું. મારા માટે આ અમૂલ્ય અનુભવ રહ્યો. શૈલજામેમનો ફોન આવ્યો, વક્તવ્ય વિષય આપ્યો એ સાથે જ વિદ્યાર્થી કાળના કોલેજ કેમ્પસના સંભારણા તાજા થયાં. શૈલજામેડમ, અમારી સજ્જતા, ક્ષમતા જાણે એટલે હકથી નિમંત્રે અને ખુશી અનુભવે. અહીં આવી ખૂબ આનંદ થયો. એસ.એલ.યુ. કોલેજ પ્રગતિ કરતી રહે...Best wishes."
  તા. ૦૯/૧૦/૨૦૨૪ **- ડૉ. સીમા તિરમીઝી**
  (આસિસ્ટન્ટ પ્રૉફેસર- ફિઝીકલ એજ્યુકેશન વિભાગ,
  શ્રીમતી સુશીલાબેન રમણિકલાલ મહેતા આર્ટ્સ કૉલેજ
  (નવગુજરાત), અમદાવાદ)

- “આજના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત સેમિનારમાં ‘સાંસ્કૃતિકક્ષેત્રે મહિલાઓની ભૂમિકા’ વિશે વક્તવ્ય આપવા આવવાનું થયું. કોલેજ કેમ્પસમાં શિક્ષણ તેમજ શિક્ષણ સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ થાય છે તેનાથી હું વાકેફ છું. પ્રવર્તમાન સમયમાં સમૂહ માધ્યમોનો પ્રભાવ સમાજજીવનમાં વધતો જાય છે. ખાસ કરીને ઈલેક્ટ્રોનિક મીડિયા તરફનો જુવાળ જોવા મળે છે, ત્યારે મારા વ્યવસાયિક અનુભવો રજૂ કરવાની તક આપવા બદલ શૈલજાબેન તથા વિભાગીય અધ્યાપકોનો આભાર માનું છું.”

  તા. ૦૯/૧૦/૨૦૨૪ **- હેતલ બારોટ**

  (Freelance Artist)

- “આજે સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત સેમિનારમાં વક્તા તરીકે નિમંત્રણ મળતા ઉપસ્થિત રહેવાનો ખૂબ જ આનંદ અનુભવું છું. ‘NCC ક્ષેત્રે મહિલાઓની ભૂમિકા’ વિશે સ્વ અનુભવો દ્વારા વક્તવ્ય આપવાની મને ખૂબ જ મજા આવી. શિક્ષણને અનુરૂપ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓની શિસ્ત તેમજ વિભાગીય આયોજન ખૂબ જ સરસ. ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજાબહેન ધ્રુવના સમાજ પ્રત્યે સમર્પણની ભાવનાથી હું ખૂબ જ વાકેફ છું. તેમના નેતૃત્વ હેઠળ કૉલેજ ખૂબ જ પ્રગતિ કરે છે અને કરતી રહેશે. એવી મને ખાતરી છે. ભવિષ્ય માટે કૉલેજની પ્રગતિની શુભેચ્છાઓ પાઠવું છું. જય હિન્દ.”

  તા. ૦૯/૧૦/૨૦૨૪ **- ઉષા તુષાર ભટ્ટ**

  (Sr. Girls cadet Instructor in NCC-1,
  Guj Grls Bn NCC, NCC Unit, Law garden, Ahmedabad)

- “એસ.એલ.યુ. કોલેજના NSS વિભાગ દ્વારા થેલેસેમિયા / સિકલ સેલ વિષયક જાગૃતિ કાર્યક્રમમાં ‘થેલેસેમિયાઃ તકેદારીના પગલાં’ વિશે વક્તવ્ય આપ્યું. NSS ની સ્વયં સેવિકા / વિદ્યાર્થી-બહેનોનો સમાજકાર્ય કરવાનો અભિગમ જોવા મળ્યો. NSS પ્રોગ્રામ ઓફિસર સોનલબેન મોદી તેમજ સમિતિના સભ્યોનો સહકાર મળ્યો. પ્રિન્સિપાલ મેડમની સંસ્થાગત તેમજ વિદ્યાર્થી-બહેનોની સમાજકાર્ય પ્રત્યેની ભાવનાયુક્ત માહિતી વક્તવ્યની રજૂઆતમાં મદદરૂપ નીવડી. આપ સૌનો આભાર.”

  તા. ૨૦/૦૧/૨૦૨૫ **- જયંતિભાઈ વાળંદ**

  (કેમ્પસ ઈનચાર્જ - ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી,
  ગુજરાત રાજ્ય શાખા-જૂના વાડજ, અમદાવાદ)

- “આજે કૉલેજમાં અમારા IBM Skills Build હેઠળના Building Technical Digital and Workplace Skills in Students વિશે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. અમને કૉલેજ તરફથી ખૂબ જ સપોર્ટ મળ્યો. સેમિનારનું આયોજન કરવા બદલ આભાર. ધન્યવાદ.”

  તા. ૨૪/૦૧/૨૦૨૫ **- રાકેશ પ્રજાપતિ**

  (Programme Co-ordinator-Bharat cares, Shela, Ahmedabad)

- "આજે સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા 'મહિલાઓના દરજ્જા સુધારણામાં મહિલાઓની ભૂમિકા' વિશેના Guest Lecture માં વક્તા તરીકે વિષયોચિત રજૂઆત કરવાની તક મળ્યાની ખુશી છે. વિદ્યાર્થિનીઓની ઉત્સાહજનક ભાગીદારી, વિભાગીય અધ્યાપકોની સક્રિયતા તેમજ પ્રિન્સિપાલશ્રીની વહીવટી આયોજનની શૈલી ખૂબ જ પ્રભાવશાળી જોવા મળી. મને નિમંત્રણ આપવા બદલ હું આભારી છું."

  તા. ૧૮/૦૨/૨૦૨૫ **- ડૉ. હેતલ ઠક્કર**

  (એસોસિયેટ પ્રૉફેસર - સમાજશાસ્ત્ર વિભાગ
  સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગર)

- "આજે સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત Guest Lecture માં 'મહિલાઓની સમસ્યા નિવારણમાં બિનસરકારી સંસ્થાઓની કામગીરી' વિશે મારા સંસ્થાગત વ્યવસાયિક અનુભવને આધારે માહિતી પ્રદાન કરવાની તક આપવા બદલ આભાર માનુ છું. કાર્યકારી પ્રિન્સિપાલ અને સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. શૈલજાબેન, તેમજ વિભાગીય અધ્યાપકો-ડૉ. સોનલબેન, હિનાબેનએ સુંદર આયોજન કર્યું. મને નિમંત્રણ આપવા બદલ આભાર."

  તા. ૧૮/૦૨/૨૦૨૫ **- સ્મિતા ચાવડા**

  (પ્રોજેક્ટ કૉ-ઑર્ડિનેટર - અખંડ જ્યોત ફાઉન્ડેશન, પાલડી, અમદાવાદ)

- "આજે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીના ભાગરૂપે એસ.એલ.યુ. કૉલેજના ગુજરાતી વિભાગ દ્વારા આયોજિત કવિ સંમેલનમાં મારી રચનાઓની પ્રસ્તુતિ કરવા નિમંત્રણ મળ્યું. સવારે ૮.૩૦ થી આવ્યા બાદ ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શૈલજાબેનના આદર સત્કાર અને કૉલેજના સુંદર માહોલથી અતિ આનંદ આવ્યો. પ્રા.ડૉ. વર્ષાબેન પ્રજાપતિએ પણ સુંદર સંચાલન કર્યું. સવાર સુંદર બની રહી. આભાર."

  તા. ૨૧/૦૨/૨૦૨૫ **- ગાયત્રી જે. ભટ્ટ**

  (કવયિત્રી)

- "માતૃભાષા દિવસ નિમિત્તે કવિ સંમેલનનું આયોજન એસ.એલ.યુ. કૉલેજના પરિસરમાં થયું. આયોજન, વ્યવસ્થા, આચાર્યશ્રીનો આદર સત્કાર, ડૉ. વર્ષાબેન તરફથી મળેલો સ્નેહભાવ... બધું જ સુંદર. ખૂબ આનંદ, યાદગાર અવસર રહ્યો. આભાર."

  તા. ૨૧/૦૨/૨૦૨૫ **- ડૉ. માર્ગી ડી. દોશી**

  (કવયિત્રી)

- "આજે વિશ્વ માતૃભાષા દિને યોજેલ કવિ સંમેલન કાર્યક્રમ માટે ગુજરાત સાહિત્ય અકાદમી અને SLU કૉલેજને ખૂબ ખૂબ અભિનંદન. આવા કાર્યક્રમો થતા રહે એ માટે શુભેચ્છા. યજમાનગીરી કાબિલે દાદ! આભાર."

  તા. ૨૧/૦૨/૨૦૨૫ **- પૂર્વી અપૂર્વ બ્રહ્મભટ્ટ**

  (કવયિત્રી)

- "આજરોજ સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત Guest Lecture માં 'શૈક્ષણિક સંસ્થામાં શારીરિક શિક્ષણની આવશ્યકતા' વિષય પર વક્તા તરીકે ઉપસ્થિત રહેવાનું નિમંત્રણ મળતા ખૂબ ખુશી થઈ. વિભાગીય આયોજન, વિદ્યાર્થી-બહેનોના ઉત્સાહમાં વર્ષોની પરંપરા જોવા મળી. ડૉ. સોનલબેનને મળીને આનંદ થયો. ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજામેમ વહીવટ સાથે પોતાના સમાજશાસ્ત્ર વિષયની વિભાગીય પ્રવૃત્તિઓ તરફ બરાબર ધ્યાન આપે છે, તેનો પ્રત્યક્ષ અનુભવ પણ થયો. આ કૉલેજના મારા વિદ્યાર્થી સમયમાં મેં તેમનો જે જુસ્સો જોયેલો તે આજે પણ એવો જ જોવા મળ્યો. શૈલજામેમ મારા પ્રેરણા સ્રોત રહ્યા છે. આજે મને મારા વિચારો રજૂ કરવાની તક આપી તે બદલ ખૂબ ખૂબ આભાર."

  તા. ૨૮/૦૨/૨૦૨૫ **- દેવલ હૃદય ભટ્ટ**

  (Vice Principal; નિયામક-શારીરિક શિક્ષણ વિભાગ, St. Ann's School, Gurukul, Ahmedabad)

- "આજે સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત Guest Lecture માં 'સંશોધનાત્મક અનુભવો' વિષય માટે વક્તા તરીકે ઉપસ્થિત રહેવાનું નિમંત્રણ મળ્યું. આ કૉલેજ / સંસ્થા સ્ત્રી-સશક્તિકરણ ક્ષેત્રે સમાજને અમૂલ્ય યોગદાન આપનાર એક સર્વોત્તમ સંસ્થા કહી શકાય. આ કૉલેજ / સંસ્થા હજુ પણ વિકાસના પંથે અગ્રેસર રહે તેવી શુભેચ્છા."

  તા. ૨૮/૦૨/૨૦૨૫ **- ડૉ. પંકજકુમાર સોલંકી**

  (પ્રિન્સિપાલ- ગુજરાત આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ)

- "કૉલેજના વાર્ષિક મેગેઝિન 'આરસી-A Mirror of this College, અંક-૧૯ના વિમોચન પ્રસંગે સંસ્થામાં ભાવનાસભર આવકાર મળ્યો. સંસ્થાની સમાજલક્ષી - શૈક્ષણિક અને સશક્તિકરણની વિવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર થયાનો આનંદ થયો. સંસ્થા વધુ આયામો રચે અને સર કરે, તે માટે હાર્દિક શુભેચ્છાઓ."

  તા. ૨૫/૦૪/૨૦૨૫ **- પ્રો.ડૉ. કૌશિક સી. રાવલ**

  (Adjunct Professor / Principal - Shri Parekh Law College, Mahuva, (Dist. Bhavnagar); પૂર્વ પ્રૉફેસર અને નિયામક - સ્કૂલ ઓફ લૉ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)

- "સ્ત્રી એટલે જનની. સ્ત્રી એટલે સર્જન કરનારી. આવી સ્ત્રીની કેળવણીનું સંગોપન કરતી સંસ્થા એટલે તીર્થભૂમિ. વિદ્યાભૂમિ. આ તપની ભૂમિમાં આજે હું આવીને ધન્ય બન્યો. આજે અત્રે CBPF અંતર્ગત પોઝિટીવીટી વિશે વિચારો રજૂ કર્યા. કાર્યકારી આચાર્ય શૈલજાબહેન ધ્રુવની નિસબત - સમર્પણ સ્પર્શી ગયાં. ચંદ્રિકાબહેન સહિતના હોદ્દેદારો મળ્યાં. અધ્યાપકોનો પ્રતિસાદ મને ગમ્યો. આજે અહીંથી નવી ઊર્જા લઈને જાઉં છું. આ સંસ્થા વિશે વિગતવાર લખીશ. કન્યા કેળવણી સ્વસ્થ સમાજની ગંગોત્રી છે."

  તા. ૨૮/૦૪/૨૦૨૫ **- રમેશ તન્ના**

  (જાણીતા લેખક, પત્રકાર, સમાજસુધારક)

# વાર્ષિક અહેવાલ: ૨૦૨૪-૨૦૨૫

★ **શૈક્ષણિક :**

લગભગ ૧૮૦૦ થી વધુ વિદ્યાર્થિનીઓની સંખ્યા ધરાવતી આ કૉલેજના પરિણામો પ્રતિવર્ષની જેમ ઉજ્જવળ રહ્યાં.

## પરિણામો (૨૦૨૩-૨૦૨૪)

| | % | % |
|---|---|---|
| **આર્ટ્સ :** | | |
| BA SEM-I & II | 79.50 | 83.24 |
| BA SEM-III & IV | 82.00 | 89.05 |
| BA SEM-V & VI | 92.59 | 68.38 |
| **કોમર્સ :** | | |
| B.COM-I & II | 81.53 | 90.17 |
| B.COM-III & IV | 76.19 | 90.76 |
| B.COM-V & VI | 85.76 | 64.35 |
| **M.Com :** | | |
| M.Com SEM-I & II | 91.07 | 83.86 |
| M.Com SEM-III & IV | 90.15 | 70.41 |

## કોલેજનું ગૌરવ

**Misbabanu Amdani :**



- બી.કૉમ. સેમેસ્ટર-V (83.47%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (BCom SEM-V) માં સાડત્રીસમાં* ક્રમે.

**Sanabanu Patel :**

- બી.કૉમ. સેમેસ્ટર-III (86.33%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (BCom SEM-III) તેરમાં* ક્રમે.



**Afeekhan Pathan :**



- બી.કૉમ. સેમેસ્ટર-III (86.33%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (BCom SEM-III) ચૌદમાં* ક્રમે.

**Janvi Dhranga :**

- બી.કૉમ. સેમેસ્ટર-II (89.00%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (BCom SEM-II) સાતમાં* ક્રમે



**Alisha Vohra :**



- બી.કૉમ. સેમેસ્ટર-II (86.16%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (BCom SEM-II) પિસ્તાલીસમાં* ક્રમે

**Saniyabanu Saiyed :**

- બી.કૉમ. સેમેસ્ટર-I (87.63%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (BCom SEM-I) પિસ્તાલીસમાં* ક્રમે



**Sifa Malek :**



- એમ.કૉમ. સેમેસ્ટર-III (74.29%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (MCom SEM-III) અઠયાવીસમાં* ક્રમે

**Tanzimbanu Shaikh :**

- એમ.કૉમ. સેમેસ્ટર-III (73.81%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (MCom SEM-III) ચોત્રીસમાં* ક્રમે



**Nisa Solanki :**



- એમ.કૉમ. સેમેસ્ટર-II (80.24%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (MCom SEM-II) ઓગણચાલીસમાં* ક્રમે
- એમ.કૉમ. સેમેસ્ટર-I (74.76%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (MCom SEM-I) ઓગણીસમાં* ક્રમે

**નોંધઃ * ગુજરાત યુનિવર્સિટીની B.Com & M.Comની પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં ૧ થી ૫૦માં ક્રમમાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થિનીઓ.**

## ● સહશૈક્ષણિક પ્રવૃત્તિઓઃ

### ★ Orientation Programme :

પ્રથમ સત્રમાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનાર BA તથા B.Com ની વિદ્યાર્થિનીઓને Orientation Programme અંતર્ગત ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે (વિભાગીય અધ્યક્ષ - આટ્‌ર્સ વિભાગ) સૌને આવકાર્યા અને કૉલેજ જીવનમાં પ્રવેશ મેળવવા માટે અભિનંદન આપી, એસ.એલ.યુ. કૉલેજનો ટૂંક પરિચય, વિષયાનુષંગિક અધ્યાપકોનો ટૂંક પરિચય, અભ્યાસલક્ષી બાબતો વિશે જાણકારી આપી. વધુમાં, ખંત, ધગશ તેમજ મહેનતથી શૈક્ષણિક તેમજ શિક્ષણ આનુષંગિક સિધ્ધીઓ પ્રાપ્ત કરી શકાય છે તે બાબત સદષ્ટાંત સમજાવી, આગંતુક વિદ્યાર્થિનીઓને ઉચ્ચશિક્ષણ માટેની શુભેચ્છાઓ પાઠવી.

ડૉ. રશ્મિ સોની (સ્ટુડન્ટ ઈનચાર્જ - આટ્‌ર્સ વિભાગ) તેમજ ડૉ. શીતલ રાઠોડ (વિભાગીય અધ્યક્ષ-કૉમર્સ વિભાગ) એ વિભાગીય વિદ્યાર્થિનીઓને Time-Table સહિત યથોચિત માહિતી પ્રદાન કરી.

### ★ Competence Building Programme for Faculty (CBPF):

તાઃ ૨૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ Competence Building Programme for Faculty અંતર્ગત **'સકારાત્મકતા : સમાજમાં અને જીવનમાં (Positivity: in Society and in Life)'** વિષયક Guest Lectureનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં એસ.એલ.યુ. કૉલેજના ઈનચાર્જ પ્રિન્સિપાલ Dr. Shailaja Madhukar Dhruva અને અધ્યાપકો : Shri Naravatsinh Rumalsinh Damor, Dr. Madhusudan Sudhir Mukerjee, Dr. Ghanshyam Mohanbhai Anjara, Shri Hina Chaturbhai Patel, Dr. Rashmi Jhamandas Soni, Shri Prajapati Nayana Gangarambhai, Dr. Nita Khemachandbhai Patel, Dr. Harshad Maganlal Brahmbhatt, Dr. Nisha Hiralal Joshi, Dr. Archana Girish Pandya, Dr. Kotval Ravjibhai Kanjibhai, Dr. Mukeshkumar Bhupatbhai Baraiya, Dr. Varsha Lakshmandas Prajapati, Dr. Shital Bahadursinh Rathod, Dr. Ketan Jayantilal Mehta,Dr. Sonal Vinodchandra Modi, Dr. Shweta Virendrasinh Zala, Dr. Ashaben Parsottambhai Rathva, Dr. Kandarp Dilipbhai Chavda, Dr. Sanjaykumar Girishbhai Raval; ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના માનદ્‌મંત્રી Dr. Chandrika Raval, એસ.એમ.એન.કે. દલાલ એજ્યુકેશન કૉલેજ ફોર વિમેનના ઈનચાર્જ પ્રિન્સિપાલ Dr. Deepika D. Rathod તથા અધ્યાપકો : Dr. Sunanda S. Christi, Dr. Keval R. Andharia, Dr. Sandip S. Boricha, Dr. Jalpa H. Gajjar, Dr. Chetan S. Patel ઉપસ્થિત રહ્યાં.

**મુખ્ય વક્તા શ્રી રમેશ તન્ના** (જાણીતા લેખક, પત્રકાર, સમાજ સુધારક) એ વિષયોચિત મનનીય, સ્વાનુભવિક, અનેકવિધ સદ્દષ્ટાંતથી સભર પ્રેરણાદાયી વક્તવ્ય આપતા જણાવ્યું કે, "પોઝિટિવીટીથી મન પ્રસન્ન રહે છે, વિજ્ઞાને પણ સાબિત કર્યું છે કે પોઝિટિવીટીથી આપણા હોર્મન્સ આનંદની દિશામાં નિયંત્રિત કરી શકાય છે. અરે ! અસાધ્ય બિમારીઓ પણ મટાડી શકાય છે. પ્રવર્તમાન સમયમાં ચોમેર તાણ-તંગદિલી-મુંઝવણ-ચિંતા જેવા નકારાત્મકતાથી ભરપૂર વાતાવરણના આક્રમણથી કંટાળેલા લોકો હવે પોઝિટિવીટી તરફ જવા ઉત્સુક બન્યા છે. જેમાં શિક્ષણજગત સાથે સંકળાયેલા તમામ-વિદ્યાર્થીઓ; શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ; સરકારી અને ખાનગી શૈક્ષણિકક્ષેત્ર અંતર્ગતના સંચાલક મંડળથી વિવિધ વિભાગમાં કાર્યરત હોદ્દેદારો અને કર્મચારીઓ વગેરે વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે. મતલબ કે શિક્ષણના તમામ સ્તરમાં કાર્યરત વ્યક્તિઓ પણ હતાશા-નિરાશામાં અગમ્ય કારણસર ગરકાવ થતા જોવા મળે છે. તેઓ પણ સકારાત્મકતાને પ્રાધાન્ય આપવા તરફ વળતા જાય છે. આમેય દરેક વ્યક્તિ સુંદર-સફળ-સાર્થક અને શાંતિમય જીવન જીવવા જ ઈચ્છતી હોય છે ને! જો એવું વાતાવરણ મળે તો તેનો તરત સ્વીકાર થાય જ છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ આગલી હરોળની નોંધપાત્ર સંસ્થા છે તેનાથી હું વાકેફ છું. સંસ્થાના પૂર્વપ્રમુખશ્રી વસુબહેનનું સ્મરણ ના થાય તેવું તો બને જ નહીં. સંસ્થાના નેજા હેઠળની એસ.એલ.યુ. કૉલેજના CBPF અંતર્ગત આયોજિત Guest Lecture માં વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાંનું મને ગૌરવ છે. ઉચ્ચતમ આતિથ્ય સત્કાર અને ભાવનાપ્રદ પારિવારિક વાતાવરણ હોય ત્યાં સકારાત્મકતાની રજૂઆત કરવાની અનુભૂતિ જ નિરાલી હોય! સૌને મળીને, વૈચારિક આદાન-પ્રદાન કરીને ખૂબ ધન્યતા, અનુભવી. કૉલેજના ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજાબહેન ધ્રુવના આમંત્રણથી વિરાસતરૂપ સંસ્થા સાથે અનુબંધ થયો તેનો આનંદ છે. જરૂર પડે યાદ-સાદ કરજો, અવશ્ય હાજર થઈશ. 'સાદ'ના 'નાદ'ની શ્રધ્ધા સાથે પુનઃસૌનો આભાર."

વક્તવ્ય બાદ પ્રશ્નોત્તરીના માધ્યમથી અધ્યાપકોએ વૈચારિક આદાન-પ્રદાન કરી, સવિશેષ માહિતી મેળવી. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. શૈલજા ધ્રુવે કર્યું.

**નોંધઃ** શ્રી રમેશ તન્નાએ સ્વલિખિત, સકારાત્મકતાને ઉજાગર કરતા દસ પુસ્તકોનો સંપુટ એસ.એલ.યુ. કૉલેજ પુસ્તકાલયને ભેટરૂપે સુપ્રત કર્યો.

પુસ્તકોઃ સમાજનું અજવાળું, સમાજની સુગંધ, સમાજની સંવેદના, સમાજની કરૂણા, સમાજની નિસબત, સમાજની સુંદરતા, સમાજની સારપ, સમાજની મિત્રતા, સમાજની શ્રધ્ધા, સમાજનો છાંયડો.

## ★ Remedial Coaching for SC / ST / OBC and Minorities:

વર્ષ ૨૦૨૪-૨૦૨૫ દરમિયાન Business Law, Taxation વિષયક વિવિધ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું. જેનો લાભ બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ લીધો.

## ★ Career and Counselling Cell / UDISHA (Universal Development of Integrated employability Skills through Higher Education Agencies) :

વર્ષ દરમિયાન સેમિનાર, વ્યાખ્યાન તથા Campus Awareness Programmeનું આયોજન કરવામાં આવ્યું.

- તા. ૧૭ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ડૉ. શીતલ રાઠોડ, ડૉ. કંદર્પ ચાવડાની નિશ્રામા BA & BComની વિદ્યાર્થિનીઓ માટે WEB SANKUL Acadamy - ગાંધીનગરના સહયોગથી 'GPSC Preparation' સ્પર્ધાત્મક પરીક્ષાના સંદર્ભમાં સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રી લખન ભાટીયા (જનરલ મેનેજર) શ્રી શૈલેશ હડીયા (ફેકલ્ટી) તથા શ્રી સુજીત ઢાંકેચા (પ્રોજેક્ટ મેનેજર) ઉપસ્થિત રહી, વિષયોચિત માહિતી પ્રદાન કરી. પ્રશ્નોતરીના માધ્યમથી વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી મેળવી.

- તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ડૉ. રશ્મિ સોની તથા ડૉ. શીતલ રાઠોડની નિશ્રામાં વિદ્યાર્થિનીઓ માટે Panache' Academy, Ahmedabadના સહયોગથી, Career in Aviation, Hotel and Tourism Management વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. Shri Vatsal Gandhi (Center Head & Head-Sales & Marketing) એ વિદ્યાર્થિનીઓને વિષયોચિત માહિતી પ્રદાન કરી. પ્રશ્નોતરી દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી મેળવી.

## ★ IQAC (Internal Quality Assurance Cell):

Our IQAC Co-ordinator - Dr. Rashmi Soni and Co-coordinator - Dr. Mukeshkumar Baraiya have been active in involving all the stakeholders of the college to contribute in our strive for excellence and efforts for constant improvement.

**Note :** Dr. Kandarp Chavda also actively assisted throughout the year.

## ★ Fashion Design Diploma Course:

**કૉ-ઑર્ડિનેટર શ્રી અનારબહેન પરીખ**ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ Multi Media દ્વારા વૈજ્ઞાનિક ઢબે અભ્યાસક્રમ મુજબ તાલીમબધ્ધ શિક્ષણ મેળવ્યું.

શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪- ૨૦૨૫માં વિદ્યાર્થિનીઓએ Semester System...

- Semester-I : July to November

- Semester-II : December to April... અંતર્ગત આયોજિત અભ્યાસક્રમ અનુસાર શિક્ષણ મેળવ્યું.

**Projects :**

વર્ષ દરમિયાન બન્ને semester માં 'Designing Kurti' અંતર્ગત પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ આનુષંગિક નવતર પ્રયોગ દ્વારા વિવિધ પ્રકારની Kurti તૈયાર કરી. તદ્ઉપરાંત તેમાં સવિશેષ વિવિધતા કરવા અંગેનું માર્ગદર્શન અનારબહેન દ્વારા મેળવ્યું. માહિતીના આદાન પ્રદાન દ્વારા વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર બન્ને Semestersના Project સફળતાપૂર્વક સંપન્ન કર્યા.

**Short Videos:**

વર્ષ દરમિયાન (both Semesters) વિદ્યાર્થિનીઓને Positive thinking નિર્દેશીત કરતા શ્રી સંદીપ મહેશ્વરીના short videos બતાવવામાં આવ્યાં. Videos નિહાળ્યા બાદ શ્રી અનાર પરીખે વિદ્યાર્થિનીઓને તેમાં નિર્દેશીત પ્રસંગોને ટાંકીને કારકિર્દીલક્ષી પ્રોત્સાહક માહિતી પ્રદાન કરી.

**Educational Visit:**

તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ વિદ્યાર્થિનીઓએ શ્રી અનારબહેન પરીખની નિશ્રામાં વસ્ત્ર-કલાના પ્રયોગાત્મક જ્ઞાન મેળવવાના હેતુથી અમદાવાદના વસ્ત્રાપુરમાં cratroots દ્વારા આયોજિત પ્રદર્શનની શૈક્ષણિક મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ એવોર્ડ પ્રાપ્ત કરનાર વિજેતાઓએ પ્રદર્શિત કરેલ કલાત્મક વસ્ત્રો-જેવો કે Patachitra from Orrisa, Madhubani art from Bihar, Kalamkari art from Andhrapradesh, Chinkari work from Lucknow, Katha work from West Bengal વગેરે વિશે જ્ઞાનવર્ધક માહિતી મેળવી. તદ્ઉપરાંત Live demonstration of weaving on handloom ને પણ નિહાળી, પ્રશ્નોતરી દ્વારા સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

★ **AISHE (All India Survey on Higher Education - ઓલ ઈન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન) ડૉ. મુકેશકુમાર બારૈયા AISHEના નોડલ ઓફિસર તરીકે કાર્યભાર સંભાળે છે.**

સમગ્ર ભારત દેશમાં ઉચ્ચશિક્ષણનું સ્તર અને સ્થિતિની જાણકારી માટે ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ-૨૦૧૦-'૧૧માં AISHE ની શરૂઆત કરવામાં આવી. આ Online Based Survey માં સમગ્ર દેશની ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવે છે. આ સર્વેમાં અધ્યાપકો, વિદ્યાર્થીઓ, અધ્યાપક-વિદ્યાર્થી પ્રમાણ, અભ્યાસક્રમો, પરિણામો, આર્થિક ભંડોળના સ્રોત, શિષ્યવૃત્તિ, વાર્ષિક હિસાબો, બૌધિક સાધન સગવડો, વિદ્યાર્થીઓનું લિંગ અને સામાજિક સ્તરનું પ્રમાણ વગેરે જેવા પાસાઓ આધારિત માહિતી મેળવવામાં આવે છે.

આ સર્વે દ્વારા મેળવેલી માહિતી સરકાર અથવા દેશ-વિદેશની કોઈપણ વ્યક્તિ ઓન લાઈન મેળવી શકે છે. તેનો ઉપયોગ રાજ્ય સરકારો અને ભારત સરકાર શિક્ષણની નવી યોજનાઓ તૈયાર કરવામાં પણ કરે છે. આ ઉપરાંત દેશ વિદેશના કોઈપણ વિદ્યાર્થી તેની પસંદગીનો વિષય અને અધ્યાપક કઈ

સંસ્થામાં છે, તેની જાણકારી મેળવીને પ્રવેશ મેળવીને, અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમથી અભ્યાસ કરી શકે છે.

## ★ Skill Development:

વિદ્યાર્થિનીઓ માટે Skill Development અંતર્ગત માહિતી પ્રદાન કરી, સમય-સંજોગો મુજબ વ્યક્તિત્વ વિકાસના સહાયક કાર્યક્રમો યોજાયા.

તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ડૉ. રશ્મિ સોની તથા ડૉ. શીતલ રાઠોડની નિશ્રામાં વિદ્યાર્થિનીઓ માટે Bharat Caresના સહયોગથી 'Skill Development and Women Empowerment' વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રી રાકેશ પ્રજાપતિ (પ્રોગ્રામ કૉ-ઑર્ડિનેટર) તેમજ શ્રી તુષાર શર્મા (મેનેજર) ઉપસ્થિત રહ્યાં. શ્રી તુષાર શર્માએ વિષયોચિત માહિતી પ્રદાન કરી. વિદ્યાર્થિનીઓએ વૈચારિક આદાન-પ્રદાન દ્વારા સવિશેષ માહિતી મેળવી.

## ★ Innovation Club:

**SLU: Innovation Clubના કૉ-ઑર્ડિનેટર તરીકે ડૉ. મુકેશકુમાર બારૈયા તથા કૉ-કૉઑર્ડિનેટર તરીકે ડૉ. શ્વેતા ઝાલા કાર્યભાર સંભાળે છે.**

Government of Gujarat Commissionerate of Higher Education દ્વારા Innovation Clubની સ્થાપના કરવામાં આવેલ છે.

**સ્થાપના હેતુ:** ગુજરાત રાજ્યના નોન-ટેક્નિકલ અભ્યાસક્રમો જેવા કે, આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ ઈનોવેશન કરી શકે તેવા ઉમદા હેતુથી સમગ્ર ગુજરાત રાજ્યની સરકારી, બિન-સરકારી અનુદાનિત કૉલેજો અને ગ્રામ વિદ્યાપીઠોમાં ઈનોવેશન કલબ (Innovation Club) ની સ્થાપના કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજ્યના વિદ્યાર્થીનીઓને સર્જનાત્મક વિચારો માટે પ્રોત્સાહિત કરી, સ્ટાર્ટઅપ (Start-up) માટે તૈયાર કરવામાં આવશે.

**નોંધ:** ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે ઈનોવેશન અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે શિક્ષણ વિભાગ-ગુજરાત સરકાર દ્વારા અમૃત નવસર્જન ઈનોવેશન પ્લેટફોર્મ શરૂ કરવામાં આવેલ છે.

=> વર્ષ દરમિયાન Innovation Clubના Co-Ordinator Dr. Mukeshkumar Baraiya તથા Co-coordinator Dr. Shweta Zalaના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ ખાસ કરીને મોશન બ્લોક્સ, લુક્સ બ્લોક્સ, સાઉન્ડ બ્લોક્સ, ઈવેન્ટ્સ બ્લોક્સ, કંટ્રોલ બ્લોક્સ, સેન્સિંગ બ્લોક્સ, ઓપરેટર્સ બ્લોક્સ, વેરિયેબલ બોક્સ સહિત વિવિધ બ્લોક, પ્રોગ્રામિંગની મૂળભૂત વિશે યથાયોગ્ય સાધનાત્મક બાબતોનો ઉપયોગ કરી, તાલીમ મેળવી.

=> વર્ષ દરમિયાન કૉલેજ કેમ્પસમાં ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના નેજા હેઠળ Amrut Navsarjan Training અંતર્ગત Prabodh Level Training (DIY-Do It Yourself - Learning Kits Training) PHASE-I and PHASE-IIનું આયોજન કરવામાં આવ્યું.

Trainingsના આયોજનમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ તેમજ ડૉ. મુકેશકુમાર બારૈયા (કૉ-ઑર્ડિનેટર) અને ડૉ. શ્વેતા ઝાલા (કૉ-કૉઑર્ડિનેટર)એ સક્રિય ભૂમિકા ભજવી.

બન્ને Trainingના પ્રારંભમાં કૉલેજના ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ ઉપસ્થિત રહી, Trainingના Master Trainerનો ટૂંક પરિચય સહ્ તાલીમ લેનાર વિદ્યાર્થિનીઓને ઈનોવેશન માટે પ્રોત્સાહક ઉદબોધન કર્યું.

ડૉ. મુકેશકુમાર બારૈયા તથા ડૉ. શ્વેતા ઝાલાની નિશ્રામાં...

- તા. ૨૪-૨૫ જુલાઈ, ૨૦૨૪ દરમિયાન DIY-Learning Kits Training Phase-Iનું આયોજન અને અમલીકરણ થયું. Trainingના Master trainer શ્રી મહેતાબ પઠાણના માર્ગદર્શન હેઠળ બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ તાલીમ લીધી.

- તા. ૧૯-૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન DIY-Learning Kits Training Phase-IIનું આયોજન અને અમલીકરણ થયું. Trainingના Master trainer Shri Yash Bhoskarના માર્ગદર્શન હેઠળ બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ તાલીમ લીધી.

ઉપર્યુક્ત Phase-I & Phase-IIના Master Trainers એ વિદ્યાર્થિનીઓને ઈલેક્ટ્રોનિક કીટ, મિકેનિકલ કીટ, ડ્રોન કીટ, ગ્લોબકીટ, એડવાન્સ સાયન્સ કીટ, ટેલિસ્કોપ કીટ, માઈક્રોસ્કોપ કીટ તેમજ એનર્જી કન્ઝર્વેશનકીટ વિશે ડેમોન્સ્ટ્રેશન દ્વારા રસપ્રદ માહિતી પ્રદાન કરી, તાલીમ આપી. તાલીમાર્થી વિદ્યાર્થિનીઓએ પ્રાયોગિક રીતે સ્વ-અનુભવ દ્વારા જ્ઞાન-સંપાદન કર્યું.

તાલીમાર્થી વિદ્યાર્થિનીઓએ સંયુક્ત પ્રતિભાવ આપતા જણાવ્યું કે, ‘‘શિક્ષણ સાથે આવી વ્યવહારુ તાલીમ લીધાની અમને ખૂબ ખુશી છે. વળી, કૉલેજ કેમ્પસમાં યોજાય છે, આથી અમને વધુ સાનુકુળ રહે છે. મુકેશસર અને શ્વેતામેમ પણ અમારી બૌધ્ધિકક્ષમતાને ધ્યાનમાં રાખી, સહકાર-સહયોગથી અમારા વ્યક્તિત્વ પાસાને અનુરૂપ માર્ગદર્શન પુરુ પાડે છે.’’

માહિતીના આદાન-પ્રદાન દ્વારા બન્ને Training જ્ઞાનવર્ધક બાબતો સાથે સફળતાપૂર્વક સંપન્ન થઈ.

## ★ Climate Change :

**SLU: Climate Change Programme ના કૉ-ઑર્ડિનેટર તરીકે ડૉ. શ્વેતા ઝાલા કાર્યભાર સંભાળે છે.**

**Note :** As part of Gujarat’s proactive approach, in 2009, the Government of Gujarat forms a new Department of Climate Change.

The Climate Change Department acts as a bridge within the Government, and between the Government and the Society to address Climate Change.

વર્ષ દરમિયાન Climate Change સંબંધિત Group Discussiion દ્વારા વૈચારિક આદાનપ્રદાન કરવામાં આવ્યાં.

- તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ અમદાવાદ સ્થિત Pariyavaran Mitra દ્વારા આયોજિત 'Climate Catalyst Summit 2024 : The Youth Assembly' વિષયક Youth Conclaveનું આયોજન કરવામાં આવ્યું. આ Youth Conclave માટે ડૉ. શ્વેતા ઝાલા (કૉ-ઑર્ડિનેટર) તથા ડૉ. શીતલ રાઠોડ (મદદનીશ) ના માર્ગદર્શન હેઠળ કૉલેજની વિદ્યાર્થિનીઓની બે team (Par team four Student) તૈયાર કરવામાં આવી, તેમજ બન્ને team ને વિષયોચિત સતત માર્ગદર્શન સહ તાલીમ આપી, પ્રોત્સાહન પુરુ પાડવામાં આવ્યું.

Team-1 : Janvi Dharanga, Divya Purabiya, Nandini Rathod and Asha Borana એ 'Menace of Plastic use - a way forward for sustainability' વિષય અંતર્ગત Presentation કર્યું.

Team-2 : Asma Khandewala, Sangita Patel, Daniya Shaikh and Shahjahan Momin એ 'Climate Change and Challenges of Sustainability' વિષય અંતર્ગત Presentation કર્યું.

**Note :**

- Participation of students was highly appreciated by the panel of acclained experts.
- Paryavaran Mitra, Thaltej, Ahmedabad: It is a Gujarat-based non-profit organization working on Socio-environmental issues since 1997. It's Green Catalyst Programme is a leadership programme that focuses on Sustainability. Objective of the programme is to prepare change agents (Green Catalyst), who will spread awareness and sensitize other youth and community.

- તા. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ડૉ. શ્વેતા ઝાલાની નિશ્રામાં કૉલેજમાં 'Impact of Climate Change on human civilisation' વિષયક Group Discussionનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ, વિષયોચિત પોતાના વિચારો રજૂ કર્યા.

## ★ SCOPE (Society for Creation of Opportunity through Proficiency in English):

**SLU: SCOPE Programmeના કૉ-ઑર્ડિનેટર તરીકે ડૉ. રશ્મિ સોની કાર્યભાર સંભાળે છે. શ્રી પાયલ શાહ સહાયક ભૂમિકા ભજવે છે.**

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યના નેજા હેઠળ વિદ્યાર્થિનીઓના અંગ્રેજી ભાષા પરના મહાવરાને સદૃઢ બનાવવાના હેતુથી આયોજિત SCOPE ની Employment Scheme કૉલેજની વિદ્યાર્થિનીઓ માટે ઉપલબ્ધ છે.

## ★ Job Placement:

**SLU: Job Placementના નોડલ ઓફિસર તરીકે ડૉ. કેતન મહેતા તથા મદદનીશ તરીકે શ્રી પાયલ શાહ કાર્યભાર સંભાળે છે.**

**નોંધ :** ગુજરાત સરકાર-ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા KCGના માધ્યમથી 'ઉદ્યોગ સાહસિક્તા'ને પ્રોત્સાહન આપવામાં આવે છે.

| => No. | Student's Name | Post | Company |
|---|---|---|---|
| • | Dipali Panchal | Sales Officer | HDB Finance Service Ltd. Office No. 104, First Floor Prerna Arcade Opp. Doctor House Parimal Cross Road, Above DCB Bank, Ahmedabad - 380006. |
| • | Ami Parekh | Senior Telecalling Officer | Vrushakruti Corspace, Shyamal Cross Road, Opp. Westside Balgayatri Society Part-2, Satelite, Ayojan Nagar, Ahmedabad - 380015. |
| • | Zahin Shaikh | Junior Accountant | Usds & Associates Chartered Accountants 204, Samir Complex, Below Sankalp Hotel, Beside President Hotel, C.G. Road, Ahmedabad - 380009. |
| • | Pushpa Parmar | Senior Telecalling Officer | Vrushakruti Corspace Shyamal Cross Road, Opp. Westside, Balgayatri Society Part-2, Satelite, Ayojan Nagar, Ahmedabad - 380015. |
| • | Bhumika Solanki | Senior Telecalling Officer | Vrushakruti Corspace Shyamal Cross Road, Opp. Westside, Balgayatri Society Part-2, Satelite, Ayojan Nagar, Ahmedabad - 380015. |
| • | Mhenaaz Shaikh | Tele Marketing Officer | HDB Finance Service Ltd. House No. 5272/1, 2nd Floor, Ideal House, Relief Road, Ahmedabad - 380001. |

| | | |
|---|---|---|
| ● Sonam Chamar | Senior Telecalling Officer | Vrushakruti Corspace<br>Shyamal Cross Road, Opp. Westside,<br>Balgayatri Society Part-2, Satelite,<br>Ayojan Nagar,<br>Ahmedabad - 380015. |
| ● Roshaniben Solanki | Senior Telecalling Officer | Vrushakruti Corspace<br>Shyamal Cross Road, Opp. Westside,<br>Balgayatri Society Part-2, Satelite,<br>Ayojan Nagar,<br>Ahmedabad - 380015. |
| ● Jafrin Mansuri | Senior Telecalling Officer | Justdial Ltd.<br>No. 19, Justdial Tower, Inquilab Society,<br>Opp. Sears Tower, Gulbai Tekra,<br>Ambavadi,<br>Ahmedabad - 380006. |
| ● Jasmin Ajmeri | Sales Officer | HDB Finance Service Ltd.<br>Office No. 104, First Floor Prerna<br>Arcade Opp. Doctor House Parimal<br>Cross Road, Above DCB Bank,<br>Ahmedabad - 380006. |
| ● Nazneen Shaikh | Senior Telecalling Officer | Justdial Ltd.<br>Panchvati Petrol Pump,<br>Near Panchvati Circle,<br>Opp. Kotak Bank, Navrangpura,<br>Ahmedabad-380009. |
| ● Mansi Jogel | Senior Telecalling Officer | Vrushakruti Corspace<br>Shyamal Cross Road, Opp. Westside,<br>Balgayatri Society Part-2, Satelite,<br>Ayojan Nagar,<br>Ahmedabad - 380015. |
| ● Bhumika Rana | Collection Officer | Vrushakruti Corspace<br>Shyamal Cross Road, Opp. Westside,<br>Balgayatri Society Part-2, Satelite,<br>Ayojan Nagar,<br>Ahmedabad - 380015. |
| ● Nishita Manjarli | Quality Officer | Vrushakruti Corspace<br>Shyamal Cross Road, Opp. Westside,<br>Balgayatri Society Part-2, Satelite,<br>Ayojan Nagar,<br>Ahmedabad - 380015. |
| ● Sanabanu Shaikh | Senior Telecalling Officer | HDB Finance Service Ltd.<br>Office A-201, 2nd Floor,<br>Shilp Square-A, Drive In Road,<br>ICICI Bank, Opp. Himalya Mall<br>Commercial Building Big Bazar,<br>Vastrapur, Ahmedabad - 380052. |

**=> એલ.એલ.યુ. કૉલેજના યજમાન પદે Job Placement Fair / Drive: 2024**

તા. ૩ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ એસ.એલ.યુ. આટ્ર્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કૉમર્સ કૉલેજ ફોર વિમેનના યજમાનપદે Job Placement Fair / Drive: 2024નું આયોજન કરવામાં આવ્યું.

JPF/Driveના આયોજનમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, Job Placementના નોડલ ઓફિસર / કૉ-ઑર્ડિનેટર ડૉ. કેતન મહેતા તેમજ શ્રી પાયલ શાહ (મદદનીશ)એ સક્રિય ભૂમિકા ભજવી.

JPF / Drive...

- Anudip Foundation - HDB Finance
- Innovsource Pvt. Ltd.
- Mas Callnet India Private Limited
- KPO Industry (ASCENDUM)
- Neutron Services

... કંપનીઓના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો. M.Com, B.Com તેમજ BAની (Final Yearમાં અભ્યાસ કરતી) વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર રસરુચિ મુજબ કંપનીના પ્રતિનિધિઓ સાથે વૈચારિક આદાન-પ્રદાન કરી, રોજગારલક્ષી દિશાસૂચક માર્ગદર્શન મેળવ્યું.

એસ.એલ.યુ. કોલેજ પરિવારજનો તેમજ સંચાલક મંડળની શુભેચ્છાઓ સહ્ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.

## ❑ ડૉ. કેતન મહેતા તથા શ્રી પાયલ શાહ :

તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં IBS-ICFAI Business School દ્વારા આયોજિત "Developing Students through meaningful internships and projects : Role of teachers' વિષયક Gujarat TPO (Training Placement Officers) Meet-2024માં સહભાગી થયાં.

## ★ ICTC (Institute of Computer Technology and Career) :

**શ્રી પાયલ શાહ (મેનેજિંગ ડાયરેક્ટર)ના નેતૃત્વ** હેઠળ વિદ્યાર્થિનીઓ કમ્પ્યૂટર ટેકનોલોજી તથા કારકિર્દીલક્ષી માર્ગદર્શન મેળવે છે.

વર્ષ દરમિયાન વિદ્યાર્થિનીઓને CCC; Tally with GST (Goods & Service Tax); ITI (Industrial Training Institute) જેવા રોજગારલક્ષી કૉર્ષની તાલીમ આપવામાં આવે છે. તદ્ઉપરાંત Computer સંબંધિત રોજગારલક્ષી Skill Development કોર્સિસ અંતર્ગત તાલીમ પણ આપવામાં આવે છે. જેનો બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ રસરુચિ મુજબ લાભ લે છે.

=> તા. ૨૭-૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન શ્રી પાયલ શાહની નિશ્રામાં B.COM-SEM-VI તથા M.COM-SEM-IVની વિદ્યાર્થિનીઓએ TCTC દ્વારા Tally Education Private Limited (TEPL)ના નેજા હેઠળ આયોજિત 4th TCAT (Tally Commerce Aptitude Test): 2024-2025 માં બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો.

**Note** : All India Tally Commerce Aptitude Test (TCAT) is an MCQ-based Online Test Conducted by Tally Education for School and College Students to assess their competencies in accounting and commerce.

=> ઓક્ટોબર થી ડિસેમ્બર ૨૦૨૪; દરમિયાન ICTC ના નેજા હેઠળ Anudip Foundation for Social Welfare ના Anudip Foundation Skill and Career Development Centreના સહયોગથી HDB Financial Servicesના સંકલન દ્વારા 'Certificate in Customer Sales and Service' વિષયક Training (136 hours)નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૫૦ થી વધુ વિદ્યાર્થિનીઓએ તાલીમ લીધી.

=> ડિસેમ્બર, ૨૦૨૪ થી માર્ચ, ૨૦૨૫ દરમિયાન ICTCના નેજા હેઠળ PMKVY (Pradhan Matri Kaushal Vikas Yojana) ના RPL (Recognition of Prior Learning) અંતર્ગત Food Server - Road Side eateries (રસ્તા પરના ખાણી-પીણીના વ્યવસાય માટે) Training (પાંચ દિવસ કુલ ૨૦ કલાક, રોજના ૪ કલાક)નું આયોજન કરવામાં આવ્યું. જેમા બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ નિઃશુલ્ક તાલીમ લીધી.

**નોંધ :** તાલીમાર્થીઓને FSSAI (Food Safety and Standards Authority of India)નું પ્રમાણપત્ર આપવામાં આવ્યું.

FSSAI is a statutory body under the administration of the Ministry of Health and Family Welfare, Government of India.

★ સ્વ. ડૉ. હરિણી રામિલ દીવાનજી મેમોરિયલ ફાઉન્ડેશન તરફથી જરૂરિયાતમંદ વિદ્યાર્થિનીઓને ભણતરના અનુસંધાનમાં પુસ્તકો ખરીદવા માટે શિષ્યવૃત્તિ આપવામાં આવી. જેનો લાભ વિદ્યાર્થિનીઓએ લીધો.

★ 'ફોરમ'ના નેજા હેઠળ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી વિભાગના સંયુક્ત સહકારથી વિદ્યાર્થિનીઓ દ્વારા કૉલેજના બોર્ડ પર સુવિચાર લેખનની પ્રવૃત્તિનું આયોજન પ્રતિવર્ષની જેમ થયું.

## ★ સ્વાતંત્ર્ય દિનઃ ૨૦૨૪ :

તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ૭૮માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે કૉલેજના પટાંગણમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો.

ધ્વજવંદન કાર્યક્રમમાં **મુખ્ય મહેમાન તરીકે શ્રી મિનલ રોહિત** (Scientist - ISRO - Indian Space Research Organisation) ઉપસ્થિત રહ્યાં. કાર્યક્રમની શરૂઆતમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે મુખ્ય મહેમાનશ્રીના શાબ્દિક સ્વાગત અને પરિચય કરાવી, સૌને સ્વાતંત્ર્ય દિનની શુભેચ્છાઓ પાઠવી.

શ્રી મિનલ રોહિતના વડપણ હેઠળ ધ્વજવંદન દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી. ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છાઓ સહ્ શ્રી મિનલબહેને પોતાના પ્રસંગોચિત વક્તવ્યમાં સ્વાતંત્ર્ય ચળવળના શહીદોને વંદન કરી, ભારત દેશની વિકાસયાત્રામાં મહિલાઓના યોગદાનનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, ''સમગ્ર વિશ્વમાં ભારતનો દબદબો વધી રહ્યો છે. સમાજના તમામ ક્ષેત્રોમાં, હવે તો Space ક્ષેત્રના તમામ સ્તરમાં પણ મહિલાઓની કાર્ય-કુશળતા વધતી જાય છે. ચંદ્રયાન-૩ મિશનથી જોડાયેલી મહત્વની બાબતોમાં મહિલા-વૈજ્ઞાનિકોની કામગીરી મહિલા-સશક્તિકરણના અભિયાનને ચરિતાર્થ કરતું જોઈ શકીએ છીએ. 'આત્મવિશ્વાસ' માનવની પૂંજી છે. આપણા સૌમાં સુષુપ્ત શક્તિઓ હોય છે, જેને આત્મવિશ્વાસથી ખીલવવી પડે. હંમેશા પ્રયત્નશીલ રહેવું. દરેક વખતે સફળતા મળે જ એવુ નથી પણ તેમાંથી મળતા અનુભવ, ભાવિજીવનમાં ઉપયોગી ચોક્કસ નીવડે છે.''

વધુમાં, તેમણે ચંદ્રયાન-૩ ની પ્રક્રિયાની ઝલક સાથે કઠોર પરિશ્રમથી મિશન હાંસલની રજૂઆત કરી. આ મહિલા શૈક્ષણિક સંકુલમાંથી પણ વિદ્યાર્થિનીઓ ભારતની વિકાસયાત્રામાં યોગદાન આપશે જ એવી શ્રધ્ધા સાથે પુનઃ સૌને સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા પાઠવી.

આ કાર્યક્રમમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના માનદ્મંત્રીશ્રી ડૉ. ચંદ્રિકાબહેન રાવલ, એસ.એમ.એન.કે. દલાલ ઍજ્યુકેશન કૉલેજ ફોર વિમેનના ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. દિપીકાબહેન રાઠોડ, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત બંને કૉલેજના પ્રાધ્યાપકશ્રીઓ, વહીવટી સ્ટાફ તેમજ NCC, NSS તથા Sportsની વિદ્યાર્થિનીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં.

ધ્વજરક્ષકની ભૂમિકા તથા કાર્યક્રમનું સંચાલન (Master of Ceremonies ) શારીરિક શિક્ષણના પ્રા.ડૉ. મુકેશકુમાર બારૈયાએ કર્યું.

## ★ કોલેજ સ્થાપના દિનઃ ૨૦૨૪:

તા. ૨૯ ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ એસ.એલ.યુ. કૉલેજના સ્થાપના દિનના પૂર્વ દિવસે (સ્થાપનાઃ ૩૦ ઑગસ્ટ, ૧૯૨૦) ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે સૌને સ્થાપના દિનની શુભેચ્છા પાઠવી જણાવ્યું કે, ''આવતી કાલે તા. ૩૦ ઑગસ્ટે એસ.એલ.યુ. કૉલેજ સ્થાપનાના ૧૦૪ વર્ષ પૂર્ણ કરી, ૧૦૫માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. આપણે સૌ આવતી કાલે પોત પોતાના ગૃહસ્થાનેથી કૉલેજની ઉન્નતિ માટે મંગલકામના કરીશું.''

★ **આરસી-A mirror of this college : અંક-૧૯**

તા. ૨૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પ્રતિવર્ષની જેમ પ્રકાશિત 'આરસી' (A mirror of this college) મેગેઝિન : શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩-૨૪; અંક-૧૯; કૉલેજની વાર્ષિક પ્રવૃત્તિની ઝલક તથા કૉલેજની વિકાસગાથાને દર્શાવતા માહિતીપ્રદ મેગેઝિનના વિમોચન સમારોહનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં Prof. Dr. Kaushik Raval (Former Professor & Director - School of Law, Gujarat University, Ahmedabad); ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્ મંત્રીશ્રી), શ્રી સોમાભાઈ પટેલ (નિયામકશ્રી), ડૉ. સિરાલી મહેતા (કારોબારી સભ્ય, પૂર્વ આચાર્ય- એસ.એલ.યુ. કૉલેજ); ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ સહિત એસ.એલ.યુ. પરિવારજનો ઉપસ્થિત રહ્યાં.

સમારોહના પ્રારંભમાં ડૉ. શૈલજા ધ્રુવે સૌને આવકારી, સંસ્થાનો ટુંક પરિચય આપ્યો તેમજ વિમોચનકર્તા Prof. Dr. Kaushik Ravalનો પરિચય આપી, સ્મૃતિભેટથી અભિવાદન કર્યું. પ્રાસંગિક ઉદ્બોધનમાં આરસી અંક-૧૯ની પશ્ચાદ્ભૂમિકા દર્શાવી, કાર્યક્રમની રૂપરેખા આપી.

વિમોચનકર્તા Prof. Dr. Kaushik Ravalના શુભ હસ્તે આરસી અંક-૧૯ નું વિમોચન થયું. જેને સૌએ તાલીઓના ગડગડાટથી વધાવ્યું.

'ડૉ. ચંદ્રિકા રાવલે ઉદ્બોધનમાં જણાવ્યું કે, પ્રતિ વર્ષ પ્રકાશિત થતાં "કૉલેજના દસ્તાવેજરૂપ 'આરસી'ના શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૩-૨૦૨૪ના અંક-૧૯ ના પ્રકાશન માટે અભિનંદન પાઠવું છું. કૉલેજના ભવ્ય ભૂતકાળથી પરિવર્તિત થતી બાબતો 'આરસી'ના પ્રાગટ્યમાં જોવા મળે છે. બધી જ 'આરસી'માં સમાજ તેમજ શિક્ષણ જગતની પરિસ્થિતિની ઝાંખી પણ જોવા મળે છે. ગુજરાત યુનિવર્સિટી કે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીમાંથી આવતા પરિપત્રોના સંદર્ભમાં થતી વિવિધ પ્રવૃત્તિઓ તેના ઉદાહરણ કહી શકાય. અલબત્ત, વર્ષ દરમિયાન કેટલીક પ્રવૃત્તિઓ તો સુનિશ્ચિત હોય છે જ! વળી, હવે તો દસ્તાવેજરૂપ 'આરસી'ના પ્રકાશનને મોંઘવારીની પણ અસર થાય છે, માટે જ ધારેલા સમયે પ્રકાશિત કરી શક્યા નથી, વિલંબ થયો છે. મુખ્ય સંપાદક ડૉ. શૈલજાબહેન કાર્યકારી આચાર્યની વધારાની જવાબદારી સાથે પણ 'આરસી'ના પ્રકાશન માટે દૂરાગ્રહી રહે છે, તેનાથી હું વિદિત છું. કોલેજના હિતાર્થે અમારી ઓફિસમાં 'આરસી'ના પ્રકાશન માટેની મંજૂરી અને તેના આર્થિક પાસા માટે અનેકવાર ચર્ચા કરવા આવતા. છેવટે અમે એમની જવાબદારી પર મંજૂરી આપી, ને આજે અંક-૧૯નું વિમોચન થયું, જેના આપણે સૌ સાક્ષી! આપ સૌને ભાવિ શિક્ષણ તેમજ શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓ માટે હાર્દિક શુભેચ્છાઓ.'

ડૉ. સિરાલી મહેતાએ 'આરસી'ના પ્રકાશનના તબક્કાઓનો ઉલ્લેખ કરી, કૉલેજના દસ્તાવેજરૂપ વાર્ષિક મેગેઝિનની મહત્તાની રજૂઆત કરી. લેખનથી પ્રકાશન અને તેની પૂર્વ તૈયારી રૂપે માહિતીનો સંગ્રહ એવા તમામ સ્તરમાં થતી મહેનત વિશે સૌને વાકેફ કર્યા. 'આરસી'ના પ્રકાશન પ્રત્યે ખુશી

વ્યક્ત કરી જણાવ્યું કે, ''શિક્ષણ તેમજ વહીવટી કાર્યની સાથે મુખ્ય સંપાદક શૈલજાબહેન 'આરસી' માટે પણ ભારે જહેમત ઉઠાવે છે, તેની સાનંદ નોંધ લઉં છું. તેમની સંસ્થા પ્રત્યેની નિષ્ઠાને બિરદાવુ છું. આપ સૌ વધુને વધુ વિભાગીય પ્રવૃત્તિઓ તેમજ વ્યક્તિગત શૈક્ષણિક સિધ્ધીઓ દ્વારા કૉલેજની વિકાસયાત્રાને ગતિ આપી, 'આરસી'ને પણ સમૃધ્ધ બનાવો એવી શ્રધ્ધા સાથે, Best Wishes.''

'આરસી'ના વિમોચનકર્તા ભાષાવિદ્ ડૉ. રાવલે કહેવતોના માધ્યમથી આગવી શૈલીમાં ડૉ. રાવલે જણાવ્યું કે, ''એક સદી ઉપરાંતથી શિક્ષણનો ભેખ લઈ, કાર્ય કરતી સંસ્થામાં પગરવ માંડતા, અનેરી અનુભૂતિ થાય એ ખૂબ સ્વાભાવિક છે. વળી, તેના દસ્તાવેજરૂપ વાર્ષિક મેગેઝિન- 'આરસી' - A mirror of this collegeના૧૯માં અંકનું વિમોચન મારા હસ્તે કરવાનું થાય ત્યારે આનંદ બેવડાઈ જાય! કોઈપણ બાબતનું લેખન અને પછી પ્રકાશન સમય, શ્રમ અને અર્થ (નાણું) સાથે ગાઢ રીતે સંકળાયેલું છે. સંસ્થાગત અહેવાલ-અંકમાં સૌ પ્રથમ માહિતી-સંગ્રહ, ત્યારબાદ સંકલન-વર્ગીકરણ - ટાઈપીંગ - પ્રૂફ રીડીંગ - Presentation - સમગ્રતયા દેખાવ વગેરે અનેક બાબતો સંકળાયાલ ત્યારે 'અંક' તૈયાર થાય. આરસીના મુખ્ય સંપાદક ડૉ. શૈલજાબહેન, સંપાદક મંડળ, અધ્યાપકો, કર્મચારીઓ વિદ્યાર્થિનીઓ સૌને 'અંક-૧૯'ના પ્રકાશન માટે અભિનંદન. જેમ અરીસામાં પ્રતિબિંબ ઝીલાતુ હોય છે એ જ રીતે 'આરસી'માં સંસ્થાનું પ્રતિબિંબ ઝીલાયુ છે. શિક્ષણ તેમજ શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓની તેમાં ઝાંખી જોવા મળે છે. જે આવનાર સમયમાં સંસ્થાના અતિતને ભવ્યતા અર્પશે.''

વધુમાં, તેમણે જણાવ્યું કે, ''પ્રકાશન એ લેખન લેવાની અને તેને અન્ય લોકો સુધી પહોંચાડવાની ક્રિયા છે. તેનું વિતરણ બે રીતે થાય. પ્રકાશનઃ પ્રિન્ટ મીડિયા મારફત અને બીજુ પ્રસારણ : ઈલેક્ટ્રોનિક મીડિયા મારફત. આજકાલ પ્રસારણનું ચલણ ખૂબ વધી ગયુ છે. લોકોના હાથમાં પ્રકાશિત બાબતો નહીં પણ પ્રસારિત બાબતો વધુ પ્રમાણમાં જોવા મળે છે. Yes... Mobile દ્વારા Cheating! એના પર માર્મિક રીતે કહેવાય છે કે... 'વાત' મળી ? કે પુસ્તકોની- 'હત્યા' થઈ છે ! ને ચાકુ પર નિશાન 'મોબાઈલ'ના છે ! અતિરેકની દુરોગામી અસર થાય, જે આજે આપણી આસપાસ અનુભવી શકીએ છીએ, જોઈ શકીએ છીએ. એમાં આપણે પણ અપવાદરૂપ તો નથી જ ! સમય સાથે ચાલવુ પડે એ વાત સાચી, સાથે તેમાં વિવેક તો રાખવો જ પડે ને ?! આપ સૌને, સંસ્થાને ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભેચ્છાઓ.''

સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સમગ્ર સમારોહ સફળતાપૂર્વક સંપન્ન થયો. સમગ્ર સમારોહનું સંચાલન ડૉ. શૈલજા ધ્રુવે કર્યું.

## ★ Help Desk:

તા. ૨૨-૨૩ ઓક્ટોબર, ૨૦૨૪ દરમિયાન Om Stationeryના સહયોગથી અનામત કેટેગરીની વિદ્યાર્થિનીઓને Online Scholarship form fill up માટે help મળે તે હેતુથી Help Desk ની વ્યવસ્થા

કરવામાં આવી. જેનો બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ લાભ લીધો. ઉપર્યુક્ત કંપનીના શ્રી દિગંત શેઠ (પ્રોપ્રાઈટર) તેમજ શ્રી સાહિલ મન્સૂરી (મદદનીશ)એ માર્ગદર્શનરૂપ ભૂમિકા ભજવી.

## ★ Medical Checkup Camp :

તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ વિદ્યાર્થિનીઓ માટે મેડિકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદની ઓઢવ સ્થિત ધ્વનિ જનરલ હોસ્પિટલના ડૉ. વસંત પટેલ તથા મદદનીશ બહેનો દ્વારા વિદ્યાર્થિનીઓની તબીબી તપાસ કરવામાં આવી.

## ★ Institutional Development Plan for HELs:

**SLU: IDP ના કૉ-ઑર્ડિનેટર તરીકે ડૉ. કંદર્પ ચાવડા તથા કૉ-કૉઑર્ડિનેટર તરીકે ડૉ. મુકેશકુમાર બારૈયા કાર્યભાર સંભાળે છે.**

NOTE : As per the guidelines of UGC (University Grants Commission) and directive of KCG (Knowledge Consortium of Gujarat) - Department of Education, Government of Gujarat, the SLU College formed the Institutional Development Plan under NEP:2020.

Institutional Development Plan under NEP: 2020 report has to be submitted by the college as per the guideline of UGC and directives of KCG has on 29 April, 2023.

**નોંધ :** ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્ મંત્રી-ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ)ના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ IDPમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, કૉ-ઑર્ડિનેટર ડૉ. કંદર્પ ચાવડા, કૉ-કૉઑર્ડિનેટર ડૉ. મુકેશકુમાર બારૈયાએ સક્રિય ભૂમિકા ભજવેલી. ડૉ. રશ્મિ સોની, ડૉ. મધુસુદન મુખરજી, પ્રા. દિનેશ પટેલ તથા ડૉ. સિરાલી મહેતા (પૂર્વ આચાર્ય-એસ.એસ.યુ. કૉલેજ, કારોબારી સભ્ય-ગુ.સ્ત્રી.કે.મંડળ) એ મદદનીશરૂપે કામગીરી કરી, તદ્ઉપરાંત શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારી ભાઈ-બહેનોએ સહયોગ કાર્ય કરેલ.

વર્ષઃ ૨૦૨૩-૨૦૨૪, ૨૦૨૪-૨૦૨૫ દરમિયાન IDP અનુસંધાનમાં પૂર્તતા-પરિપત્રો સંબંધિત કામગીરી પણ સૌના સહયોગથી કરવામાં આવી.

## ★ NEP: 2020 (New Education Policy: 2020):

**SLU:NEP-2020ના કૉ-ઑર્ડિનેટર તરીકે ડૉ. કંદર્પ ચાવડા કાર્યભાર સંભાળે છે.**

**Note:**

=> **NEP:2020ના પાંચ માર્ગદર્શક સ્તંભો:** Access, Equity, Quality, Affordability, Accountability

=> **હેતુઓ:**

– ભારતીય નૈતિક મૂલ્યો, સાંસ્કૃતિક વારસો અને શ્રેષ્ઠતમ સભ્યતાના આધારસ્તંભવાળી શિક્ષણ

પ્રણાલી કે જે ભારતના તમામ વિદ્યાજગતને એક સમાન રીતે ગતિશીલ કરીને ઉત્તમ ગુણવત્તાવાળું શિક્ષણ પ્રદાન કરશે અને ઉત્કૃષ્ટ જ્ઞાનોપાર્જન કરવામાં મદદરૂપ બનશે.

- યુવાનોને વર્તમાન અને ભવિષ્યના વિવિધ રાષ્ટ્રીય અને વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે તૈયાર કરશે.

**નોંધ :** શૈક્ષણિક વર્ષ: ૨૦૨૩-૨૦૨૪ થી NEP:2020 નું અમલીકરણ થયું.

- શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪-૨૦૨૫ના પ્રારંભમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે કૉલેજમાં BA તથા B.COM SEM-I માં પ્રવેશ મેળવનાર આગંતુક વિદ્યાર્થિનીઓને NEP:2020 વિશે તેમજ SLU: NEP-2020 ના કૉ-ઑર્ડિનેટર ડૉ. કંદર્પ ચાવડાનો ટૂંક પરિચય આપ્યો. વિશેષમાં તેમણે વિદ્યાર્થિનીઓને જણાવ્યું કે, ''આપ સૌ NEP:2020 ના અમલીકરણના Second batch ના વિદ્યાર્થિનીઓ છો. એટલું જ નહીં NEP થકી રાષ્ટ્રીય સ્તરે શિક્ષણજગતમાં આવી રહેલા પરિવર્તનના વાહક વિદ્યાર્થીઓ પણ ખરા! સમયાંતરે અમે જે કોઈ માહિતી / નોટિસ / સૂચના આપીએ તેને ધ્યાનમાં લેશો તો મુંઝવણો ઓછી અનુભવશો.''

  ડૉ. કંદર્પ ચાવડાએ વિદ્યાર્થિનીઓને NEP:2020 અંતર્ગત અર્થાત્ નવી શિક્ષણ નીતિ મુજબ વિદ્યાર્થિનીઓએ કરાવવાની નોંધણીની આવશ્યકતા વિશે જાણકારી આપી, DIGILOCKER & ABC (Academic Bank of Credit) માટેની ID બનાવવાની પ્રક્રિયા સમજાવી, તેમજ ગુજરાત યુનિવર્સિટીના એનરોલમેન્ટ ફોર્મ તથા ABC-ID વચ્ચેના ઘનિષ્ઠ સહસંબંધ વિશે માહિતગાર કરી, ABC-IDની મહત્તા સમજાવી.

  ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. કંદર્પ ચાવડા તથા વહીવટી કર્મચારીઓના માર્ગદર્શન હેઠળ BA તથા B.COM SEM-I ની વિદ્યાર્થિનીઓએ ABC-ID ની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી. વિદ્યાર્થિનીઓના Data Excel file માં formet મુજબ તૈયાર કરી, Pendrive માં Rollwala Computer Centre, Gujarat University ખાતે મોકલી આપવામાં આવ્યાં.

- તા. ૩૦ નવેમ્બર - ૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન અમદાવાદમાં शिक्षा संस्कृति उत्थान न्यास-गुजरात प्रांत ના નેજા હેઠળ ज्ञानकुंभ : ૨૦૨૪ અંતર્ગત राष्ट्रीय शिक्षा नीतिः २०२० एवं भारतीय मूल्यों विषयक ज्ञानोत्सव (प्रदर्शनी)નું આયોજન કરવામાં આવ્યું. જેમાં

  => ડૉ. શીતલ રાઠોડની નિશ્રામાં વિદ્યાર્થિનીઓએ બહોળી સંખ્યામાં શૈક્ષણિક મુલાકાત લીધી.

  => ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્ મંત્રીશ્રી - ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ) સહભાગી થયા.

  => ડૉ. કંદર્પ ચાવડાએ સમગ્ર જ્ઞાનોત્સવમાં સહ-સંયોજક તરીકે સક્રિય ભૂમિકા ભજવી.

❑ **ડૉ. કંદર્પ ચાવડા :**

તા. ૭-૮-૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન प्रयागराज (उत्तरप्रदेश) में उत्तरप्रदेश सरकार, AIU (Association of Indian Universities) एवं शिक्षा संस्कृति उत्थान न्यास के संयुक्त तत्वधान में आयोजित ज्ञान महाकुंभ: २०२५ अंतर्गत भारतीय शिक्षा: राष्ट्रीय संकल्पना विषयक राष्ट्रीय सम्मेलन के 'प्रबंधन में भारतीयता' विषय पर के संगोष्ठी सत्र में शोधपात्र प्रस्तुत किया ।

## ★ NAMO WIFI Project:

**SLU: NAMO WIFI Project ના નોડલ ઓફિસર તરીકે ડૉ. કંદર્પ ચાવડા કાર્યભાર સંભાળે છે.**

**Note:** NEP: 2020 અનુસંધાને શૈક્ષણિક સંકુલોમાં WIFI સુવિધા ઉપલબ્ધ હોવી જરૂરી. જેના અંતર્ગત KCG ના નેજા હેઠળ Department of Science & Technology - Government of Gujarat ની પોલીસી અને અમલવારી મુજબ ગુજરાત રાજ્યની સરકારી અને અનુદાનિત કૉલેજમાં NAMO WIFI Project હાથ ધરવામાં આવે છે.

**હેતુ:** NEP:2020 ની નીતિ અને વિવિધ શૈક્ષણિક મૂલ્યાંકન એજન્સીઓના મૂલ્યાંકન સમયે ઉચ્ચ રેન્કિંગ મેળવવા તેમજ મુખ્યત્વે રાજ્યની ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને Online વિવિધ પ્રકારના શૈક્ષણિક કન્ટેન્ટ પ્રાપ્ત થાય તે માટે કૉલેજોના કેમ્પસ WIFI (Wireless Fidelity) કરવાં.

**DEDF (Digital Education Development Fund):**

ગુજરાત રાજ્યની ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમાં Digital Gap નિર્મૂળ કરવાના ભાગરૂપે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના કેમ્પસ WIFI કરવા-વાઈફાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેટઅપ તેમજ ઈન્ટરનેટ સેવા મેળવવા - KCG દ્વારા DEPF અંતર્ગત ફંડ ફાળવણીની જોગવાઈ કરવામાં આવેલ છે.

વર્ષ દરમિયાન વિદ્યાર્થિનીઓએ NAMO WIFI Project અંતર્ગત શિક્ષણ તથા શિક્ષણ સંલગ્ન બાબતોની Digitally જાણકારી મેળવી.

## ★ વિકસિત ભારત @ 2047:

**SLU: વિકસિત ભારત @ 2047 અભિયાનના નોડલ ઓફિસર તરીકે ડૉ. શીતલ રાઠોડ કામગીરી સંભાળે છે.**

**Note :** વિકસિત ભારત @ 2047 એ ભારતની આઝાદીના 100 મા વર્ષ, 2047 સુધીમાં ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવવાનું vision છે. જેમાં આર્થિક વૃધ્ધિ, સામાજિક પ્રગતિ, પર્યાવરણને અનુકૂળતા અને સુશાસન સહિત વિકાસના વિવિધ પાસાઓનો સમાવેશ થાય છે.

વર્ષ દરમિયાન રાજ્ય સરકારના પરિપત્રને અનુલક્ષીને વિષયોચિત પ્રવૃત્તિઓ કરવામાં આવી. જેમ કે,

=> **'વિકાસ સપ્તાહ' ઉજવણી...**

તા. ૭ - ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ દરમિયાન કૉલેજમાં ગુજરાત સરકારના આદેશ અનુસાર, ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંકઃ ઉશિક / પીઆરઓ / ૨૦૨૪ / ૧૩૬૯; તા. ૦૭/૧૦/૨૦૨૪ અન્વયે વિકાસ સપ્તાહ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું. જેમ કે,

**ભારત વિકાસ શપથ**

વિકાસ સપ્તાહ દરમિયાન ડૉ. શીતલ રાઠોડના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ ગુજરાત સરકાર દ્વારા પ્રસારિત 'ભારત વિકાસ શપથ' અંતર્ગત ડિજીટલી શપથ લીધાં. જેમાં તેમની ભારતની એકતા અને અખંડતા પ્રત્યેની પ્રતિબધ્ધતા અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના દૃષ્ટિકોણ તરફ કામ કરવાનો ભાવ વ્યક્ત કરે છે.

**નોંધ :** વિદ્યાર્થિનીઓએ ભારત વિકાસ શપથ લીધાનું Online Certificate મેળવ્યું.

**આઈકોનિક સ્થળ મુલાકાત**

વિકાસ સપ્તાહ દરમિયાન, તા. ૧૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ આઈકોનિક સ્થળ અંતર્ગત રિવરફ્રન્ટ તેમજ અટલબ્રિજની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું.

શૈક્ષણિક મુલાકાતના આયોજનમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. શીતલ રાઠોડ, ડૉ. મુકેશકુમાર બારૈયા તથા ડૉ. સોનલ મોદીએ સક્રિય ભૂમિકા ભજવી.

ડૉ. મુકેશકુમાર બારૈયા તથા ડૉ. સોનલ મોદીના નેતૃત્વ હેઠળ આયોજિત શૈક્ષણિક મુલાકાતમાં અધ્યાપકો- ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. નયના પ્રજાપતિ, ડૉ. આશા રાઠવા, પ્રા. દિનેશ પટેલ, ડૉ. સંજયકુમાર રાવલ સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ સહભાગી બન્યાં.

પ્રા. દિનેશ પટેલે રિવરફ્રન્ટ તેમજ અટલબ્રિજના ઉદ્ભવ - વિકાસ સંબંધિત માહિતી પ્રદાન કરી. પ્રશ્નોત્તરીના માધ્યમથી સહભાગીદારોએ સવિશેષ માહિતી મેળવી.

**વિશેષ :** પ્રા. દિનેશ પટેલે તમામ સહભાગીદારોને આઈસક્રીમ દ્વારા 'ઠંડાહાર'નો આસ્વાદ કરાવ્યો.

**નોંધ :** ગુજરાત રાજ્યના વિકાસ અને સુશાસનની ઉજવણીને અનુલક્ષીને પ્રતિવર્ષ ૭-૧૫ ઓક્ટોબર દરમિયાન ગુજરાત સરકાર દ્વારા વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

=> **સેમિનાર**

તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ડૉ. શીતલ રાઠોડની નિશ્રામાં વિકસિત ભારત @ 2047 ના નેજા હેઠળ 'મારા સ્વપ્નનું ભારત' વિષયક Student's Seminarનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓ ઉત્સાહભેર સહભાગી થઈ, વિષયોચિત રજૂઆત કરી.

## ★ PM USHA SCHEME:

**SLU: PM USHA SCHEME ના કૉ-ઑર્ડિનેટર તરીકે ડૉ. મુકેશકુમાર બારૈયા તથા કૉ-કૉઑર્ડિનેટર તરીકે ડૉ. કંદર્પ ચાવડા કાર્યભાર સંભાળે છે.**

**Note :** PM USHA (Pradhan Mantri Uchchatar Shiksha Abhiyan) Scheme of New phase of RUSA (Rashtriya Uchchatar Shiksha Abhiyan) with the vision of the National Education Policy, 2020.

KCGના પરિપત્ર અન્વયે PM USHA Scheme અંતર્ગત Component No. 3 Grants to strengthen College અનુસંધાનમાં SLU College ની Proposal તૈયાર કરવામાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. મુકેશકુમાર બારૈયા (કૉ-ઑર્ડિનેટર), ડૉ. કંદર્પ ચાવડા (કૉ-કૉઑર્ડિનેટર) તથા ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્ મંત્રી - ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ) એ સક્રિય ભૂમિકા ભજવી.

Application Submitt : PM-USHA Portal (https:/pmusha.education.gov.in) (૨૦૨૩-૨૦૨૪)

## ★ 'One Nation One Subscription' (ONOS) Scheme :

**SLU: One Nation One Subscriptionના નોડલ અધિકારી તરીકે ડૉ. સંજયકુમાર રાવલ કાર્યભાર સંભાળે છે.**

**Note :** Aims of ONOS... To break down barriers to knowledge by providing students, faculty, researchers, and scientists in government - managed higher education institutions (HEIs) and Central government research and development (R & D) Centers with access to International scholarly journals and articles.

**=> Implementation of ONOS:**

The ONOS is starting its operation from 1st January, 2025. ONOS Phase-1 has been approved for the calendar years 2025, 2026 and 2027.

**=> Implementation Agency of ONOS:**

The entire subscription process will be centrally coordinated by INFLIBNET, (Information and Library Netwark) - It is an autonomous Inter-University Centre of the University Grants Commission (UGC), Ministry of Education, Govt. of India)

જાન્યુઆરી-૨૦૨૫ થી ડૉ. સંજયકુમાર રાવલે ONOS (One Nation One Subscription- એક રાષ્ટ્ર એક સદસ્યતા) યોજના વિશે વિદ્યાર્થિનીઓને સવિસ્તર માહિતી પ્રદાન કરી. અધ્યાપક મિત્રો સાથે યોજનાયુક્ત વૈચારિક આદાન-પ્રદાન કર્યું.

## ★ વિદ્યાર્થિનીઓની પ્રવૃત્તિઓ :

### • સપ્તધારા

**સમગ્ર વર્ષ દરમિયાન સપ્તધારા પ્રવૃત્તિઓના આયોજનમાં ડૉ. વર્ષા પ્રજાપતિએ કન્વીનર તરીકે કામગીરી કરી.**

ઉચ્ચશિક્ષણ કમિશનર, ગુજરાત સરકારના નિયમાનુસાર, વિદ્યાર્થિનીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવા **'સપ્તધારા સંગમ : ૨૦૨૪'**ના નેજા હેઠળ વિવિધ બૌધ્ધિક અને સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થિનીઓએ વ્યક્તિગત સિધ્ધી હાંસલ કરી, ઈનામો મેળવ્યાં, જેમાં...

**સ્પર્ધાત્મક ઈનામોના પ્રાયોજક : ડૉ. રેખાબહેન ભરતભાઈ ગોસાલીયા**

**વક્તૃત્વ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| **પ્રથમઃ** | **ઈરમ શેખ** | (BCom. SEM-III) |
| **દ્વિતીયઃ** | **પ્રિયંકા પરમાર** | (BA SEM-I) |
| **તૃતીયઃ** | **મહેવીશ બુખારી** | (BA SEM-III) |

**શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| **પ્રથમઃ** | **ઈરમ શેખ** | (BCom. SEM-III) |
| **દ્વિતીયઃ** | **કરીમા અબ્દલ** | (BA SEM-III) |
| **તૃતીયઃ** | **આફિયા અત્તરવાલા** | (BA SEM-V) |

**ડિબેટ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| **પ્રથમઃ** | **મહેવીશ બુખારી** | (BA SEM-III) |
| **દ્વિતીયઃ** | **વિશ્વા પુરબિયા** | (BA SEM-I) |
| **તૃતીયઃ** | **ઈરમ શેખ** | (BCom. SEM-III) |

**કાવ્યપઠન સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| **પ્રથમઃ** | **આફિયા અત્તરવાલા** | (BA SEM-V) |
| **દ્વિતીયઃ** | **નોસિનબાનુ સૈયદ** | (BA SEM-I) |
| **તૃતીયઃ** | **સાનિયા મન્સૂરી** | (BCom. SEM-III) |

**ક્વિઝ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | નગ્મા પઠાણ | (BA SEM-I) |
| દ્વિતીયઃ | તમન્ના વર્મા | (BA SEM-I) |
| તૃતીયઃ | ક્રિશા ગોહેલ | (BA SEM-III) |

**નિબંધ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | ગોપી દેસાઈ | (BA SEM-V) |
| દ્વિતીયઃ | ફોરમ પ્રજાપતિ | (BA SEM-I) |
| તૃતીયઃ | ધ્રુવી વાળા | (BA SEM-V) |

**મહેંદી સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | માહેરાબાનુ શેખ | (BCom SEM-V) |
| દ્વિતીયઃ | સોબિયા સિપાઈ | (BCom SEM-I) |
| | માહિન શેખ | (BCom SEM-I) |
| તૃતીયઃ | આશા પરમાર | (BCom SEM-V) |
| | સારાહ મન્સૂરી | (BCom SEM-III) |
| | રુસદા કુરેશી | (BCom SEM-I) |

**રંગોળી સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | પ્રીતિ ઠાકોર | (BA SEM-I) |
| દ્વિતીયઃ | આફિયા અત્તરવાલા | (BA SEM-V) |
| તૃતીયઃ | વૈશાલી ઠાકોર | (BA SEM-III) |
| | પ્રિયા વાઘેલા | (BA SEM-III) |

**ઑન ધ સ્પોટ પેઈન્ટીંગ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | અમરા અંસારી | (BA SEM-III) |
| દ્વિતીયઃ | સાનિયા મન્સૂરી | (BCom SEM-III) |
| | અકશા શેખ | (BCom SEM-I) |
| તૃતીયઃ | આફિયા અત્તરવાલા | (BA SEM-V) |
| | આશા પરમાર | (BCom SEM-V) |

કાર્ટુનિંગ સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમઃ | અમરા અંસારી | (BA SEM-III) |
| દ્વિતીયઃ | આફિયા અત્તરવાલા | (BA SEM-V) |
| | સદીદા દૂધવાલા | (BCom SEM-III) |
| તૃતીયઃ | આશા પરમાર | (BCom SEM-V) |
| | સાનિયા મન્સૂરી | (BCom SEM-III) |

કૉલાજ સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમઃ | સાનિયા મન્સૂરી | (BCom SEM-III) |
| દ્વિતીયઃ | અમરા અંસારી | (BA SEM-III) |
| | ક્રિષ્ના રાણા | (BCom SEM-V) |
| તૃતીયઃ | આશા પરમાર | (BCom SEM-V) |
| | આફિયા અત્તરવાલા | (BA SEM-V) |

પોસ્ટર મેકિંગ સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમઃ | અમરા અંસારી | (BA SEM-III) |
| દ્વિતીયઃ | હફિજા ઘોરી | (BA SEM-V) |
| | આફિયા અત્તરવાલા | (BA SEM-V) |
| | નોસિનબાનુ સૈયદ | (BA SEM-I) |
| તૃતીયઃ | સાનિયા મન્સૂરી | (BCom SEM-III) |
| | મુબ્બશિરા શેખ | (BCom SEM-V) |
| | સદીદા દૂધવાલા | (BCom SEM-III) |
| | આશા પરમાર | (BCom SEM-V) |

એકપાત્રિય અભિનય સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમઃ | સાનિયા મન્સૂરી | (BCom SEM-III) |
| દ્વિતીયઃ | નોસિનબાનુ સૈયદ | (BA SEM-I) |
| તૃતીયઃ | ઈરમ શેખ | (BCom SEM-I) |

**હળવું કંઠ્ય સંગીત સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| **પ્રથમ:** | **પૂજા રાવળ** | (BCom SEM-V) |
| **દ્વિતીય:** | **દિપીકા જાદવ** | (BA SEM-V) |
| **તૃતીય:** | **મનિષા મકવાણા** | (BA SEM-V) |
| | **વિશ્વા પુરબિયા** | (BA SEM-I) |
| | **નોસિનબાનુ સૈયદ** | (BA SEM-I) |
| | **સાલેહાબાનુ શેખ** | (BA SEM-III) |

**.... સ્થાને વિજેતા** બન્યાં. **વિજેતા થનારને પ્રમાણપત્ર અને ઈનામ એનાયત** કરવામાં આવ્યાં.

વર્ષ ૨૦૨૪-૨૦૨૫ દરમિયાન **આફિયા અત્તરવાલા** (BA SEM-V/VI)ને કલા-કૌશલમાં ઉત્કૃષ્ટ દેખાવ માટે **SLU College : KALA-KAUSHAL TROPHY એનાયત** કરવામાં આવી.

- **નવરાત્રિ મહોત્સવ :**

તા. ૪ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ નવરાત્રિ મહોત્સવના ભાગરૂપે ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવતા, કૉલેજનું મેદાન પરંપરાગત પરિધાનોથી નવરાત્રિમય બની રહ્યું.

**નિર્ણાયકો : શ્રી કનિષ્કા રાઠવા, શ્રી પ્રિયા બીજુ**

=> **શ્રેષ્ઠ અભિવ્યક્તિ:**

| | | |
|---|---|---|
| **પ્રથમ:** | **નેહા રાવલ** | (BCom SEM-I) |
| **દ્વિતીય:** | **શ્રુતિ પારેખ** | (BCom SEM-V) |
| | **સ્નેહા વાળોદરા** | (BCom SEM-V) |
| **તૃતીય:** | **હેપી પરમાર** | (BCom SEM-I) |
| | **જિગીશા પરમાર** | (BA SEM-I) |

=> **શ્રેષ્ઠ પરિધાન:**

| | | |
|---|---|---|
| **પ્રથમ:** | **મહિમા પરિહાર** | (BA SEM-V) |
| **દ્વિતીય:** | **મનિષા ચાવડા** | (BA SEM-V) |
| | **પ્રાર્થના દેસાઈ** | (BA SEM-III) |
| **તૃતીય:** | **ત્રિશલા મહેરિયા** | (BA SEM-I) |
| | **પ્રિયા વાઘેલા** | (BA SEM-III) |

=> **વિશેષ ઈનામ :**

| | | |
|---|---|---|
| – | શૈક્ષણિક સ્ટાફ : | ડૉ. વર્ષા પ્રજાપતિ |
| | | ડૉ. શીતલ રાઠોડ |
| | | ડૉ. નીતા પટેલ |
| | | ડૉ. શ્વેતા ઝાલા |
| | | પ્રા. કેતલ ત્રિવેદી |
| | | ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ |
| – | વિશેષ ઉત્સાહ પ્રદાનઃ | ડૉ. દર્શના અંજારિયા |
| – | બિન-શૈક્ષણિક સ્ટાફ : | શ્રી માયા સોની |
| | | શ્રી રસિલા કટારા |
| – | ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળ : | તપસ્વી રાણા |
| - | ફેશન ડિઝાઈન કોર્સ : | ઉર્મિલા પ્રજાપતિ |
| – | ICTC : | રોશની ગૌડ |

=> **M.Com :**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | સાક્ષી પ્રજાપતિ | (M Com SEM-I ) |
| દ્વિતીયઃ | ખુશાલી જાદવ | (M Com SEM-I) |
| તૃતીયઃ | તન્વી પરમાર | (M Com SEM-I) |

=> પ્રોત્સાહક ઈનામઃ

**નોંધઃ સોની હેન્ડીક્રાફ્ટ, અમદાવાદ દ્વારા પ્રોત્સાહક ઈનામ** આપવામાં આવ્યાં.

| | |
|---|---|
| ભૂમિ સુરજરા | (BA SEM-I) |
| પાર્વતી ઝાલા | (BA SEM-I) |
| દિશા પટેલ | (B Com SEM-V) |
| સંગીતા ગોહિલ | (BA SEM-V) |
| પૂનમ ગૂર્જર | (BA SEM-I) |

- **આંતર કૉલેજ / આંતર વિભાગ / રાજ્ય કક્ષા / રાષ્ટ્રીય કક્ષાએ...**

- તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ કૉલેજમાં શિક્ષક દિન નિમિત્તે IBS-ICFAI Business School દ્વારા આયોજિત Teacher's Day Best Message Contest: 2024માં Best Three Messageમાં Mansi Gohel (BCom SEM-V), Vishva Purabiya (BA SEM-I) તથા Safiyyah Malek (BCom SEM-V)- પસંદગી પામ્યાં.

- તા. ૨૬-૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન અમદાવાદ સ્થિત St. Xavier's College (Autonomous)ના યજમાન પદે 'aavirbhaav-The Youthful Emergence - 2024' અંતર્ગત આયોજિત **Gujarat University Ellisbridge South Zone Youth Festivalમાં કૉલાજ સ્પર્ધામાં સાનિયા મન્સૂરી** (BCom SEM-III) એ **શ્રેષ્ઠ ત્રણમાં સ્થાન** મેળવ્યું.

**નોંધ :** ગુજરાત યુનિવર્સિટીના આંતરવિભાગીય યુથ ફેસ્ટિવલમાં આયોજિત કૉલાજ સ્પર્ધા માટે પસંદગી પામી.

- તા. ૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અમદાવાદમાં એમ.પી. આર્ટ્સ ઍન્ડ એમ.એચ. કૉમર્સ કૉલેજ ફોર વિમેન દ્વારા આયોજિત આંતરકૉલેજ સૂર-સંગીત સ્પર્ધામાં દીપિકા જાદવે (BA SEM-VI) ભાગ લીધો.

- ગુજરાત યુનિવર્સિટીના મહાત્મા ગાંધી વિચાર પ્રસાર કેન્દ્ર દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણ દિન (૩૦ જાન્યુઆરી) નિમિત્તે 'નયા ભારતના નિર્માણમાં ગાંધી વિચારની પ્રસ્તુતતા' વિષયક નિબંધ સ્પર્ધામાં ગોપી દેસાઈ (BA SEM-VI) તથા ક્રિષ્ના ગોહેલ (BA SEM-IV) એ ભાગ લીધો. (તા. ૧૭/૧/૨૦૨૫, નિબંધ સુપ્રત)

## ★ Days ઉજવણી :

વિદ્યાર્થિનીઓની લાગણીને માન આપી, શિસ્ત તથા રાષ્ટ્રીય ગૌરવને કેન્દ્રમાં રાખી વિવિધ Days ઉજવાયાં જેમ કે,

| **Day** | **ડ્રેસીંગ** | **ત્રીજા પિરિયડ પછી કરવાની પ્રવૃત્તિ** |
|---|---|---|
| Group Day | એકસરખા વસ્ત્રો પરિધાન | ગૌરવપ્રદ મિત્રતાની પ્રવૃત્તિઓ |
| Environment Day | લીલા-પીળા વસ્ત્રો પરિધાન | પર્યાવરણ જાગૃતિની પ્રવૃત્તિઓ |
| Black and White Day (Executive Day) | સફેદ-કાળા વસ્ત્રો પરિધાન | કારકિર્દી ઘડતર અંગેની પ્રવૃત્તિઓ |
| Traditional Day | સાડી, પ્રાદેશિક વસ્ત્રો પરિધાન | ભારતીય સંસ્કૃતિને ઓપતી પ્રવૃત્તિઓ |

## ★ Annual Day :

તા. ૬ માર્ચ, ૨૦૨૫ ના રોજ **ત્રિવિધ કાર્યક્રમ - અભિવ્યક્તિઃ ૨૦૨૫; ઈનામ વિતરણ; ટી.વાયની વિદ્યાર્થિનીઓને શુભેચ્છાનું** આયોજન કરવામાં આવ્યું.

**અભિવ્યક્તિ : ૨૦૨૫**

વર્તમાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓના સંયુક્ત ઉપક્રમે Annual Day યોજાયો. જેમાં વિદ્યાર્થિનીઓએ વૈવિધ્યપૂર્ણ Group Dance રજૂ કર્યા.

**ઈનામ વિતરણ :**

શિક્ષણ સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓમાં સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને બિરદાવવા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના હોદ્દેદારો - ડૉ. ચંદ્રિકાબહેન રાવલ (માનદ્ મંત્રીશ્રી), શ્રી રૂપાબહેન પાઠક (માનદ્ સહમંત્રીશ્રી), તથા શ્રી સોમાભાઈ પટેલ (નિયામકશ્રી) ઉપસ્થિત રહ્યાં. મહેમાનો, ઈનચાર્જ પ્રિન્સિપાલ તેમજ અધ્યાપકોના શુભહસ્તે સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવી.

**ટી.વાય.ની વિદ્યાર્થિનીઓને શુભેચ્છા :**

કૉલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરનાર Arts તેમજ Commerce ની તમામ વિદ્યાર્થિનીઓને ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, "જ્ઞાન ક્યારેય એળે જતું નથી, અલબત્ત, તેનો સકારાત્મક, સાચી દિશાનો ઉપયોગ થાય એ ખૂબ જરૂરી છે. કહેવાય છે ને કે, लाखों की गाड़ी एक चाबी और ब्रेक पर निर्भर रहती है ।, करोड़ो का घर ताले और चाबी पर निर्भर करता हैं । इसी तरह हमारा व्यक्तित्व भी हमारी सोच, संस्कार और स्वभाव पर निर्भर करता है । વ્યક્તિત્વ વિકાસમાં શિક્ષણ અને શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓ મહત્વનો ભાગ ભજવે છે. તમે સૌએ પોત-પોતાની રસ-રુચિ મુજબ સહભાગીદારી કરી, કૉલેજ કેમ્પસને જીવંતપણુ બક્ષ્યુ છે. તમારા અનુભવો, વ્યક્તિત્વ નિખારના પ્રયોગો તમારા ભાવિજીવનમાં જરૂર સહાયક નીવડશે. Life ત્રણ E સાથે સંકળાયેલી છેઃ Yesterday is Experience; Today is Experiment; Tomorrow is Expectation. So, use your experience in your experiment to achieve your expectation. હવે તો, તમારી વાર્ષિક પરીક્ષાઓ શરૂ થશે, આપ સૌને પરીક્ષા માટે Best of Luck, Best wishes તેમજ જીવનમાં હંમેશા આનંદિત રહો, ખુશ રહો એવી એસ.એલ.યુ. પરિવારવતી શુભેચ્છાઓ પાઠવું છું. આપ સૌને સુખ-સમૃધ્ધિમય જીવનની અંતઃકરણની શુભેચ્છાઓ."

વધુમાં, તેમણે 8 March, 2025- આંતરરાષ્ટ્રીય મહિલા દિનની નોંધ લઈ, સૌને મહિલા દિનની શુભેચ્છા પાઠવી જણાવ્યું કે, ''પ્રવર્તમાન સમયમાં મહિલા સશક્તિકરણ અંતર્ગત વિવિધક્ષેત્રોમાં કાર્યક્રમો, યોજનાઓ, નીતિ-નિયમોના આયોજન અને અમલીકરણ થઈ રહ્યા છે. બીજી તરફ મહિલાઓનું પણ દાયિત્વ રહે છે કે, આપણી સાંસ્કૃતિક ધરોહરનું જતન થાય તેવા વર્તન-વ્યવહાર કરવા, જેથી ખરા અર્થમાં મહિલા-સશક્તિકરણ ચરિતાર્થ થાય. આપણે સૌ જાણીએ છીએ કે, આપણું શૈક્ષણિક સંકુલ Women Oriented છે. આપણા વિરાસતરૂપ Women Campus નું ગૌરવ જાળવવામાં, સમાજજીવનમાં આપણા વ્યવહારો જ દિશાસૂચક બની રહે છે. આશા છે 'નારી ગૌરવ'ને વધુને વધુ ઉજાગર કરવામાં તમારા સકારાત્મક વિચારો અને વ્યવહારો સહાયક નીવડશે, તો 'માનવ ગૌરવ'નું પણ જતન થશે. માનવમાં મહિલા અને પુરુષ બન્ને સમાવિષ્ટ છે માટે જ Respect every Male / Female. You should be a good Person, you should be a good Citizen. પુનઃ સૌને આંતરરાષ્ટ્રીય મહિલા દિન અનુસંધાનમાં એસ.એલ.યુ. કૉલેજ પરિવાર વતી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.''

## • વિભાગીય પ્રવૃત્તિઃ

વર્ષ દરમિયાન વિભાગ તેમજ વિભાગીય અધ્યાપકો દ્વારા વ્યક્તિગત રીતે અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ તેમ આંતરવિભાગીય પ્રવૃત્તિઓનું પણ આયોજન થયું. જેની વિગત આંતરવિભાગીય વિભાગમાં તેમજ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં દૃષ્ટિગોચર થાય છે.

### ★ કોમર્સ વિભાગ :

**Workshop:**

તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ડૉ. શીતલ રાઠોડની નિશ્રામાં Ganpat University (Sola, Ahmedabad) ના Centre for Management Studies and Research દ્વારા આયોજિત Learning with L.A.F. (Liquidity Adjustment Facility) વિષયક Workshopમાં વિદ્યાર્થિનીઓ સહભાગી થયાં. વૈચારિક આદાન-પ્રદાન દ્વારા સવિશેષ માહિતી મેળવી.

નોંધ : ડૉ. શીતલ રાઠોડે Convener તરીકે સક્રિય ભૂમિકા ભજવી.

**Open book Exam :**

તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અમદાવાદ સ્થિત City C. U. Shah Commerce College દ્વારા Pustak Gyan Pratibha Shodh Kasoti Principal T. J. Rana Trophy 2024-2025 અંતર્ગત આયોજિત Open Book Exam - Intercollege Competitionમાં SEM-VIની વિદ્યાર્થિનીઓ - Ruhina Desai, Krishna Golarana, તથા Reshma Shaikh એ ભાગ લીધો.

**Commerce Idol Competition:**

તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અમદાવાદ સ્થિત City C.U. Shah Commerce College દ્વારા આયોજિત Commerce Idolના નેજા હેઠળ State Level Competitionનું આયોજન થયું. જેમાં SEM-VIની વિદ્યાર્થિનીઓ- Munavvara Marfatiya અને Aafrin Andawala એ ભાગ લીધો.

**M.Com :**

વર્ષ ૨૦૨૪-૨૦૨૫ દરમિયાન વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમના અનુસંધાનમાં આયોજિત Seminar Group Discussionsમાં ભાગ લીધો.

## ❑ ડૉ. શીતલ રાઠોડ :

- તા. ૨૦-૨૪ મે, ૨૦૨૪ દરમિયાન Hyderabad (Telangana) સ્થિત IPE (Institute of Public enterprise) દ્વારા આયોજિત AI Eductors વિષયક Online Faculty Development Programmeમાં સહભાગી થયાં.
- તા. ૩-૧૨ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન University of Delhiના Centre for Professional Development in Higher Education (UGC-MMTTC) ના નેજા હેઠળ Malaviya Mission Teacher Training Programme (MM-TTP) અંતર્ગત આયોજિત NEP 2020 Orientation & Sensitization વિષયક Online Programme દ્વારા Online તાલીમ લીધી.
- **પ્રકાશન:**

**Research Paper :**

=> 'Meme Marketing through Social Media for Online Audience Attention, Awareness and Engagement with Brand', (Joint); in Online UNNATI-The Business Journal, Vol. 12, Issues-2, July - December 2024, ISSN-2319-1740, Impact Factor: 8.173, Page 31-39.

=> 'RBI Regulatory Intervention and Market Reaction : An Event Study of IIFL Finance Ltd' (Co-author), in Research Review- Open Access peer-Reviewed & Refereed journal, An International Multi-disciplinary Journal, Vol-2, Issue-149, March-2025 Special Issue, ISSN-2321-4708 Page 53-59.

- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

## ❑ ડૉ. શીતલ રાઠોડ તથા ડૉ. કંદર્પ ચાવડા :

- તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં IBS-ICFAI Business School દ્વારા આયોજિત Interpersonal Merit for Academic Excellence વિષયક National level Faculty knowledge Sharing Programમાં સહભાગી થયાં.

- તા. ૧ માર્ચ, ૨૦૨૫ના રોજ અમદાવાદમાં City C. U. Shah Commerce College તથા Gujarat University Area Accountancy Teacher's Associationના સંયુક્ત ઉપક્રમે આયોજિત Research and Practices in Commerce, Accountancy, Management, Humanities and IT for Sustainable Development વિષયક National Conference માં સહભાગી થયાં. જેમાં..

  - ડૉ. શીતલ રાઠોડે Regulatory intervention and Market Reaction : An Event Study of IIFL Finance Ltd. (Joint) વિશે,

  - ડૉ. કંદર્પ ચાવડાએ 'Exploration of the evolution of cloud-based accounting systems and software mechanisms, current trends, and future prospects (Joint)' વિશે

  ... પેપર રજૂ કર્યું.

## ❑ ડૉ. કંદર્પ ચાવડા :

- તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ જુનાગઢ સ્થિત BKNMU (Bhakta Kavi Narsinh Mehta University) ના Department of Commerce and Management દ્વારા આયોજિત Expert Lecture અંતર્ગત 'Recent Trends in Commerce' વિશે મનનીય, માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું.

- તા. ૩ અને ૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ અમદાવાદ સ્થિત Gujarat Universityના Institute of Indic Studies દ્વારા Tradition to Education: Integrating Bhartiya Gyan Parampara in Higher Education અંતર્ગત આયોજિત 'IKS Curriculum Development' વિષયક Workshopમાં as an Expert Content Developer તરીકે ઉપસ્થિત રહ્યાં.

  **Note :** Contributed to the development of the subject-specific IKS Curriculum for BBA (Tourism & Hospitality, International Business, Finance & Auditing, Marketing, Digital Marketing, Global Management) and Major Subject for BCom SEM-5 & 6.

- તા. ૨૪-૨૫ માર્ચ, ૨૦૨૫ દરમિયાન જોધપુર (રાજસ્થાન) સ્થિત Jai Narain Vyas Universityના PM-USHA (Pradhan Mantri - Uchchatar Shiksha Abhiyan) and ICSSR (Indian Council of Social Science Research) દ્વારા પ્રાયોજિત 'Global Economic Growth and Sustainable

Development: Emerging Challenges and Opprtunities' વિષયક International Conferenceમાં 'Impact of Goods and Services Tax (GST) on Indirect Taxation and Economic Growth in India: A Comparative Analysis Before and After Implementation' વિશે પેપર રજૂ કર્યું.

- તા. ૧૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ B.K. Shroff College of Arts & M.H. Shroff College of Commerce (An Autonomous College) ના IQAC (Internal Quality Assurance Cell)ના Audit સંચાલક અંતર્ગત વિષય-નિષ્ણાત તરીકે સક્રિય કામગીરી કરી.

- **પ્રકાશન:**

**Book :**

'UGC NET Commerce' (Co-author); Published by University Granth Nirman Board, Ahmedabad July - 2024.

**Note : The book was launched by Shri Rushikesh Patel, Hon'ble Education Minister of Gujarat State.**

**Research Paper :**

=> 'An Analytical Study on Financial Distress level of Automobile Industries in India' (Co-author); IDEAL-Research Journal, ISSN-2319-359X Impact Factor 7.537. Vol. XII, Issue-II, March-August-2024, Page 46-65.

=> 'Exploration of the evolution of cloud-based accounting systems and software mechanisms, current trends, and future prospects' (Co-author), in Research Review-Open Access peer-Reviewed & Refereed journal, An International Multidisciplinary Journal, Vol. 1, Issue-149, March-2025, Special Issue, ISSN-2321 - 4708, Page : 60-67.'

- Passed CCC+ exam (82%), Organized through SPIPA (Sardar Patel Institute of Public Administration)

- Centre for Professional Courses - Gujarat University, GLS University ની પરીક્ષાલક્ષી કામગીરીમાં વિષય નિષ્ણાત તરીકે સક્રિયરૂપે કાર્યરત.

- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

## ❑ ડૉ. સંજયકુમાર રાવલ :

- તા. ૧૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ગાંધીનગરમાં Government Commerce College દ્વારા આયોજિત The future of Learning : How AI is Reshaping the Society વિષયક International Conference માં AI's Role in Supporting Students with learning Challenges વિશે પેપર રજૂ કર્યું.

- National Testing Agency - An Autonomous Organization under the Department of Higher Education, Ministry of Education, Government of India ના નેજા હેઠળ આયોજિત Examsમાં as a Observer તરીકે નિમણૂંક થતા સક્રિયરૂપે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી પ્રોફેશનલ પરીક્ષા સમિતિ અંતર્ગત આયોજિત પરીક્ષામાં GU- તકેદારી અધિકારી તરીકે નિમણૂંક થતા કાર્યરત.
- C P Patel & F H Shah Commerce (Autonomous) College, Anand ના બોર્ડ ઑફ સ્ટડીઝ (Mathematics and Statistics) ના સભ્ય તરીકે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટીની સ્ટેટેસ્ટિક્સ વિષયની વિવિધ પરીક્ષાના સંદર્ભમાં કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિના સભ્ય તરીકે સક્રિયપણે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી-પરીક્ષા કંટ્રોલરૂમની કામગીરીના વ્યવસ્થાપક સભ્ય તરીકે નિમણૂંક થતા સક્રિયરૂપે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.
- **પ્રકાશન:**

=> **'Research Article & Research Note'** in...Sankhya Vignan - Peer Review Journal for Research and Readings in Applied Statistics; ISSN - 2321 - 0877; Published by Prof. Dr. C. G. Khatri Memorial Trust (Gujarat Statistical Association)

=> **Research Articles:**

– 'Research Note on Elliptical and Complex Elliptical Distributions'; No-4, NSV-20, December-2024; Page - 30-35.

– 'Some Assymptotic Results Associated with Elliptical Distributions', No-1, NSV-21 March - 2025, Page : 37-42.

=> **Research Note:**

'Market Equilibrium under the Dynamic states for the Demand and Supply Functions, No-2, NSV-20, June-2024, Page: 56-61.

★ **અર્થશાસ્ત્ર વિભાગ :**

❑ **ડૉ. કેતન મહેતા :**

- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

❑ **ડૉ. આશા રાઠવા :**

- ગુજરાત યુનિવર્સિટી પ્રોફેશનલ પરીક્ષા સમિતિ દ્વારા આયોજિત ભરતી પરીક્ષામાં GU - તકેદારી અધિકારી તરીકે નિમણૂંક થતા કામગીરી કરી.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

★ **હોમસાયન્સ વિભાગ :**

❑ **ડૉ. નયના પ્રજાપતિ :**

- તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગાંધીનગરમાં Children's Research University દ્વારા આયોજિત 'Screening Cum Evaluation Committee for CAS promotion' અંતર્ગત Meetingમાં as a subject expert ઉપસ્થિત રહ્યાં.
- ગુજરાત યુનિવર્સિટી, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

★ **ગુજરાતી વિભાગ :**

**શ્રી ઉમાશંકર જોશીની જન્મજયંતીની ઉજવણી :**

ડૉ. ૨૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ ડૉ. અર્ચના પંડ્યા તથા ડૉ. વર્ષા પ્રજાપતિની નિશ્રામાં કવિશ્રી ઉમાશંકર જોશીની ૧૧૩મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી. જેમાં SEM-III & Vની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. વિદ્યાર્થિનીઓએ ઉમાશંકર જોશીની કાવ્યરચનાઓનું પઠન તેમજ ગાન કરી, ઉજવણી કરી. વિભાગીય અધ્યાપકોએ કવિશ્રીના જીવન-કવનની છણાવટ કરી. ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે વિભાગીય પ્રવૃત્તિને બિરદાવી, શ્રી ઉમાશંકર જોશીના પ્રેરણાત્મક પ્રસંગોની રજૂઆત કરી.

**શૈક્ષણિક મુલાકાત**

તા. ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ડૉ. અર્ચના પંડ્યાના નેતૃત્વ હેઠળ SEM-IV & VIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ આનુષંગિક ગાંધીયુગ સંદર્ભે અમદાવાદના કોચરબ (સત્યાગ્રહ આશ્રમ) અને સાબરમતી આશ્રમની શૈક્ષણિક મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન જેમના

આચાર અને વિચારોથી ગુજરાતી ભાષા અને ગુજરાતી ભાષાનું સાહિત્ય પ્રભાવિત થયું છે એવા સર્જક ગાંધીજીના જીવનકવન સંબંધિત માહિતીપ્રદ ચિત્રો, પ્રદર્શન, ચીજ વસ્તુઓ નિહાળી, અભિભૂત થઈ. તદ્ઉપરાંત આશ્રમ સંલગ્ન પુસ્તકાલય પણ નિહાળ્યું.

**વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા :**

તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ડૉ. વર્ષા પ્રજાપતિના નેતૃત્વ હેઠળ SEM-IV & VI ની વિદ્યાર્થિનીઓ અમદાવાદમાં ગુજરાતીનો અધ્યાપક સંઘ અને એમ.પી. આર્ટ્સ ઍન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ ફોર વિમેનના સંયુક્ત ઉપક્રમે આયોજિત વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત રહ્યાં.

**નોંધ : ડૉ. વર્ષા પ્રજાપતિએ 'જયંત પાઠકનાં કાવ્યો' વિશે તજજ્ઞ વ્યાખ્યાન આપ્યું.**

**પરિસંવાદ :**

તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ડૉ. વર્ષા પ્રજાપતિના નેતૃત્વ હેઠળ SEM-IV & VI ની વિદ્યાર્થિનીઓ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના ગુજરાતી વિભાગ તથા ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'ચંદ્રકાન્ત શેઠઃ વ્યક્તિત્વ અને કર્તૃત્વ' વિષયક રાષ્ટ્રીય પરિસંવાદમાં સહભાગી થયાં.

**વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી : 'માતૃભાષા મહોત્સવ' :**

તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમીના નેજા હેઠળ કોલેજના ગુજરાતી વિભાગના યજમાનપદે માતૃભાષા મહોત્સવ અંતર્ગત કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમના આયોજનમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, વિભાગીય અધ્યાપકો ડૉ. અર્ચના પંડ્યા તથા ડૉ. વર્ષા પ્રજાપતિ તેમજ ગુજરાત સાહિત્ય અકાદમીના હોદ્દેદારો તેમજ સંબંધિત કર્મચારીઓએ સક્રિય ભૂમિકા ભજવી.

માતૃભાષાનું સંવર્ધન કરવાના હેતુથી આયોજિત કવિ સંમેલનમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના નિયામકશ્રી સોમાભાઈ પટેલ, ડૉ. વર્ષાબહેન પ્રજાપતિ તથા SEM-II, IV તથા VI (ગુજરાતી)ની વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યાં.

=> **પ્રારંભ**

કાર્યક્રમના પ્રારંભમાં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો માતૃભાષા દિવસની શુભેચ્છા પાઠવતું Video Clipings દર્શાવવામાં આવ્યું. ત્યારબાદ ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી ડૉ. ભાગ્યેશ જહા તથા

મહામાત્રશ્રી ડૉ. જયેન્દ્રસિંહ જાદવના માતૃભાષા મહોત્સવના શુભેચ્છા-સંદેશ સહ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગની નોંધ લેવામાં આવી.

ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે સૌને આવકારી, સંસ્થાગત ટૂંક પરિચય, ગુજરાતી વિભાગની પ્રવૃત્તિઓને ટાંકીને કવિ સંમેલન કાર્યક્રમને બિરદાવ્યો. વિશ્વ માતૃભાષા દિવસની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે, ''આપણી માતૃભાષા ગુજરાતી. ગરવી ગુજરાતી ભાષાનું ગૌરવ વધારવાના અભિયાનમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી ગતિશીલતા અર્પે છે. સમાજ અને સંસ્કૃતિમાં 'ભાષા' આગવું મહત્વ ધરાવે છે. તેમાંય જો 'માતૃ' શબ્દ ઉમેરાય એટલે એની અનુભૂતિ જ કંઈક નિરાલી થઈ જાય! માતૃભૂમિ, માતૃસંસ્થા અને માતૃભાષા આ શબ્દોના ઉદ્‌ગારોમાં તેના પ્રત્યેની હૃદયાંજલિ જ ઉભરતી હોય છે. માતૃભાષા ગૌરવ અભિયાનમાં મુખ્યત્વે ત્રણ લક્ષ્યો - ભાષા સજ્જતા, ભાષા સંવર્ધન, ભાષા સંરક્ષણ - સમાવિષ્ટ હોય છે.'' વધુમાં, તેમણે કવિ સંમેલનમાં સ્વ-રચિત રચનાઓ રજૂ કરનાર કવયિત્રીઓનું સાનંદ સ્વાગત કરી, ગુ.સા.અકાદમી તરફથી અપાયેલ પુસ્તક તેમજ કૉલેજ તરફથી સ્મૃતિભેટ આપી અભિવાદન કર્યું.

શ્રી સોમાભાઈ પટેલ (નિયામકશ્રી - ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ) એ આશિર્વચન સહ્ માતૃભાષા દિવસની સૌને શુભેચ્છાઓ પાઠવી.

=> **કવિ સંમેલન...**

શ્રી ગાયત્રી જે. ભટ્ટ, શ્રી પૂર્વી અપૂર્વ બ્રહ્મભટ્ટ તથા ડૉ. માર્ગી ડી. દોશી - ત્રણેય કવયિત્રીઓએ માતૃભાષા મહોત્સવના માહોલને દાદ-દુબારાથી તરબોળ કર્યું. પ્રણય, જીવનચિંતન, સામાજિક ઘટનાઓ, સામાજિક સમસ્યાઓ વગરે બાબતો / સંદર્ભોને કેન્દ્રમાં રાખી ગુણવત્તાસભર ધારદાર અભિવ્યક્તિ સાથે સ્વરચિત કવિતાઓ રજૂ કરી, જેને શ્રોતાજનોએ બિરદાવી.

**નોંધઃ** ડૉ. વર્ષા પ્રજાપતિ - 'ઝરમર' (કવયિત્રી; આસિસ્ટન્ટ પ્રોફેસર -ગુજરાતી વિભાગ, એસ.એલ.યુ. કૉલેજ) તથા હાફિઝા ઘોરી (વિદ્યાર્થિની) એ કાવ્યપઠન કરી, કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

આ કાર્યક્રમમાં એસ.એલ.યુ. કૉલેજ પરિવારના અધ્યાપકો પણ યથોચિત સમયે ઉપસ્થિત રહ્યાં.

=> **સમાપન :**

કવયિત્રીઓએ સંયુક્ત પ્રતિભાવ આપતા જણાવ્યું કે, ''અમદાવાદની વિરાસતરૂપ એસ.એલ.યુ. કૉલેજના સાહિત્યિક વાતાવરણમાં રચનાઓ રજૂ કરવાનો ખૂબ આનંદ આવ્યો. કૉલેજનો સુંદર આતિથ્ય સત્કાર માણ્યો. ભાવનાશીલ કૉલેજ પરિવારજનો - ઈનચાર્જ પ્રિન્સિપાલ, અધ્યાપકો - વિદ્યાર્થિનીઓ તેમજ નિયામકશ્રીને મળવાની તક આપવા તેમજ અત્રે પુસ્તક મોકલવા માટે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનો પણ આભાર માનીએ છીએ. ડૉ. વર્ષાબહેન પ્રજાપતિએ સેતુરૂપ ભૂમિકા ભજવી તેની ખુશી વ્યક્ત કરીએ છીએ.''

પ્રતિનિધિરૂપ વિદ્યાર્થિનીઓ પ્રતિભાવ આપતા જણાવ્યું કે, ''અભ્યાસક્રમની સાથે વિષયોચિત બાબતોને ધ્યાનમાં રાખીને કૉલેજમાં કાર્યક્રમો થાય છે, તેમાંથી અમને ઘણું શીખવા મળે છે. વર્ગ-ખંડમાં પણ અમે તેનું સ્મરણ કરીએ છીએ.''

ડૉ. વર્ષા પ્રજાપતિએ ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર, કવયિત્રીઓ, આમંત્રિતો, સહભાગીદારો સહિત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયક ભૂમિકા ભજવનાર સૌ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો.

સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. વર્ષા પ્રજાપતિએ કર્યું.

**નોંધ :** કાર્યક્રમ બાદ...

- સૌએ અલ્પાહારનો આસ્વાદ માણ્યો.
- સૌએ 'મારા હસ્તાક્ષર, મારી ભાષામાં' બેનરમાં માતૃભાષામાં હસ્તાક્ષર કર્યાં.

સમગ્ર કાર્યક્રમ સૌના સાથ-સહકારથી સફળતાપૂર્વક સંપન્ન થયો.

**પ્રતિબિંબ-ભીંતપત્ર :**

પ્રતિવર્ષની જેમ સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થિનીઓએ વિભાગીય અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ માતૃભાષા ગુજરાતીને લક્ષમાં રાખી, તેના વિવિધ પાંસાને આનુષંગિક માહિતી એકત્રિત કરી, પ્રતિબિંબમાં રજૂ કરી.

## ❑ ડૉ. અર્ચના પંડ્યા :

- તા. ૩૦ જૂન, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા વિશ્વ સોશિયલ મીડિયા દિવસ નિમિત્તે આયોજિત 'સાહિત્ય અને સમૂહ માધ્યમો' વિષયક પરિસંવાદમાં સહભાગી થયાં.
- તા. ૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ દ્વારા આયોજિત 'ગુજરાતી વિવેચનની પરંપરા' વિષયક પરિસંવાદમાં સહભાગી થયાં.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

## ❑ ડૉ. વર્ષા પ્રજાપતિ :

- **વક્તા તરીકે...**

=> તા. ૨૬ જુલાઈ, ૨૦૨૪ના રોજ ગાંધીનગર સ્થિત Kadi Sarva Vishwavidyalayaના Faculty of Education દ્વારા સંચાલિત શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના નેજા હેઠળના 'ઊર્મિકાવ્યનું સ્વરૂપ અને તેની વિભાવના' વિષયક વ્યાખ્યાન કાર્યક્રમમાં 'ઊર્મિકાવ્યઃ સ્વરૂપ અને વિભાવના' વિશે તજજ્ઞ વ્યાખ્યાન આપ્યું.

=> તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ લુણાવાડા (જિ. મહીસાગર) સ્થિત Shri P. N. Pandya Arts, MP Pandya Science & Smt. D. P. Pandya Commerce College ના ગુજરાતી વિભાગ દ્વારા આયોજિત અભ્યાસક્રમ આનુષંગિક Online વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત 'ગીત સ્વરૂપ સંદર્ભે અભ્યાસનિયત ગીત રચનાઓ' વિશે Online વ્યાખ્યાન આપ્યું.

=> તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ આણંદમાં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને આણંદ આર્ટ્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'નારી તારાં નવલાં રૂપ: ગુજરાતી સાહિત્યમાં સ્ત્રી-છબી' વિષયક રાજ્ય સ્તરીય પરિસંવાદમાં 'ગુજરાતી કવિતામાં નારી છબી' વિશે વ્યાખ્યાન આપ્યું.

=> તા. ૨૭ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ ગોધરા (જિ. પંચમહાલ) સ્થિત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના Course work અંતર્ગત G-set classes for research scholars દ્વારા આયોજિત Online વ્યાખ્યાન કાર્યક્રમમાં 'સાહિત્ય સ્વરૂપો' વિશે Online વ્યાખ્યાન આપ્યું.

=> તા. ૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગોધરા (જિ. પંચમહાલ) સ્થિત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના Course work અંતર્ગત Ph.D Course work : 2024-'25 દ્વારા આયોજિત Online વ્યાખ્યાન કાર્યક્રમમાં 'કાવ્યક્ષેત્રે સંશોધન' વિશે વ્યાખ્યાન આપ્યું.

=> તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ અમદાવાદ સ્થિત Smt. A.P. Patel Arts & Late Shree N. P. Patel Commerce Collegeના ગુજરાતી વિભાગ દ્વારા કવિ રાજેન્દ્ર શાહની જન્મ જયંતી નિમિત્તે આયોજિત વ્યાખ્યાન કાર્યક્રમમાં 'રાજેન્દ્ર શાહના કાવ્યો' વિશે જ્ઞાનસભર મનનીય વ્યાખ્યાન આપ્યું.

**નોંધ:** ડૉ. વર્ષા પ્રજાપતિએ ઉપર્યુક્ત માતૃસંસ્થા / કૉલેજના પુસ્તકાલયને આઠ પુસ્તકો ભેટરૂપે અર્પિત કર્યાં.

=> તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગાંધીજી નિર્વાણ દિન નિમિત્તે વડોદરા સ્થિત સત્યેશ્વર મહાત્મા ગાંધી ફાઉન્ડેશન દ્વારા આયોજિત વ્યાખ્યાન કાર્યક્રમમાં 'ગાંધીજીઃ એક બહુમુખી પ્રતિભા' વિશે રસપ્રદ માહિતીસભર વ્યાખ્યાન આપ્યું.

- **સેમિનાર...**

=> તા. ૨૩-૨૫ મે, ૨૦૨૪ દરમિયાન કલકત્તા (પશ્ચિમ બંગાળ) સ્થિત એસ.વી. સોશીયલ વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા આયોજિત જૂઈ-મેળો : ૨૦૨૪ (કવયિત્રી સંમેલન) અંતર્ગતના પરિસંવાદમાં 'એકવીસમી સદીની કવયિત્રીઓની કવિતા' વિશે મનનીય વ્યાખ્યાન આપ્યું.

**નોંધ:** તા. ૨૪ મે, ૨૦૨૪ના બન્ને સત્ર (પ્રથમસત્રઃ ગદ્યસત્ર; દ્વિતીયસત્રઃ નારીલેખન નું સુચારુ સંચાલન કર્યું.

=> તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ તથા ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'સમર્થ સમકાલીન સર્જકઃ સતીશ વ્યાસ' વિષયક પરિસંવાદમાં 'સતીશ વ્યાસના નાટકોમાં નાટ્ય-પ્રયુક્તિઓ' વિશે પેપર રજૂ કર્યું.

**નોંધઃ** પરિસંવાદની સમાંતર બેઠક પૈકી એક બેઠક (Session) માં 'અધ્યક્ષ' તરીકે ભૂમિકા ભજવી.

=> તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ગાંધીનગરમાં સાહિત્ય અકાદમી-દિલ્હી; ગુજરાત સાહિત્ય અકાદમી- ગાંધીનગર અને ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી-ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'ભારતીય બાળસાહિત્યઃ ઈતિહાસ અને ભાષા' વિષયક રાષ્ટ્રીય સંગોષ્ઠીમાં સહભાગી થયાં.

=> તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અમદાવાદમાં ગુજરાતીનો અધ્યાપક સંઘ અને ગુજરાત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ (સાંજ)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળામાં સહભાગી થયાં.

=> તા. ૧૫-૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન વડોદરામાં ગુજરાતી અધ્યયન વિભાગ- ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય અને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના સંયુક્ત યજમાનપદે આયોજિત ગુજરાતીનો અધ્યાપક સંઘના ૭૪માં વાર્ષિક અધિવેશનમાં સહભાગી થયાં.

- **પારિતોષિક...**

તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ મુંબઈ સ્થિત કલાગુર્જરી (ગુજરાતની અસ્મિતાને - સાહિત્ય, સંગીત, નૃત્ય, શિલ્પ-સ્થાપત્ય, ચિત્રકામ, છબીકલા, નાટક, લોકકલા-સમર્પિત એક અનન્ય સાંસ્કૃતિક સંસ્થા) દ્વારા આયોજિત દ્વિરેકભાઈ રાજ દ્વારા પુરસ્કૃત વિરેનભાઈ કલ્યાણજીભાઈ રાજપોપટ સ્મૃતિ અંતર્ગતની **ગિરા ગુર્જરી પારિતોષિક સ્પર્ધાઃ ૨૦૨૪**માં ભાગ લીધો. જેમાં **'અલખ મલક અજવાળું' કાવ્યસંગ્રહને ગિરા ગુર્જરી પ્રથમ પારિતોષિક એનાયત** થયું.

**નોંધ** : ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યાં.

- **પ્રકાશન...**

**પુસ્તકઃ**

'ઊર્મિકાવ્ય સ્વરૂપ' - વિવેચન પુસ્તક (૨૦૨૪); ISBN-978-81-97243035; પ્રકાશન-સાહિત્ય સ્વરૂપ શ્રેણી અંતર્ગત Zcad Publication, Ahmedabad.

**લેખ...**

=> 'કાલિન્દી પરીખના અછાંદસ કાવ્ય સંગ્રહ- શેતરંજી; શબ્દસૃષ્ટિ ; જયેન્દ્રસિંહ જાદવ (સં.); ISSN - 23193220; અંક-12, સળંગ અંક 493; ડિસેમ્બર-૨૦૨૪; Page : 243 - 247.

=> શબ્દસર; નિસર્ગ આહીર (સં.) ISSN: 2249-2933 અંતર્ગત :

- 'તેજ લીસોટા ત્રાડ' - કાવ્યસંગ્રહ; એપ્રિલ-૨૦૨૬; Page : 73 - 82.

- 'અંગારો બહુવિધ અર્થપ્રતીતિના કાવ્યો' - મે -૨૦૨૪; Page : 23 - 36.

- 'પ્રેમ એટલે તું રમ્ય ભાવની કવિતા'; નવેમ્બર -૨૦૨૪; Page : 57 - 63.

**પુસ્તકમાં આર્ટિકલ...**

=> 'માટી અને મેઘ' - કાવ્યસંગ્રહ; માટી મલકને મોલ (૨૦૨૫) - મણિલાલ હ. પટેલ અમૃતપર્વ ગ્રંથ (૨૦૨૫); ISBN: 978-81-969869-6-4; લજ્જા પબ્લિકેશન, વલ્લભ વિદ્યાનગર; Page : 120 - 131.

=> 'વરસાદ ભીંજવે' - રમેશ પારેખના ગીતનો આસ્વાદ; 'ચાંદો નીચોવી ભર્યા વાટકા' - અર્વાચીન ગુજરાતી કવિતાના ૨૯ કાવ્યોના આસ્વાદ (૨૦૨૫); સુનીલ જાદવ (સં.);ISBN: 978-8119542-77-2; ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ; Page : 35 - 29.

=> 'ઉશનસ્ સંપાદિત જયંત પાઠકની કવિતા-એક અભ્યાસ'; અધીત (૨૦૨૫); ગુજરાતીનો અધ્યાપક સંઘ મંત્રીઓ (સં.); ISBN: 978-81-19542-64-2; ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ; Page : 138 - 146.

- **સ્વરચિત કવિતા / ગઝલ...**

=> 'આપદીવી' - કવિતા; પરબ; કિરીટ દૂધાત (સં); વર્ષ-૧૯, અંક-૭, જાન્યુઆરી - ૨૦૨૫; પ્રકાશન ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; Page : 14.

=> 'ઝીણું ઝીણું ઝરી ગયું...' - ગઝલ;

'ગ્રંથો આપી ના સમજાવ...' - ગઝલ;

કવિતા; રમેશ પુરોહિત (તંત્રી); વર્ષ-૫૭; અંક-૩૪૩ નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૪; જન્મભૂમિ પ્રકાશન; Page : 29.

=> 'રહું બસ જાગતી કે ક્યાંક...' - ગઝલ;

શબદ-દીપોત્સવી વિશેષાંક; વર્ષ-૨૦૨૪; પ્રકાશન-ગાંધીનગર સાહિત્ય સભા.

=> 'પંખો' - કવિતા ; તાદર્થ્ય (તંત્રી સવિતાબહેન મફતભાઈ ઓઝા); જૂન-૨૦૨૪; અમદાવાદ; Page : 7.

- **પ્રસારણ...**

=> તા. ૭ જુલાઈ, ૨૦૨૪ના રોજ GTPL ચેનલ 282 પર રથયાત્રા નિમિત્તે કાવ્યરસ અંતર્ગત પ્રસારિત રથયાત્રા વિશેષ કવિસંમેલનમાં કાવ્યપઠન કર્યું.

=> તા. ૮ માર્ચ, ૨૦૨૫ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે GTPL ચેનલ 282 પર 'કાવ્ય હેલી' અંતર્ગત પ્રસારિત કવિસંમેલનમાં કાવ્યપઠન કર્યું.

=> તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ (પ્રજાસત્તાક દિનઃ ૨૦૨૫ની પૂર્વસંધ્યા) પ્રજાસત્તાકદિન નિમિત્તે આકાશવાણી, અમદાવાદ દ્વારા પ્રસારિત રાષ્ટ્રીય કવિ સંમેલનમાં સુજાતા રાઉતની અછાંદસ કવિતા (મરાઠી ભાષાનો વર્ષાબહેને કરેલો ગુજરાતીનો ભાવાનુવાદ)નું સ્વરપઠન કર્યું.

- **કવિ સંમેલનમાં કાવ્યપઠન...**

=> તા. ૧૯ મે, ૨૦૨૪ના રોજ ગાંધીનગરમાં ગુજરાત સાહિત્ય અકાદમી તથા વિશ્વભારતી સંસ્થાન અંતર્ગત જૂઈ મેળો દ્વારા આયોજિત કવિસંમેલન,

=> તા. ૨૩-૨૪-૨૫, ૨૦૨૪ દરમિયાન પૂના (મહારાષ્ટ્ર)માં વિશ્વ ભારતી સંસ્થાન અંતર્ગત આયોજિત જૂઈ મેળો - કવયિત્રી સંમેલનમાં,

**નોંધ** : મહારાષ્ટ્ર સાહિત્ય પરિષદ, ગુજરાતી કેળવણી મંડળ-પૂના તથા સાહિત્ય ભગિની મંડળના સંયોજનથી આયોજિત પારિતોષિક એનાયત કાર્યક્રમનું સુચારુ સંચાલન કર્યું,

=> તા. ૨૩ જુલાઈ, ૨૦૨૪ના રોજ ભાવનગરમાં શ્રી આર.ડી. ગાર્ડી સ્ત્રી કેળવણી મંડળ સંસ્થાના એકસો વર્ષ (શતાબ્દી વર્ષ)ની ઉજવણીના ભાગરૂપે આયોજિત કવિસંમેલનમાં,

=> તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં પ્રદાન કોમ્યુનિકેશન - સદા સર્વદા કવિતા મંચ તથા GTPL ગુજરાતી ચેનલના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'કાવ્યહેલી' અંતર્ગત કવિસંમેલનમાં,

=> તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ થરા (જિ. બનાસકાંઠા)માં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તથા નચિકેતા સંસ્કારધામ (કૉલેજ)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત કવિસંમેલનમાં,

=> તા. ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ વિરમગામ (જિ. અમદાવાદ)માં ડી.સી.એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામ દ્વારા આયોજિત 'નારી ચેતના' અંતર્ગતની રાષ્ટ્રીય સંગોષ્ઠિ અને કવિસંમેલનમાં,

=> તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે અમદાવાદમાં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને વિશ્વભારતી સંસ્થાન, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આયોજિત માતૃભાષા મહોત્સવ અંતર્ગતના કવયિત્રી સંમેલનમાં,

=> તા. ૫ માર્ચ, ૨૦૨૫ના રોજ અમદાવાદમાં વિશ્વભારતી સંસ્થાન, અમદાવાદ અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત કવયિત્રી સંમેલનમાં,

=> તા. ૨૨ માર્ચ, ૨૦૨૫ના રોજ રાજકોટમાં ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ દ્વારા આયોજિત કવિ સંમેલનમાં,

... સ્વરચિત કાવ્યનું પઠન કર્યું.

- **નિર્ણાયક તરીકે...**

=> તા. ૧૭ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ અમદાવાદ સ્થિત ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત 'રક્ષાબંધન ગીત ગૂંફન સ્પર્ધા'ના નિર્ણાયક તરીકે કામગીરી કરી.

=> તા. ૯-૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ દરમિયાન અમદાવાદ સ્થિત ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત 'યુવા ભારતીઃ ૨૦૨૪' યુવક મહોત્સવ અંતર્ગતની વક્તૃત્વ તથા શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધાના નિર્ણાયક તરીકે કામગીરી કરી. (સ્પર્ધા તારીખઃ ૦૯/૧૦/૨૦૨૪)

- ગુજરાતીનો અધ્યાપક સંઘના (ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ વિસ્તાર) મંત્રી તરીકે સક્રિયરૂપે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્ટડીઝ (ગુજરાતી)ના સભ્ય તરીકે નિયુક્ત થતા કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત
- સી.યુ. શાહ યુનિવર્સિટી - સુરેન્દ્રનગર સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

## ★ हिन्दी विभाग:

**हिन्दी दिवस** :

ता. १४ सितंबर, २०२४ को हिन्दी दिवस के उपलक्ष्य में पारस्परिक शुभेच्छाए प्रदान कि गई।

हिन्दी दिवस के उपलक्ष्य में आयोजित कार्यक्रमों में (काव्यपठन, चर्चा) SEM-I, III, V की छात्राओने विभागीय अध्यापको कि निश्रा में बढ़-चढ़ कर हिस्सा लिया।

कार्यक्रमों के दोरान कार्यकारी आचार्य डॉ. शैलजा ध्रुवने हिन्दी विभाग को आयोजित कार्यक्रमो के लिए अभिनंदन सह शुभेच्छा प्रदान की। साथ में हिन्दी भाषा को भारतीय राजभाषा के रुप में कैसे स्वीकार किया गया, उस की पृष्ठभूमि, तारीख़ का निर्णय, हिन्दी का महत्व, संपर्क व्यवहार में हिन्दी की उपयोगिता आदि मुदे पर अपना उदबोधन किया।

विभागीय अध्यक्षा डॉ. निशा जोशीने हिन्दी दिवस के उपलक्ष्य में हिन्दी भाषा के प्रति बढ़ती जागृति पर अपने विचार रखे।

=> **काव्यपठन:**

ता. १४ सितंबर, २०२४ को आयोजित इस कार्यक्रम में छात्राओं ने हिन्दी में लिखे गये भावना प्रद काव्य रचनाओं का उत्साह के साथ पठन किया।

=> चर्चाः

ता. १६ सितंबर, २०२४ को 'हिन्दी भाषा के महत्व' के संदर्भ में आयोजित चर्चा में भी छात्राओंने उत्साह के साथ हिस्सा लिया। इस चर्चा में विभागीय अध्यापको ने भी अपने अपने विचार व्यक्त किये।

प्रा. डॉ. रावजी कोटवालने दोनो कार्यक्रमों का सुचारुं संचालन करते हुए कार्यक्रम में सहभागी बने सभी छात्राओं को प्रोत्साहित किया।

एस.एल.यु. कॉलेज परिवारजनोने भी कार्यक्रम के दोरान उपस्थित हो के हिन्दी दिवस के अवसर पर आयोजित कार्यक्रम में अपना योगदान दिया।

प्रति कार्यक्रम के समापन में डॉ. निशा जोशी एवं डॉ. रावजी कोटवालने कार्यक्रम कि सफलता में प्रत्यक्ष या परोक्ष रुप से सहयोग देनेवाले सभी के प्रति आभार व्यक्त किया।

- ❑ **डॉ. निशा जोशी :**

- अध्यापक सहायक भरती के लिए पसंदगी समिति में हिन्दी के विषय निष्णात के रुप में नियुक्ति और कार्यरता।
- गुजरात युनिवर्सिटी संलग्न परीक्षालक्षी कामगीरी में कार्यरत।

  **नोंध** : BA SEM-IV & V (हिन्दी) की परीक्षा के चेरमेन (Chairperson) के रुप में कार्य किया।

- ❑ **डॉ. निशा जोशी एवं डॉ. रावजी कोटवाल :**

- ता. ७-८ फरवरी, २०२५ दरमियान विरमगाम (जि. अहमदाबाद) में केंद्रीय हिंदी संस्थान, आगरा (अहमदाबाद केंद्र) - शिक्षा मंत्रालय, भारत सरकार एवं देसाई चंदुलाल मणिलाल आर्ट्स एंड कॉमर्स कॉलेज के संयुक्त तत्वाधान में आयोजित 'साहित्य के नव विमर्श' विषयक अंतरराष्ट्रीय संगोष्ठी में सहभागी हुए, जिस में

  - डॉ. निशा जोशीने 'नारी विमर्श: महिला कथाकारों के सन्दर्भ में' पर

  - डॉ. रावजी कोटवालने 'नव विमर्श: आत्मकथा के संदर्भ में' पर

  ...... प्रपत्र प्रस्तुत किए।

- ता. २७ मार्च, २०२५ को अहमदाबाद में गुजरात विश्वविद्यालय के हिन्दी विभाग एवं हिन्दी साहित्य अकादमी, गांधीनगर के संयुक्त तत्वाधान में आयोजित रामकथा और हिन्दी साहित्य विषयक राष्ट्रीय संगोष्ठी में सहभागी हुए। जिस में

- डॉ. निशा जोशीने 'रामभक्ति: संशय की एक रात के संदर्भ में' पर

- डॉ. रावजी कोटवाल ने 'रामभक्ति: प्रवाद पर्व के संदर्भ में' पर

... प्रपत्र प्रस्तुत किए ।

❑ **डॉ. रावजी कोटवाल :**

- गुजरात युनिवर्सिटी संलग्न परीक्षालक्षी कामगीरी में सक्रिय रुप से कार्यरत ।

## ★ English Department :

❑ **Dr. Madhusudan Mukerjee :**

- Participated in the Psychology Conference on 'Social Media and Mental Health: Nature, Impact and Solutions' under GIPS PSYCON-2024 Organized by The Department of Psychology-Gujarat Institute of Psychological Sciences (GIPS) Supported by Heart Foundation and Research Institute at Ahmedabad held on 16 June, 2024.

  **Note** : Conducted a Session on the Psychology of Social Media.

- Participated in exam oriented duties of Gujarat University.

❑ **Dr. Rashmi Soni :**

- Participated in the Faculty Development Programme (FDP) on 'NEP & IKS', Jointy Organized by KCG (Knowledge Consortium of Gujarat, Education Department, Government of Gujarat) and MM-TTC (Malaviya Mission Teacher Training Centre, Gujarat University) under the initiative TEERTH (Training for Excellence, Efficiency & Research Towards Higher Education), held from 25-30 November, 2024.

- Participated in exam oriented duties of Gujarat University.

## ★ ભૂગોળ વિભાગ :

**શૈક્ષણિક મુલાકાત :**

તા.૩ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ડૉ. ઘનશ્યામ અંજારા તથા ડૉ. શ્વેતા ઝાલાની નિશ્રામાં SEM-I, III, Vની વિદ્યાર્થિનીઓએ અમદાવાદ સ્થિત ISRO/SACની શૈક્ષણિક મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ ISRO(Indian Space Research Organisation) તેમજ

Geographical Information System & Remote વિશે માહિતી પ્રાપ્ત કરી. મુલાકાત દરમિયાન ISRO સંબંધિત બાબતોની ડોક્યુમેન્ટરી પણ બતાવવામાં આવી. વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોતરી દ્વારા સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

**ભૌગોલિક શૈક્ષણિક પ્રવાસ :**

તા. ૯-૧૧ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન SEM-VIની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમ (પેપર: ૩૧૫; પ્રાયોગિક ભૂગોળ)ને અનુલક્ષીને ડૉ. ઘનશ્યામ અંજારા તથા ડૉ. શ્વેતા ઝાલાના નેતૃત્વ હેઠળ 'ગુજરાત રાજ્યના પડોશી કેન્દ્ર શાષિત પ્રદેશો (દમણ, દાદરાનગર હવેલી અને સેલવાસ) - એક ભૌગોલિક પ્રવાસ' અંતર્ગત શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું.

આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થિનીઓએ પ્રદેશ અનુસાર તેનું ભુપૃષ્ઠ, કુદરતી વનસ્પતિ, ખેતીના પાકો, અંતરિયાળ આદિવાસી વસ્તી; નદી અને સમુદ્ર કિનારાના ઘર્ષણ, દમણ-ગંગાડેમની સિંચાઈ તેમજ ખેતી; સંજાણ અને ઉમરગામ બંદરના મત્સ્ય વ્યવસાય સંબંધિત ખરીદ-વેચાણની પધ્ધતિઓ વગેરે વિશે માહિતી પ્રાપ્ત કરી.

❑ **ડૉ. ઘનશ્યામ અંજારા :**

- ગુજરાત યુનિવર્સિટી અંતર્ગત NEP : 2020 અભ્યાસક્રમ પ્રક્રિયામાં (SEM-III, IV: ભૂગોળ) સહાયક ભૂમિકા ભજવી.
- ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્ટડીઝ (ભૂગોળ)ના સભ્ય તરીકે કાર્યરત.
- ગુજરાત ભૂગોળ મંડળના ખજાનચી તરીકે કાર્યરત.
- સરદાર પટેલ યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, સાબરમતી યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત; બોર્ડ ઑફ સ્ટડીઝ (ભૂગોળ)ના સભ્ય તરીકે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

  **નોંધ** : SEM-V & VI (ભૂગોળ)ના ચેરમેન તરીકે નિયુક્ત થતા કાર્યરત.
- **પ્રકાશન :**

  **Paper :**

  'Green Development Practices for Populated Ahmedabad city', in Meadow-International Journal of Advancements in Multidisciplinary Research (MJAMR); International Open Access Peer-Reviewed, Referred journal-Vol.09; Issue-01; March-2024; ISSN-2584-1297 Impact Factor: 4.4; Published by: Meadow Publication, Himmatnagar-Gujarat. Page:

- ડૉ. શ્વેતા ઝાલા :

- તા. ૧૩ નવેમ્બર - ૩ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન Gaya (Bihar) માં Department of Geology Central University of South Bihar, Gaya દ્વારા આયોજિત અને National Geospatial Programme (NGP), Department of Science and Technology (DST) Government of India, New Delhi દ્વારા પ્રાયોજિત 'NGP-DST winter School on Geospatial Technologies (Level-1)' વિષયક Training Programme માં સહભાગી થયાં.

**Note** : - Training Programme માં 'A' Grade પ્રાપ્ત કર્યો.

- Team Project on 'Retreating Glaciers in Chandra - Bhaga Basin', Obtained Best Project and Dr. Shweta Zala Obtained 1st rank in the project compeletion.

- યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) નવી દિલ્હી દ્વારા અમદાવાદમાં આયોજિત પરીક્ષાના સંચાલન માટે Local Inspecting Officer તરીકે નિમણૂંક થતા કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

## ★ ઈતિહાસ વિભાગ :

### સેમિનાર :

તા. ૨૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓ માટે 'હડપ્પીયન સંસ્કૃતિ' વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓના Group કરવામાં આવ્યાં. પ્રત્યેક Group એ PPT દ્વારા વિષયોચિત વિવિધ પાસાઓની રજૂઆત કરી.

પ્રત્યેક Group ની રજૂઆત બાદ ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટે વિદ્યાર્થિનીઓને અભિનંદન સહ્ વિષયોચિત સવિશેષ માહિતી તેમજ સૂચનો કરી, વૈચારિક આદાન-પ્રદાન કર્યું.

**નોંધ** : ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે માર્ગદર્શકરૂપ ભૂમિકા ભજવનાર તેમજ આધુનિક ઉપકરણથી વિરાસતરૂપ સંસ્કૃતિ વિષયક સેમિનાર યોજનાર પ્રા. ડૉ. હર્ષદભાઈ બ્રહ્મભટ્ટને તેમજ સેમિનારમાં ઉત્સાહભેર ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને બિરદાવી, અભિનંદન સહ્ શુભેચ્છાઓ પાઠવી.

- પ્રા. નરવતસિંહ ડામોર :

- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

- ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ :

- તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અમદાવાદમાં Gujarat Universityના Department of History દ્વારા આયોજિત 'Contribution of Professor Makrand Mehta to the Historiography' વિષયક

National Seminar માં 'ઈતિહાસકાર મકરંદ મહેતાનો ઈતિહાસ-લેખનમાં ફાળો' વિશે પેપર રજૂ કર્યું.

- ગુજરાત યુનિવર્સિટીના Ph.D (ઈતિહાસ) ગાઈડ તરીકે કાર્યરત.
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરામાં Ph.D. Viva (ઈતિહાસ)માં વિષય નિષ્ણાત તરીકે વરણી થતા કામગીરી કરી.
- ગુજરાત ઈતિહાસ પરિષદના ઉપપ્રમુખ તરીકે સક્રિયપણે કાર્યરત.
- અખિલ ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ નવી દિલ્હી- ગુજરાત પ્રાંતના ઉપપ્રમુખ તરીકે કાર્યરત.
- મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની પરીક્ષાલક્ષી કામગીરીમાં વિષય નિષ્ણાત તરીકે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્ટડીઝ (ઈતિહાસ)ના વિષય નિષ્ણાત તરીકે વરણી થતા કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી અંતર્ગત NEP:2020 અભ્યાસક્રમ પ્રક્રિયામાં (SEM-III, IV ) સહાયક ભૂમિકા ભજવી.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

**નોંધ** : SEM-IV (ઈતિહાસ) ના ચેરમેન તરીકે નિયુક્ત થતા કાર્યરત.

## ★ માનસશાસ્ત્ર વિભાગ :

### ❑ ડૉ. નીતા પટેલ :

- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

## ★ સમાજશાસ્ત્ર વિભાગ :

Samaj Setu...We Create Relations અંતર્ગત અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

\- **પ્રોજેક્ટ કાર્ય :**

ડૉ. ચંદ્રિકા રાવલના (પૂર્વ પ્રૉફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) માર્ગદર્શન હેઠળ વિભાગીય અધ્યાપકો અને SEM-V / VI ની વિદ્યાર્થિનીઓએ Social Profile of Sociology Students : SLU Arts and H. & P. Thakore Commerce College for Women અંતર્ગત પ્રોજેક્ટ કાર્ય કર્યું.

- **Presentation Competition** :

  તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ SEM-VI ની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમના (પેપરઃ ૩૦૪ : નગર સમાજશાસ્ત્ર) અનુસંધાનમાં 'નગર સમાજના લક્ષણો' વિષયક Presentation Competition નું આયોજન કરવામાં આવ્યું. જેમાં **રુચિતા દીપકભાઈ ધંધુકીયા - પ્રથમ સ્થાને; કોમલ દિનેશભાઈ વેગડા- દ્વિતીય સ્થાને** તથા **જયા બળદેવભાઈ ઝાલા - તૃતીય સ્થાને વિજેતા** બન્યાં.

- **Guest Lecture :**

- તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ **ડૉ. હેતલ ઠક્કર** (ઍસોસિયેટ પ્રોફેસર-સમાજશાસ્ત્ર વિભાગ, ગવર્મેન્ટ આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર) એ SEM-II, IV, VI (સમાજશાસ્ત્ર : મુખ્ય વિષય)ની વિદ્યાર્થિનીઓને **'મહિલાઓના દરજ્જા સુધારણામાં મહિલાઓની ભૂમિકા'** વિષય અંતર્ગત વ્યક્તિગત તેમજ વ્યવસાયિક અનુભવના આધારે સદૃષ્ટાંત વિષયોચિત માહિતીપ્રદ વક્તવ્ય આપ્યું. તેમણે પોતાના વક્તવ્યમાં વિષય-શિર્ષક આનુષંગિક મહિલા, દરજ્જો, ભૂમિકા, દરજ્જામાં સુધારણાની વિભાવના; વિવિધ ક્ષેત્રો જેવા કે વહીવટી, રાજકીય, ઔદ્યોગિક, રમતગમત વગેરેમાં નામના મેળવનાર મહિલાઓ, વિશેષતઃ ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, બોકસીંગ ખેલાડી - મેરી કોમ, નાયકાના CEO ફાલ્ગૂની નૈયરના જીવનકવનને સાંકળીને વિષયોચિત રજૂઆત કરી.

- તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ **શ્રી સ્મિતા ચાવડા** (પ્રોજેક્ટ કૉ-ઑર્ડિનેટર, અખંડ જ્યોત ફાઉન્ડેશન, ફતેપૂરા, પાલડી, અમદાવાદ) એ SEM-II, IV, VI (સમાજશાસ્ત્રઃ મુખ્ય વિષય)ની વિદ્યાર્થિનીઓને **'મહિલાઓની સમસ્યા નિવારણમાં બિનસરકારી સંસ્થાઓની કામગીરી'** વિષય અંતર્ગત આનુભવિક મનનીય વક્તવ્ય આપતા જણાવ્યું કે, ''સ્વૈચ્છિક સંસ્થાઓ non Profitable હોય છે. તેઓ Profit માટે નહીં પણ સમાજના ઉત્થાન માટે કાર્ય કરે છે. ખાસ કરીને મહિલાઓ, બાળકો તેમજ સમાજના કોટિક્રમિક સ્તરમાં નિમ્ન સ્થાન ધરાવતા સમૂહો - સમુદાયોના ઉત્કર્ષ માટે કાર્યરત હોય છે.'' વધુમાં તેમણે અખંડ જ્યોત ફાઉન્ડેશનના નેજા હેઠળના વિવિધ પ્રોજેક્ટસ જેમ કે, સ્ટ્રીટ એજ્યુકેશન પ્રોજેક્ટ (મહિલા અને બાળકોના શિક્ષણ); વિવિધલક્ષી મહિલા કલ્યાણ પ્રોજેક્ટ (મહિલાઓને ઘરેલું હિંસા, જાતીય સતામણી માટે મફત કાનૂની સલાહ); મહિલા સશક્તિકરણ અભિયાન અંતર્ગત બફેલો પ્રોજેક્ટ (મહિલાઓને ભેંસો આપીને પગભર બનાવવી); સ્કીલ ડેવલપમેન્ટ - કૌશલ્ય વિકાસ કાર્યક્રમો (સીવણ, બ્યૂટી પાર્લર, હોસ્પિટલ સ્ટેન્ડસ જેવા કોર્સ મારફત મહિલાઓને સક્ષમ બનાવી પગભર કરવીર); આરોગ્ય વિષયક પ્રોજેક્ટ (HIV / AIDS જાગૃતિ, તકેદારી, સારવાર...) વિશે માહિતી પ્રદાન કરી. વધુમાં જણાવ્યું કે, અર્બન હેલ્થ સેન્ટરનું સંચાલન પણ આ ફાઉન્ડેશન દ્વારા થાય છે. એટલે કે સ્વૈચ્છિક સંસ્થાઓ સમાજજીવનમાં જોવા મળતી વિવિધ સમસ્યાઓના નિરાકરણમાં ફાળો આપી, સંસ્થા-સ્થાપનના હેતુઓને સાર્થક કરવા કટિબધ્ધ પણ રહે છે.''

- તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ **શ્રી દેવલ ભટ્ટ** (Vice Principal; નિયામક-શારીરિક શિક્ષણ વિભાગ; St. Ann's School, Gurukul, Ahmedabad) એ SEM-II, IV, VI (સમાજશાસ્ત્રઃ મુખ્ય વિષય)ની વિદ્યાર્થિનીઓને **'શૈક્ષણિક સંસ્થામાં શારીરિક શિક્ષણની આવશ્યકતા'** વિશે પોતાના અનુભવ દ્વારા રજૂઆત કરી, પ્રેરણાત્મક માહિતી પ્રદાન કરી. તેમણે જણાવ્યું કે, ''શિક્ષણ સાથે શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓ પૈકી શારીરિક શિક્ષણ, રમતગમત વ્યક્તિત્વ વિકાસમાં અનેરો ફાળો આપે છે. આત્મવિશ્વાસ વધારવા, નેતૃત્વશક્તિ ખીલવવા, બાંધ-છોડ કરવાનું વલણ કેળવવા, હાર-જીતને પચાવવા, ધ્યાન-યોગ દ્વારા મનોબળને પાવરધુ કરવા માટે નર્સરીથી મહાવિદ્યાલય જેવી શિક્ષણ સંસ્થા Indoor અને Outdoor રમતોને પ્રાધાન્ય આપે છે.'' વધુમાં તેમણે જણાવ્યું કે, ''મને આજે ખુશી છે કે જ્યાંથી હું સ્નાતક (બી.કૉમ) થઈ એવી આ SLU College ના મેદાનને વિદ્યાર્થી સમયગાળામાં ખૂબ ધમધમાવેલું. જી હા, હું આ કૉલેજની પૂર્વ વિદ્યાર્થિની છું. અધ્યાપકો, કર્મચારી ભાઈ-બહેનો અમારી ખેલાડી તરીકેની કાબેલિયતને ખૂબ પ્રોત્સાહિત કરતાં. અમે પણ ગૌરવશાળી ખેલાડીઓમાં નામ જોઈ ખૂબ જ ખુશી અનુભવતાં. એમાંય અમારા સ્પોર્ટ્સ ટીચર- સ્નેહાબહેન પટેલ, અમે ધૂરંધર ખેલાડી બનીએ એ માટે સઘન તાલીમ આપતાં આજે એ જ કૉલેજના વર્ગમાં વક્તા તરીકે ઉપસ્થિત છું. આ શિક્ષણ સંસ્થા અને મારો વ્યક્તિત્વ વિકાસ આજના મારા વક્તવ્ય શિર્ષકને સાર્થક કરતો અનુભવી શકુ છું.''
- તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ **ડૉ. પંકજકુમાર સોલંકી** (આચાર્ય, ગુજરાત આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ; (અધ્યાપક-સમાજશાસ્ત્ર) એ SEM-II, IV અને VI (સમાજશાસ્ત્રઃ મુખ્ય વિષય)ની વિદ્યાર્થિનીઓને **'સંશોધનાત્મક અનુભવો'** વિશે આનુભવિક રજૂઆત કરી. તેમણે સંશોધન વિષય પસંદગીથી અહેવાલ લેખનની પ્રક્રિયાના પ્રત્યેક તબક્કા તેમજ માહિતી એકત્રીકરણ સમયે પરિસ્થિતિકીય કે ઉત્તરદાતાઓની પશ્ચાદ્‌ભૂમિકાથી થતા લાભ અને મર્યાદાઓ વિશે રજૂઆત કરી. તદ્‌ઉપરાંત નૈતિકતાથી આંતરક્રિયા દ્વારા કરેલ સંશોધનાત્મક કાર્ય સામાજિક સંબંધોને દૃઢ પણ બનાવે છે, એ બાબતને સ્વગત અનુભવોથી દર્શાવી.

**નોંધ :** તમામ Guest Lecture ના અંતે વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોતરી દ્વારા વિષયોચિત સવિશેષ માહિતી મેળવી.

– **સેમિનાર :**

તા. ૯ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ SEM-I, III, V ની વિદ્યાર્થિનીઓ (મુખ્ય વિષયઃ સમાજશાસ્ત્ર) માટે સમાજજીવનમાં મહિલાઓના દરજ્જા અને ભૂમિકામાં આવેલા પરિવર્તનોને ધ્યાનમાં લઈ, **'બહુવિધ ક્ષેત્રે મહિલાઓની ભૂમિકા'** વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓ ઉત્સાહભેર સહભાગી બની.

સેમિનારના આયોજનમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ (અધ્યક્ષ-સમાજશાસ્ત્ર વિભાગ), વિભાગીય અધ્યાપકો - ડૉ. સોનલ મોદી, પ્રા. હિના પટેલ તેમજ ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના માનદ્મંત્રી ડૉ. ચંદ્રિકા રાવલ એ સક્રિય ભૂમિકા ભજવી.

**=> પ્રારંભ :**

સેમિનારના પ્રારંભમાં ઈનચાર્જ પ્રિ. ડૉ. શૈલજા ધ્રુવે સૌને આવકારી, સેમિનારની રૂપરેખા તેમજ હેતુઓ જણાવ્યાં. વક્તાઓનું સ્મૃતિભેટ આપી, અભિવાદન કર્યું.

**=> બહુવિધ ક્ષેત્રે મહિલાઓની ભૂમિકા :**

સેમિનારના ચેરપર્સન ડૉ. ચંદ્રિકા રાવલે સમાજજીવનમાં વિવિધક્ષેત્રે મહિલાઓની ભૂમિકાનો ઉલ્લેખ કરી, સેમિનારની પૂર્વભૂમિકા આપી, જ્ઞાનવર્ધક વાતાવરણ સર્જ્યું.

◆ **ડૉ. ચંદ્રિકા રાવલે** (પૂર્વ પ્રોફેસર-સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) **'શિક્ષણક્ષેત્રે મહિલાઓની ભૂમિકા'** વિષય અંતર્ગતના વક્તવ્યમાં શિક્ષણ જગતના વિદ્યાર્થીથી કુલપતિ, UGC કમિટિ સભ્ય, શિક્ષણ ખાતા જેવા તમામ સ્તરે કાર્યરત મહિલાઓનો ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે, ''એસ.એલ.યુ. કૉલેજની વિદ્યાર્થિનીઓ પણ યુનિવર્સિટી કક્ષાએ મહેનત, ધગશથી Ranker બને છે. જેનાથી કૌટુંબિક તેમજ સામાજિક ક્ષેત્રે મહિલાઓના ઉચ્ચશિક્ષણ અંગેની માનસિકતામાં પણ બદલાવ આવે છે. એસ.એલ.યુ. કૉલેજના પ્રથમ સ્નાતિકા શારદાબહેન મહેતાએ 'શારદામંદિર' સ્કૂલની સ્થાપના કરી, પોતાના શિક્ષણને તો ઉજાળ્યુ સાથે કન્યાઓના શિક્ષણની મહત્તા પણ બતાવી.''

તેમણે વધુમાં જણાવ્યું કે, ''હાલમાં કાર્યરત કૉલેજના ઈનચાર્જ પ્રિ. ડૉ. શૈલજાબહેન આજ કૉલેજના વિદ્યાર્થિની છે, અધ્યાપક છે. વળી, આપણી કૉલેજમાં, અધ્યાપક ખંડ, કાર્યાલય તેમજ ICT Centreમાં તમે શૈક્ષણિક અને વહીવટી સ્તરે બહેનોને કામગીરી કરતી જુઓ છો. મતલબ કે તમે પ્રત્યક્ષ રીતે જ શિક્ષણક્ષેત્રે મહિલાઓની ભૂમિકાને જોઈ જ શકો છો. ખરુ ને?'' વક્તવ્યના સમાપને તેમણે પોતાના ગ્રામીણથી શહેરી જીવનશૈલીમાં પ્રાપ્ત કરેલ શિક્ષણ અને શહેરી શૈક્ષણિક - વ્યવસાયના પ્રશ્નો - પડકારો અને નિવારણને સ્વગત અનુભવને આધારે રજૂ કરી, વિદ્યાર્થિનીઓને પ્રેરણા પૂરી પાડી.

◆ **શ્રી ઉષાબહેન તુષાર ભટ્ટ** (Sr. GCI in NCC-1 Guj Girls Bn NCC, NCC Unit, Nr. Law Garden, Ahmedabad) એ **'NCC ક્ષેત્રે મહિલાઓની ભૂમિકા'** વિશે વક્તવ્ય આપતા જણાવ્યું કે, ''NCCની ત્રણેય પાંખ Army, Navy અને Air force માં મહિલાઓ સ્થાન મેળવતી જાય છે. સ્થાનિકથી રાષ્ટ્રીય સ્તરે NCCના તમામ સ્થાનો પર મહિલાઓનો દબદબો વધતો જાય છે. બટાલીયનની Cadets, Sergeant, Jr. under Officer, Sr. under officer એમ એક પછી

એક સ્તરમાં બહેનો પોતાનું સ્થાન પ્રાપ્ત કરતી જાય છે. અલબત્ત, તેમાં નિયમિતતા, તાલિમ અનિવાર્ય રહે છે. શારીરિક, માનસિક અને લાગણી વિષયક બાબતો પર મજબૂતાઈ પક્કડ હોવી જરૂરી છે. 'શિસ્ત' NCCનો પર્યાય કહી શકાય.'' વધુમાં, તેમણે પોતે NCC ક્ષેત્રની પસંદગીના ધ્યેયને કંઈ રીતે પડકારો ઝીલતા હાંસલ કર્યુ તેની આનુભવિક રજૂઆત કરી. તદ્ઉપરાંત Sr. GCI એટલે કે Senior - Girl Cadet Instructor સુધીની કારકિર્દી તેમજ હાલમાં as a GCI તરીકેની ભૂમિકામાં ખાસ કરીને Parades, Camps તેમજ અન્ય પ્રવૃત્તિઓમાં female cadentsને નેતૃત્વ પુરુ પાડવું, દેખરેખ રાખવી તેમજ NCC Unitની વહીવટી અને આયોજન બાબતોમાં મદદનીશ તરીકે જેવી વિવિધ કામગીરી કરતા પરિવાર અને વ્યવસાય વચ્ચેના Balanceને કઈ રીતે જાળવે છે તેની રજૂઆત કરી, વિદ્યાર્થિનીઓના આત્મવિશ્વાસને ઢંઢોરી, પ્રેરણા પૂરી પાડી.

- **ડૉ. સીમા કાદરી** (આસિસ્ટન્ટ પ્રૉફેસર - શારીરિક શિક્ષણ વિભાગ, શ્રીમતી સુશીલાબેન રમણિકલાલ મહેતા આર્ટ્સ કૉલેજ, નવગુજરાત કૉલેજ કેમ્પસ, અમદાવાદ) એ **'રમતગમતક્ષેત્રે મહિલાઓની ભૂમિકા'** વિશે વક્તવ્ય આપતા જણાવ્યું કે, ''આજકાલ વિવિધ રમતોમાં મહિલાઓની ભાગીદારી વધતી જોવા મળે છે. મહિલાઓના રમતગમત ક્ષેત્રના સામર્થ્યને પણ સમાજજીવનમાં સ્વીકારાતું જાય છે. તાલીમબધ્ધ મહિલા - ખેલાડીઓ પણ રસ-રુચિ મુજબની રમતોમાં પોતાનું હીર બતાવી, વ્યક્તિત્વ વિકાસ સાથે પોતાના કુટુંબ, સમાજ તેમજ રાષ્ટ્રીય કક્ષાએ નામના મેળવતી જોવા મળે છે. આજકાલ રમતગમતના ક્ષેત્ર દ્વારા પણ આર્થિક વિકાસ કરી શકાય તેવી યોજનાઓ કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા ઘડી, તેનું અમલીકરણ થાય છે. દાત. ગુજરાત રાજ્યમાં યોજાતો ખેલ મહાકુંભ.'' વધુમાં, તેમણે આનુભવિક બાબતને ટાંકીને જણાવ્યું કે, ''ધર્મના બાધ વિના, મારા કુટુંબના સહયોગથી આજે હું શારીરિક શિક્ષણના અધ્યાપક તરીકે કાર્યરત છું. મને એ બાબતની પણ ખુશી છે કે, મારી આ વ્યવસાયિક કારકિર્દીના પાયામાં એસ.એલ.યુ. કૉલેજના 'મેદાન'નો અનન્ય ફાળો છે. અહીંની હું પૂર્વ વિદ્યાર્થિની છું. બી.કૉમ.ના અભ્યાસ સાથે શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિ એવી સ્પોર્ટ્સ, તે સમયના રમતના અધ્યાપિકા શ્રી સ્નેહાબહેન પટેલે મારી રમતની સુષુપ્ત શક્તિઓને પીછાણીને કૉલેજના મેદાન સાથે જોડી, તાલીમ આપેલી, ધીરેધીરે ગૌરવવંતા ખેલાડીના લીસ્ટમાં સ્થાન પામી. જો કે, મહેનત, ધગશ વિના કશું જ મળતું નથી, ખૂબ મહેનત કરી, આજે તમારી સમક્ષ તેનું પરિણામ જોઈ શકો છો ને ?! માટે જ ધર્મના સીમાડાથી પર થઈ, વિવેક, વિનય સાથે મળતી રમતજગતની તકનો જરૂરથી લાભ લેજો. હાલમાં પણ આપણી કૉલેજનું મેદાન અનેકવિધ રમતોથી ધમધમતુ રહે છે, સ્થાનિકથી આંતરરાષ્ટ્રીય કક્ષાએ કૉલેજની ખેલાડીઓ પ્રતિનિધિત્વ કરે છે, એ જાણીને ખૂબ ખુશી થાય છે.'' તેમણે આમ, પોતાના વક્તવ્ય દ્વારા વિદ્યાર્થિનીઓની મનઃસ્થિતિને પરાવર્તિત કરી, પ્રોત્સાહન આપ્યું.'

- **શ્રી હેતલ ભૂપેન બારોટ** (Freelance Artist)એ **'સાંસ્કૃતિકક્ષેત્રે મહિલાઓની ભૂમિકા'** વિષયક વક્તવ્ય આપતા જણાવ્યું કે, ''સંસ્કૃતિ એક સામાજિક વારસો - વિરાસત છે. સમાજમાં એક પેઢીથી બીજી પીઢી એ રીતે સાંસ્કૃતિક બાબતોનું હસ્તાંતરણ થાય છે. સાંસ્કૃતિક બાબતોમાં જ્ઞાન, ધાર્મિક બાબતો, માન્યતાઓ, કલા, કાયદો, નૈતિક નિયમો, રીતરિવાજો, રહેણીકરણી, સાહિત્ય, સંગીત, ભાષા જેવી અનેકવિધ બાબતોનો સમાવેશ થાય છે. સમાજની બદલાતી તાસીરમાં સાંસ્કૃતિક બદલાવ પણ જોવા મળે છે. આ બદલાવમાં મહિલાઓ પણ વિશાળ પ્રમાણમાં સામેલ થઈ, પોતાના સાંસ્કૃતિક કૌશલ્યને દિશા આપતી જોઈ શકીએ છીએ. એના દ્વારા પગભર પણ થાય છે.'' તેમણે સંસ્કૃતિના વિવિધ પાસાને આનુષંગિક મહિલાઓના યોગદાનની રજૂઆત સાથે પોતાના અનુભવો રજૂ કરી જણાવ્યું કે, ''કુટુંબના સહકાર-સહયોગથી આજે હું ગુજરાતી સિરીયલો, ફિલ્મ, નાટક, જાહેર ખબર જેવી બાબતોમાં ઉપરાંત ઉદ્‌ઘોષિકા તરીકે પણ કાર્યરત છું. એટલું તો ચોક્કસ છે કે, આ ક્ષેત્ર નામના, આર્થિક સધ્ધરતા પ્રદાન કરે છે પણ એના માટે પરિશ્રમ પણ એટલો જ આવશ્યક બની રહે છે. શૈક્ષણિક સંસ્થાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવાના પ્રયત્નો થતા હોય છે. અધ્યાપકોની માર્ગદર્શકરૂપ ભૂમિકા તેમાં સહાયક બનતી હોય છે. એસ.એલ.યુ. કૉલેજમાં પણ આવી અનેકવિધ પ્રવૃત્તિઓ થાય છે, તેનાથી હું વાકેફ છું. તમે પણ આવી પ્રવૃત્તિઓમાં રસ-રુચિ મુજબ ભાગ લઈ, વ્યક્તિત્વ વિકાસ કરી શકો છો. ભવિષ્યમાં 'સારા કલાકાર' તરીકે પણ નામ ઉજાળી શકો છો ખરુ ને?! આપણી સાંસ્કૃતિક ધરોહરને જાળવવામાં તમારું યથાયોગ્ય યોગદાન અર્પીત રહે તે માટે પ્રયત્નશીલ રહેજો.'' આમ, તેમણે વિદ્યાર્થિનીઓમાં કલાદષ્ટિ-દિશાના મહત્વ તરફ અંગૂલિનિર્દેશ કર્યો.
- **શ્રી વૈશાલી પટેલ** (COO-Kavvan Developers Pvt. Ltd., Ahmedabad)એ **'કોર્પોરેટક્ષેત્રે મહિલાઓની ભૂમિકા'** વિશે વક્તવ્ય આપતા જણાવ્યું કે, ''કોર્પોરેટ ઓળખ અથવા કોર્પોરેટ ઈમેજ એ એવી રીત છે કે જેમાં કૉર્પોરેશન અથવા બિઝનેસ એન્ટરપ્રાઈઝ પોતાને લોકો સમક્ષ રજૂ કરે છે. કોર્પોરેટ ઓળખને સામાન્ય રીતે બ્રાન્ડિંગ દ્વારા અને ટ્રેડમાર્કના ઉપયોગ દ્વારા વિઝયુલાઈઝ કરવામાં આવે છે. તેના માટે તાલીમબધ્ધ, આત્મવિશ્વાસથી ભરપૂર રજૂઆત કરનાર વ્યક્તિઓની જરૂર રહે છે. પ્રવર્તમાન સમયમાં મહિલાઓ પણ કોર્પોરેટક્ષેત્રમાં કામગીરી કરતી જોવા મળે છે. કોર્પોરેટ ક્ષેત્રે કારકિર્દી ઈચ્છુક મહિલાઓ શિક્ષણ, તાલીમ, સ્પર્ધાત્મક વાતાવરણને કેન્દ્રમાં રાખી પોતાના વ્યક્તિત્વ વિકાસને દિશાસૂચક બનાવે છે. પરિશ્રમ / મહેનત / શ્રમ આ તમામ શબ્દો પ્રત્યેક ક્ષેત્રમાં આગળ વધવા માટેની પૂર્વશરત છે, તેમાં કોર્પોરેટ ક્ષેત્રે પણ આવી જાય છે. કોર્પોરેટ ક્ષેત્રમાં પણ વિવિધ સ્તર હોય છે. નાની પાયરીથી શરૂ કરી, ઉચ્ચત્તમ સ્થાનોનો કોટિક્રમ હોય છે. તેમાંય વળી, વિવિધ વિભાગો. જ્યારે આવા સ્થાનો પર મહિલાઓને ફરજનિષ્ઠ જોઈએ ત્યારે

આપણને સૌને આનંદ સાથે ગૌરવ પણ થાય એ સ્વાભાવિક છે. મારી કંપનીમાં હું COO (Chief Operating Officer) તરીકે કામગીરી કરુ છું. COO એ Senior Executive કહેવાય, Next to CEO (Chief Executive Officer) એ દષ્ટિએ મારે કંપનીના રોજ-બ-રોજના કામકાજનું સંચાલન કરવાનું, વ્યૂહરચનાઓ અમલમાં મૂકવાની અને કંપનીની કામગીરી સરળ રીતે થાય તે સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું હોય છે અને મારા ઉપરીને CEOને તેનો directly report કરવાનો હોય છે. ટૂંકમાં કંપનીનું વ્યવસ્થાપન જળવાઈ રહે તેનું બરાબર ધ્યાન રાખવાનું. વ્યવસાયિક જવાબદારી નિભાવવાનું કામ એટલુ સરળ નથી હોતુ. એમાંય તમે સૌ જાણો છો કે મહિલાઓને બેવડી ભૂમિકા - વ્યવસાયિક અને પારિવારિક - ભજવવાની તો હોય જ! વળી, જીવનના ઉતાર-ચઢાવ પણ પૂછીને આવતા નથી ! કોર્પોરેટ જગત તો શુધ્ધ વ્યવસાયિક. પળપળમાં સ્પર્ધાઓ. સજ્જ ન રહીએ તો Out! કહેવાનો અર્થ એ જ કે સમય, શ્રમ પૂરજોશમાં આપ્યા વિના કશું હાથ લાગતુ નથી. આમછતાં, આજકાલ મહિલાઓ કોર્પોરેટક્ષેત્રમાં સ્થાન શોભાવે જ છે ને ?!'' તેમણે વિવિધ કંપનીઓમાં કાર્યરત મહિલાઓના ઉદાહરણ આપી વ્યક્તિગતથી રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય અર્થતંત્રમાં વિકાસ-વૃધ્ધિમાં મહિલાઓના યોગદાનની રજૂઆત કરી. વધુમાં તેમણે ખુશી સાથે જણાવ્યું કે, ''આજે હું જે સ્થાન પર છું તેમાં સમય, શ્રમ, કૌશલ્ય તો મહત્વના રહ્યા છે પણ આ બધું કરવામાં 'આત્મવિશ્વાસ' ખૂબ જ અગત્યનો. મારામાં આત્મવિશ્વાસ જગાવવામાં એસ.એલ.યુ. કૉલેજનો અભિન્ન પૂર્વ ફાળો છે. હું આજ કૉલેજની બી.કૉમની પૂર્વ વિદ્યાર્થિની. એ સમયે કૉલેજની ઈત્તર પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે અધ્યાપકો અમને પ્રોત્સાહિત કરે, જેથી સ્ટેજ ફિયર (Stage Fear) દૂર થાય અને આત્મવિશ્વાસ (Self Confidence) વધે. આ અધ્યાપકો પૈકી એક અધ્યાપક હાલમાં કોલેજમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ તરીકે કાર્યરત અને આપણી સાથે બેઠેલા શૈલજામેમ- અમને ખૂબ પ્રોત્સાહિત કરે, તેમાં વ્હાલ પણ આવી જાય ને વઢ પણ ! જે કૉલેજમાંથી ભણ્યા, વ્યક્તિત્વ વિકાસની દિશા મળી ત્યાં વર્ષો પછી વ્યવસાયિક કારકિર્દી આનુસંગિક વિચારો રજૂ કરવાની તક મળે એનાથી વિશેષ બીજી કઈ ખુશી હોઈ શકે ?!'' આમ, તેમણે સ્વઅનુભવ દ્વારા વિદ્યાર્થિનીઓને ઉત્સાહયુક્ત કારકિર્દીલક્ષી દિશાનિર્દેશ કર્યું.

પ્રત્યેક વક્તવ્યો બાદ વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોતરીના માધ્યમ દ્વારા વૈચારિક આદાનપ્રદાન કર્યું.

**સેમિનારના ચેરપર્સન ડૉ. ચંદ્રિકા રાવલે** તમામ વક્તાઓના સ્વગત અનુભવોમાંથી ફલિત થતી વાસ્તવિકતાનો ઉલ્લેખ કરી, વિદ્યાર્થિનીઓને વાસ્તવિકતા સાથે જીવનના ઉતાર-ચઢાવમાં પરિસ્થિતિઓ પર સહજ નિયંત્રણ રાખવા પર ભાર મૂક્યો. વધુમાં તેમણે જણાવ્યું કે, ''મહિલાઓ માટેના વિવિધ ક્ષેત્રો તો ખૂલ્યા છે, મહિલાઓ આ ક્ષેત્રોમાં કાર્યરત પણ

બની છે. તેનો નિચોડ આ સેમિનારમાંથી ફલિત થાય છે. આવનાર સમયમાં રાષ્ટ્રીય અર્થતંત્રમાં તમારા જેવી બહેનો પણ પારિવારિક જવાબદારી સાથે યથાયોગ્ય અર્થોપાર્જન કરે તેવી શુભેચ્છા પાઠવું છું. આ સેમિનારના આયોજનબધ્ધ અમલીકરણ માટે વિભાગીય અધ્યક્ષ તથા ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજાબહેન તેમજ વિભાગીય અધ્યાપકોને અભિનંદન સહ્ વક્તાઓની રજૂઆતને બિરદાવુ છું.''

=> **સમાપન :**

- સેમિનારના સમાપને વિદ્યાર્થિનીઓએ સામુહિક પ્રતિભાવ આપતા જણાવ્યું કે, ''માત્ર વાતોથી નહીં પણ અનુભવોથી રજૂ થયેલા વક્તવ્યોએ અમને પ્રોત્સાહન પુરુ પાડ્યું છે. ખૂબ પ્રેરણાત્મક વક્તવ્યો.''
- ડૉ. સોનલ મોદીએ સેમિનારને સફળ બનાવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ફાળો આપનાર સૌ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો.ૉ
- સમગ્ર સેમિનારનું સુચારુ સંચાલન ડૉ. સોનલ મોદીએ કર્યું. વ્યવસ્થાપનમાં પ્રા. હિના પટેલે સહયોગ આપ્યો.

**શૈક્ષણિક મુલાકાત :**

વર્ષારંભે SEkpM-I, III તથા Vની વિદ્યાર્થિનીઓએ ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત કુટુંબ સલાહ કેન્દ્ર તથા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રની શૈક્ષણિક મુલાકાત લઈ, તેના નેજા હેઠળ યોજાતા સેવા કાર્યમાં નોંધપાત્ર કામગીરી કરી.

તદ્ઉપરાંત 'અખંડ જ્યોત ફાઉન્ડેશન'ની શૈક્ષણિક મુલાકાત લઈ, HIV/AIDS સંબંધિત સચોટ માહિતી પ્રાપ્ત કરી તેમજ વર્ષ દરમિયાન અમદાવાદના જુદા જુદા વિસ્તારમાં લોકજાગૃતિ માટે પેમ્ફલેટ વિતરણ તથા સમજાવટની કામગીરી કરી.

=> તા. ૮ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ પ્રા. હિના પટેલના નેતૃત્વ હેઠળ SEM-IIIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપરઃ૨૩૩ઃભારતના આદિવાસીઓ) અનુસંધાનમાં ગૂજરાત વિદ્યાપીઠમાં આવેલ આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી સ્થાપિત 'આદિવાસી મ્યુઝિયમ'ની શૈક્ષણિક મુલાકાત લઈ, આદિવાસીઓની પ્રાદેશિક ભિન્નતા, ચીજવસ્તુઓ તથા જીવનશૈલી વિશે માહિતી પ્રાપ્ત કરી. ઈનચાર્જ શ્રી રવિન્દ્રભાઈ પંચોલી (ગ્રંથપાલ અને સંગ્રહાલય જાળવણીકાર) એ વિષયોચિત સવિશેષ માહિતી પ્રદાન કરી.

તદ્ઉપરાંત ગૂજરાત વિદ્યાપીઠમાં જ સ્થાપિત શ્રી મોરારજી દેસાઈ સ્મૃતિ ભવન તેમજ વિજ્ઞાન ભવનની શૈક્ષણિક મુલાકાત લઈ, અનુક્રમે શ્રી મોરારજી દેસાઈના જીવન-કવન તથા વૈજ્ઞાનિક સાધનો વિશે જાણકારી મેળવી.

=> તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. સોનલ મોદીના નેતૃત્વ હેઠળ SEM-VIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપર:૩૧૫: સમાજ અને સમાજકાર્ય) અનુસંધાનમાં અમદાવાદના ફતેહપુરા - પાલડી વિસ્તાર સ્થિત Akhand Jyot Foundation સંસ્થાની શૈક્ષણિક મુલાકાત લીધી. શ્રી સ્મિતાબહેન ચાવડા (પ્રોજેક્ટ કૉ-ઑર્ડિનેટર) તેમજ અખંડ જ્યોતના કર્મચારીઓએ વિદ્યાર્થિનીઓને આવકારી, સંસ્થાના ઉદ્ભવ - વિકાસ તેમજ સંસ્થાની કુટુંબ કલ્યાણ, બાળ-કલ્યાણની પ્રવૃત્તિઓ અને વ્યવસાયિક તાલીમ કાર્યક્રમો વિશે માહિતી આપી.

**નોંધ:** શૈક્ષણિક મુલાકાતને આધારે વિદ્યાર્થિનીઓએ Unit-4ના અનુસંધાનમાં અહેવાલ લેખન કર્યું.

=> તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ SEM-VIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપર:૩૧૧:ભારતનો સામાજિક ઈતિહાસ) સંદર્ભે અમદાવાદ સ્થિત 'કોચરબ આશ્રમ'(સત્યાગ્રહ આશ્રમ)ની શૈક્ષણિક મુલાકાત લઈ, ગાંધીજીની જીવન-ઝરમર સંબંધિત બાબતો વિશે ચિત્રો સહિત માહિતી મેળવી.

**ચર્ચા :**

- તા. ૯ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. સોનલ મોદીની નિશ્રામાં SEM-I, III અને V ની વિદ્યાર્થિનીઓ દ્વારા **દ્વિવિધ દિવસ:** વિશ્વ આદિવાસી દિવસ (૯ ઓગસ્ટ, ૨૦૨૪ અનુસંધાન) તેમજ National Librarian's Day (૧૨ ઓગસ્ટ, ૨૦૨૪ અનુસંધાન)ની ઉજવણી કરવામાં આવી.

=> **વિશ્વ આદિવાસી દિવસ : (૯ ઓગસ્ટ, ૨૦૨૪)**

'આદિવાસી સમુદાય'ના નેજા હેઠળ આયોજિત ચર્ચામાં આદિવાસી સમુદાયની લાક્ષણિકતાઓ, પ્રાદેશિક વિસ્તારો, જીવનનિર્વાહની રીતો-પરંપરા અને પરિવર્તન, ઉત્સવો વગેરે વિશે વિદ્યાર્થિનીઓએ રજૂઆત કરી.

**નોંધ :** આદિવાસી નૃત્યશૈલીની ઝાંખી પણ રજૂ કરી.

=> **National Librarian's Day : (૧૨ ઓગસ્ટ, ૨૦૨૪)**

વિભાગીય અધ્યાપકોએ ડૉ. એસ.આર. રંગનાથન (Dr. Siyali Ramamrita Ranganathan - National Professor of Library Science Considered the Father of Library Science in India) અને Librarian's Day વિશે જાણકારી આપી તેમજ Library Course વિશે માહિતી આપી. વિભાગીય અધ્યાપકો તેમજ વિદ્યાર્થિનીઓએ શિક્ષણ અને પુસ્તકાલયના સહસંબંધ તેમજ સંશોધનમાં પુસ્તકાલયની ઉપયોગિતા વિશે વૈચારિક આદાન-પ્રદાન કર્યું.

**નોંધ :** તા. ૯ ઓગસ્ટ, ૧૮૯૨ પ્રો.ડૉ. એસ.આર. રંગનાથનો જન્મદિવસ and 12$^{th}$ August Librarian's Day.

- તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. સોનલ મોદીની નિશ્રામાં SEM-II, IV, VI ની વિદ્યાર્થિનીઓ માટે **દ્વિવિધ દિવસ** (૨૪ જાન્યુઆરી - રાષ્ટ્રીય કન્યા દિવસ; ૨૫ જાન્યુઆરી - રાષ્ટ્રીય મતદાતા દિવસ)ના અનુસંધાનમાં ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું.

=> **રાષ્ટ્રીય કન્યા દિવસ : (૨૪ જાન્યુઆરી, ૨૦૨૫)**

'કન્યા શિક્ષણની સમાજ પર અસર' વિષયક ચર્ચામાં વિદ્યાર્થિનીઓએ શિક્ષણક્ષેત્રના જુદા જુદા સ્તર-પ્રાથમિકથી ઉચ્ચશિક્ષણમાં કન્યાઓ / મહિલાઓ માટેની જોગવાઈઓ, યોજનાઓથી વધતુ સ્ત્રી-સાક્ષરતા પ્રમાણ, શિક્ષિત મહિલાના વૈચારિક બદલાવની કુટુંબ, લગ્ન, જ્ઞાતિ, સ્ત્રીના દરજ્જા-ભૂમિકા પર થયેલ અસર અને શિક્ષિત મહિલા તરફનું સમાજનું હકારાત્મક અને નકારાત્મક વલણ વિશે નિરીક્ષણો તેમજ સ્વાનુભવથી રજૂઆત કરી.

**વિશેષ:** ડૉ.શૈલજા ધ્રુવે રાષ્ટ્રીય કન્યા દિવસની આ ઉજવણીના હેતુઓમાં તેમજ પ્રારંભ વિશે માહિતી આપી જણાવ્યું કે, "આ ઉજવણીના હેતુઓમાં

- ભારતની કન્યાઓને મદદ અને તકો પૂરી પાડવી.
- કન્યાના અધિકારો વિશે જાગૃતિ ફેલાવવી.
- કન્યા શિક્ષણનું મહત્વ તેમજ આરોગ્ય અને પોષણ વિશે જાગૃતિ ફેલાવવી.

... બાબતો સમાવિષ્ટ છે."

તા. ૨૪ જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે શ્રી ઈન્દિરા ગાંધીએ શપથ લીધા હતા માટે આ દિવસ સુનિશ્ચિત કરવામાં આવેલ છે. આ દિવસની ઉજવણીની શરૂઆત ૨૦૦૯ થી થયેલ છે.

વિભાગીય અધ્યાપકોએ પણ વિષયોચિત માહિતી પ્રદાન કરી.

=> **રાષ્ટ્રીય મતદાતા દિવસ (૨૫ જાન્યુઆરી, ૨૦૨૫ - પૂર્વ દિન)**

'મહિલા-મતદારઃ બદલાતો પ્રવાહ' વિષયક ચર્ચામાં વિદ્યાર્થિનીઓએ શિક્ષિત મહિલા મતદાર, વયસ્ક મહિલા મતદાર, યુવા મહિલા મતદારના વિચારો અને તેનું અમલીકરણ વગેરે વિશે ચર્ચા કરી. વિભાગીય અધ્યાપકોએ વિષયોચિત વૈચારિક આદાન-પ્રદાન કર્યું.

**નોંધઃ** તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૧ (૬૧મો ચૂંટણી પંચ સ્થાપના દિન) ના રોજ મતદાનમાં યુવા ભાગીદારી વધારવાના હેતુથી ચૂંટણી પંચ દ્વારા સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશનની પ્રથમ શરૂઆત કરવામાં આવી. આ પ્રસંગે તાત્કાલિન રાષ્ટ્રપતિ શ્રી પ્રતિભા પાટીલે 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ના નેજા હેઠળ ચૂંટણીપંચના સ્થાપના દિનને ઉજવવાની પહેલ કરેલી.

## ❑ ડૉ. શૈલજા ધ્રુવ

- એસ.એલ.યુ. આર્ટ્સ ઍન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેનના કાર્યકારી આચાર્ય (Incharge Principal) તરીકે વધારાનો કાર્યભાર સંભાળે છે.

  (નોંધ : નિયુક્તિ તા. ૧૫ જૂન, ૨૦૨૧ થી)

- તા.૪ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત Introductory & Planning meeting for lunching of Dual Degrees માં ઉપસ્થિત રહ્યાં.

- તા. ૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ અમદાવાદ સ્થિત KCG (Knowledge Consortium of Gujarat, Education Department, Government of Gujarat) દ્વારા TEERTH (Training for Excellence, Efficiency & Research Towards Higher Education) ના નેજા હેઠળ આયોજિત Leadership Development for Governance and Management of the Institute વિષયક Webinarમાં સહભાગી થયાં.

- તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં IBS-ICFAI Business School દ્વારા આયોજિત 'Innovating for Excellence: Leading Change to Enhance Student Success' વિષયક Head of Institution Meet-Gujaratમાં સહભાગી થયાં.

  **Note :** Dr. Chandrika Raval (Hon'ble Secretary, Gujarat Stree Kelvani Mandal) also participated in this meet.

- તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ભાવનગર સ્થિત Maharaja Krishnakumarsinhiji Bhavnagar Universityના Department of Socialogy દ્વારા આયોજિત Guest Lecture માં 'પ્રવાસન સમાજશાસ્ત્રના સિધ્ધાંતો' વિશે વ્યાખ્યાન આપ્યું.

- આચાર્ય ભરતી પ્રક્રિયાની પસંદગી સમિતિમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ તરીકે કામગીરી.

- વિશ્વ ગુજરાતી સમાજના સભ્ય તરીકે કાર્યરત.

- ગુજરાત યુનિવર્સિટી, ગૂજરાત વિદ્યાપીઠ સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

## ❑ ડૉ. સોનલ મોદી :

- તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત A Book-Writing Workshop in the Context of NEP-2020 માં સહભાગી થયાં.

- અમદાવાદ સ્થિત KCG (Knowledge Consortium of Gujarat, Education Department, Government of Gujarat) દ્વારા TEERTH (Training for Excellence, Efficiency & Research Towards kpHigher Education) ના નેજા હેઠળ...

=> તા. ૨ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ આયોજિત Leveraging Technology for Research and Instruction in Higher Education વિષયક,

=> તા. ૨ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ આયોજિત Leveraging Technology for Better Educational Outcomes વિષયક,

=> તા. ૧૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ આયોજિત Empowering Educators in AI and IOT (Artificial Intelligence and Internet of Things) વિષયક,

=> તા. ૨૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ આયોજિત Migratory Birds of Gujarat વિષયક,

=> તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ આયોજિત Science of Happiness વિષયક,

... Webinarમાં સહભાગી થયાં.

- ગુજરાત આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ-સમાજશાસ્ત્ર-અનુસ્નાતક વિભાગમાં અધ્યાપન કાર્યમાં સક્રિયપણે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

❑ **પ્રા. હિના પટેલ :**

- તા. ૧૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ અમદાવાદ સ્થિત KCG (Knowledge Consortium of Gujarat, Education Department, Government of Gujarat) દ્વારા TEERTH (Training for Excellence, Efficiency & Research Towards Higher Education) ના નેજા હેઠળ આયોજિત ‘Shielding against Monsoon Diseases : An Expert Advice’ વિષયક Webinar માં સહભાગી થયાં.
- તા. ૧૨-૧૭ ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન અમદાવાદ સ્થિત Gujarat University ના Institute of Indic Studies (IIS) દ્વારા આયોજિત ‘Indian Knowledge System (IKS)’ વિષયક FDP (Faculty Development Programme માં સહભાગી થયાં.

  **Note :** FDP is equivalent to a Certificate Course of 02 credits.
- તા. ૧૪-૧૯ ઓક્ટોબર, ૨૦૨૪ દરમિયાન Gujarat Universityના UGC-MMTTC (Malaviya Mission Teacher Training Centre) દ્વારા UGC-Sponsored online short term programme on Indian knowledge systemમાં સહભાગી થયાં.

  **Note :** Obtained Grade-A$^+$

- તા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અમદાવાદમાં શ્રી મેઘમણી પરિવાર અને શ્રી ભાઈલાલભાઈ એ. પટેલ (દેત્રોજવાળા) ઉમિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ફોર ગર્લ્સ, સોલા, અમદાવાદ અને ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'સમકાલીન ભારતીય ટૂંકી વાર્તા' વિષયક રાષ્ટ્રીય પરિસંવાદમાં સહભાગી થયાં.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

## ★ CWDC (Collegiate Women's Development Committee) and ICC (Internal Complaints Committee) :

**ડૉ. શૈલજા ધ્રુવ (કન્વીનર- CWDC & ICC); ડૉ. નયના પ્રજાપતિ (કૉ-કન્વીનર-CWDC) તથા ડૉ. સોનલ મોદી (કૉ-કન્વીનર-ICC) કાર્યભાર સંભાળે છે.**

### Orientation Programme:

- તા. ૮ અને ૧૦ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ વિદ્યાર્થિનીઓ માટે Orientation કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

ઉપર્યુક્ત આયોજિત ઓરીએન્ટેશન કાર્યક્રમના પ્રારંભમાં ઈનચાર્જ આચાર્યશ્રી અને CWDC તથા ICCના કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવે વિદ્યાર્થિનીઓને સ્વ-રક્ષણ, સ્વ-વલણ, વ્યક્તિગત મૂલ્યો, CWDCની ભૂમિકા, ICC ના મહત્વ તદ્ઉપરાંત CWDC ના ઉદ્ભવ, વિદ્યાર્થિનીઓના ઉત્કર્ષ વિકાસ સંબંધિત CWDC અંતર્ગત કૉલેજની પ્રવૃત્તિઓ તેમજ WDC તથા ICC સંબંધિત જોગવાઈઓ અને કાનૂન વિશે માહિતી આપી.

આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થિનીઓને 'બેટી બચાવો' અભિયાન અંતર્ગત જાગૃતિ અર્થે 'ક્લીની કરુણ કહાની' તથા મહિલાઓના જાતીય શોષણ વિરુધ્ધ જાગૃતિ લાવવાના હેતુથી અબ ખામોશી ક્યોં ? વિષયક ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ICC ના કૉ-કન્વીનર ડૉ. સોનલ મોદીએ કર્યું. કાર્યક્રમોના આયોજનમાં CWDC ના કૉ-કન્વીનર ડૉ. નયના પ્રજાપતિએ સહયોગ આપ્યો.

### Guest Lecture :

તા. ૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ **ડૉ. વૈશાલી ધોળકિયા** (ઍસોસિયેટ પ્રૉફેસર અને અધ્યક્ષ - ગુજરાતી વિભાગ, એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ) એ **'પડકારોમાંથી પ્રગતિ'** વિષય અંતર્ગત વાચિકમ્‌ના માધ્યમથી અનોખી શૈલીથી માહિતીપ્રદ વક્તવ્ય આપ્યું. તેમણે જણાવ્યું કે ''પડકારોનો સામનો કરતાં કરતાં જે સ્ત્રીઓ પ્રગતિના પંથે યાત્રા આરંભી,

પોતાનો એક મુકામ સ્થાઈ કર્યો એવી ઝળહળા વ્યક્તિની સ્વામીનીઓથી વિશ્વનો ઈતિહાસ ઉજળો છે.'' તેમણે અનેકવિધ ક્ષેત્રોમાં પડકારોનો સામનો કરી, સમાજજીવનમાં પ્રગતિ સાધનાર મહિલાઓના ઉદાહરણ રજૂ ર્યાં. જેમ કે, ચાર્લેન સ્મિથ (પત્રકાર); વારીસ (મોડેલ); બાર્બરા હંસન (લકવાગ્રસ્ત શિક્ષક અને લેખિકા); ગુલાબ (સ્મશાનમાં અંતિમવિધિનું કામ કરનાર); નારાયણ અમ્મા (મેલુ ઉપાડનાર); સુસાન એન્થની (USAમાં મહિલાઓને મતાધિકાર અપાવનાર); ભગિની નિવેદિતા (સવાયા હિન્દુ સન્નારી) વગેરેના ટુંક જીવનકવનની રજૂઆત કરી જણાવ્યું કે, ''આવી અનેકવિધ ક્ષેત્રે કાર્યરત મહિલાઓ શૌર્ય, ત્યાગ અને સંવેદનાની જીવંત કવિતાઓ છે.''

વક્તવ્ય બાદ વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોત્તરી દ્વારા સવિશેષ માહિતી મેળવી.

**સેમિનાર :**

તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ એસ.એલ.યુ. આર્ટસ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેનના CWDC & ICCના નેજા હેઠળ **'Struggle and Success' (સંઘર્ષ અને સફળતા)** વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.

સેમિનારના આયોજનમાં ઈનચાર્જ પ્રિ. ડૉ. શૈલજા ધ્રુવ (કન્વીનર - CWDC & ICC); ડૉ. નયના પ્રજાપતિ (કો-કન્વીનર - CWDC); ડૉ. સોનલ મોદી (કો-કન્વીનર - ICC) એ સક્રિય ભૂમિકા ભજવી.

સેમિનારમાં Gujarat Universityના Prof. (Dr.) Jyoti Pareek (Chairperson- WDC & ICC) તથા Dr. Prachi Motiyani (Member Secretary - WDC & ICC) as a Resource Person તરીકે ઉપસ્થિત રહ્યાં. કૉલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ, CWDC & ICCના હોદ્દેદારો તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ સહભાગી થયાં.

**=> પ્રારંભ :**

સેમિનારના પ્રારંભમાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે સૌને આવકારી, સંસ્થાગત ટૂંક પરિચય આપી, કૉલેજના CWDC & ICC અંતર્ગતની પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કર્યો. સેમિનારમાં ઉપસ્થિત Resource Personsનો ટૂંક પરિચય સહ સ્મૃતિભેટ આપી અભિવાદન કર્યું.

**=> Seminar on Struggle and Success :**

સંઘર્ષ અને સફળતા વિષયક સેમિનારમાં...

- **ડૉ. પ્રાચી મોતીયાણી** (Member Secretary - WDC & ICC, Gujarat University)એ વિષયોચિત વકતવ્ય આપતાં જણાવ્યું કે, ''જીવનમાં આવતા સંઘર્ષોથી જ્યારે સફળતા પ્રાપ્ત થાય ત્યારે તેનો આનંદ જ અનેરો હોય છે. અલબત્ત, સફળતા એમ ને એમ પ્રાપ્ત થતી નથી. તેના માટે વ્યક્તિઓની પ્રમાણિકતા, વફાદારી તેમજ અખંડિતતાથી સભર મહેનત, ધગશ અતિ આવશ્યક બની રહે છે.''

તેમણે પોતાના જ જીવન-ધ્યેયને હાંસલ કરવા માટેની સંઘર્ષયાત્રાને ઉદ્દેશીને મળેલી સફળતાની પ્રેરણાત્મક રજૂઆત કરી. વધુમાં, તેમણે Social Media થકી પ્રસારિત ડોક્યુમેન્ટરી બતાવી, સદ્રષ્ટાંત રજૂઆત દ્વારા જણાવ્યું કે, ‘‘સમાજના વિવિધક્ષેત્રે મહિલાઓની સિધ્ધીથી માત્ર મહિલાઓના દરજ્જામાં જ પરિવર્તન આવે છે એવું નથી, પરંતુ મહિલાઓની બદલાતી જતી ભૂમિકાઓ સમાજના વિવિધ ક્ષેત્રને પણ અસર કરતી જોવા મળે છે. સમાજે પણ પરિવર્તનને સ્વીકારવા પડે છે.’’

◆ **પ્રૉ. (ડૉ.) જ્યોતિ પારીક** (Chairperson - WDC & ICC, Gujarat University)એ વિષયોચિત વક્તવ્યમાં જણાવ્યું કે, ‘‘જીવનના લક્ષ્યો તો અનેકવિધ હોય પણ જો તેને પ્રાપ્ત કરવાની ‘ઈચ્છા-શક્તિ’ જ ન હોય તો લક્ષ્યોનો કોઈ અર્થ રહેતો નથી. ઈચ્છા બળવાન હોય તો લક્ષ્યોને પાર પાડતી વખતે થતા સંઘર્ષો - પડકારોનો સામનો દ્રઢતાપૂર્વક કરી શકાય.’’ તેમણે નામી - અનામી મહિલાઓના ઉદાહરણ આપી, સંઘર્ષ પછી મળેલ સફળતા વિશે રજૂઆત કરી. વધુમાં, ‘અધિકાર’ કરતા ‘લાયકાત’ને પ્રાધાન્ય આપી જણાવ્યું કે, ‘‘લાયકાત જ એવી કેળવવી જોઈએ કે અધિકાર માંગવો ન પડે. જ્યારે લાયકાતના પાયા પર અધિકાર પ્રાપ્ત થાય એવું વ્યક્તિત્વ ખીલવીએ ત્યારે સાચા અર્થમાં મહિલા-સશક્તિકરણ થયું ગણાય.’’

ઉપર્યુક્ત બંન્ને જ્ઞાનવર્ધક, દિશાસૂચક, મનનીય વક્તવ્યો બાદ માહિતીના આદાન-પ્રદાનથી વિદ્યાર્થિનીઓએ વિષયોચિત સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

=> **સમાપન :**

- સેમિનારના સમાપને વિદ્યાર્થિનીઓએ સંયુક્તરૂપે પ્રતિભાવ આપતા જણાવ્યું કે, ‘‘આજના સેમિનારમાંથી અત્રે રજૂ થયેલ વક્તવ્યો ખૂબ રસપ્રદ રહ્યાં. જીવનના લક્ષ્યો, તેને પ્રાપ્ત કરવામાં આવતા સંઘર્ષો-પડકારો અને મળતી સફળતા વિશે થયેલી ઉદાહરણ સહિતની રજૂઆત સાચે જ ખૂબ સરસ રહી.’’ વધુમાં, તેમણે જણાવ્યું કે, ‘‘અમારા પ્રિન્સિપાલ ડૉ. શૈલજામેમ અવારનવાર અમને ભણતરની તકને સંઘર્ષો વચ્ચે પણ સાચા અર્થમાં પરિણામલક્ષી બનાવવા પર ભાર મૂકી, સિધ્ધીઓ પ્રાપ્ત કરવા પ્રેરે છે.’’
- વક્તાઓએ સંયુક્તપણે સાનંદ આભાર અભિવ્યક્ત કરતા જણાવ્યું કે, ‘‘ગુજરાત યુનિવર્સિટીના WDC & ICC અને કૉલેજના CWDC & ICC વચ્ચે સેતુરૂપ બનતા આ પ્રકારના કાર્યક્રમો કૉલેજ કેમ્પસમાં પણ થાય તે જરૂરી છે. એસ.એલ.યુ. કૉલેજમાં ઉપસ્થિત રહેવાનો અમને પણ આનંદ છે. વિદ્યાર્થિનીઓ સાથે સેમિનાર-વિષયોચિત માહિતી પ્રદાન કરવાની અમને તક આપી તે બદલ, અમને નિમંત્રણ આપવા બદલ ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજાબહેનનો પણ ખુશી સાથે આભાર માનીએ છીએ. એક સદી પસાર કરી ગયેલી અમદાવાદની વિરાસત એવી એસ.એલ.યુ. મહિલા કૉલેજ ખૂબ પ્રગતિ કરે એવી શુભભાવના.’’

- સેમિનારના અંતે ડૉ. સોનલ મોદીએ સેમિનારને સફળ બનાવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ફાળો આપનાર સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી.

  સમગ્ર સેમિનારનું સુચારુ સંચાલન ડૉ. સોનલ મોદીએ કર્યું.

  માહિતીના આદાન-પ્રદાનથી સમગ્ર સેમિનાર સફળતાપૂર્વક સંપન્ન થયો.

**WDC & ICC - Gujarat University Organized Orientation Programme :**

તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ડૉ. શૈલજા ધ્રુવની નિશ્રામાં વિદ્યાર્થિનીઓ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના WDC (Women Development Cell) & ICC (Internal Complaint Committee) દ્વારા આયોજિત Weaving Equality : Strengthening Social Fabric for a Gender - Just Society વિષયક Orientation Programmeમાં સહભાગી થયાં.

**વિદ્યાર્થિનીઓ** : ક્રિશા ગોહેલ, ખુશી શાહ, દીપિકા પરમાર, ખુશનુમા શેખ, સનિતા પ્રજાપતિ, દિપાલી ચૌહાણ, સાનિયા શેખ, વૈશાલી ઠાકોર, નેહલ પરમાર, સાનિયા લોચુ

## ❑ ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. સોનલ મોદી :

- તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના WDC & ICC દ્વારા આયોજિત Empowering Early - Stage Entrepreneurs - Unlocking Seccess વિષયક સેમિનારમાં સહભાગી થયાં.
- તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના WDC & ICC દ્વારા આયોજિત Life is Celebration વિષયક સેમિનારમાં સહભાગી થયાં.
- તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના WDC & ICC દ્વારા આયોજિત 'From Stress to Strength' વિષયક સેમિનારમાં સહભાગી થયાં.
- તા.૧૦ માર્ચ, ૨૦૨૫ના રોજ અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (૮મી માર્ચ, ૨૦૨૫ અનુસંધાને)ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટીના WDC & ICC દ્વારા આયોજિત 'International Women's Day : 2025ના Celebration Programme'માં સહભાગી થયાં.

## ❑ ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. નયના પ્રજાપતિ :

- તા ૧ માર્ચ, ૨૦૨૫ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના WDC & ICC દ્વારા GRC (Gender Resource Centre), Department of Women & Child Development, Commissionerate of Higher Education Gandhinagar ના સંકલનથી આયોજિત Interwoven: Gender Equality, Social Justice & Community Building વિષયક Orientation Programme for Faculty and staffમાં સહભાગી થયાં.

## ● આંતર વિભાગીય :

### ❑ ડૉ. ઘનશ્યામ અંજારા, ડૉ. મુકેશકુમાર બારૈયા તથા ડૉ. શ્વેતા ઝાલા :

તા. ૨૨ માર્ચ, ૨૦૨૫ના રોજ અમદાવાદ સ્થિત Shri H. K. Arts College ના IQAC and Research & Development Cell દ્વારા આયોજિત 'Issues and Challenges for Sustainable Development in India : A pathway to Viksit Bharat-2047' વિષયક National Conferenceમાં સહભાગી થયાં. જેમાં

- ડૉ. ઘનશ્યામ અંજારાએ 'Green Development Practice: Ahmedabad City' .વિશે,
- ડૉ. મુકેશકુમાર બારૈયાએ 'The Business of Winning: Enterpreneurship and Innovation in Sports Management'. વિશે,
- ડૉ. શ્વેતા ઝાલાએ 'Dual Burden of Nutrition among women in State of Uttar Pradesh' વિશે

.... પેપર રજૂ કર્યું.

### ❑ ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ તથા ડૉ. આશા રાઠવા :

તા. ૨૭-૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન ડીસા (જિ. બનાસકાંઠા)માં DNP Arts & Commerce College દ્વારા આયોજિત 'Multi Disciplinary Contribution of Higher Educational Institutions in Viksit Bharat @ 2047' વિષયક International Seminarમાં સહભાગી થયાં. જેમાં

- ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટે 'The Roll of teacher in Viksit Bharat@2047'. વિશે,
- ડૉ. આશા રાઠવાએ 'આત્મનિર્ભર ભારત-એક વિશ્લેષણ' વિશે

.... પેપર રજૂ કર્યું.

## ★ ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળ :

- કૉલેજની શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થિનીઓ સક્રિય રસ લે છે.
- રમતગમત ક્ષેત્રે - સિનિયર ખેલાડી ટીમમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી, વિદ્યાર્થિનીઓ કૉલેજનું ગૌરવ વધારે છે.
- એસ.એલ.યુ. કૉલેજ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ અભિવ્યક્તિ દ્વારા SLU College: KALA-KAUSHAL TROPHY પ્રાપ્ત કરનાર આફિયા અત્તરવાલા (BA SEM-V / VI)ને ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળ દ્વારા પુરસ્કાર આપી, સન્માનવામાં આવી.

- **પ્રીતિ પટેલઃ** સુરતમાં મહિલા પોલીસ કર્મી (કોન્સ્ટેબલ) તરીકેની ફરજ સાથે, રમતગમતના ક્ષેત્રે દેશ-દેશાવરમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી, રાષ્ટ્રનું ગૌરવ વધારી રહ્યા છે. સમાજસેવાના કાર્યમાં અગ્રણી ભૂમિકા ભજવે છે.

## ★ NSS (National Service Scheme) વિભાગ તથા સમુદાય સેવા ધારા :

**NSS પ્રોગ્રામ ઓફિસર તથા સમુદાય સેવા ધારાના કન્વીનર ડૉ. સોનલ મોદીના નેતૃત્વ હેઠળ** અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન થયું.

**Orientation Programme :**

તા. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ NSS અંગે Orientation Programme નું આયોજન કરવામાં આવ્યું. જેમાં SEM-I માં પ્રવેશ મેળવનાર અને NSS માં જોડાનાર વિદ્યાર્થિનીઓને NSS પ્રવૃત્તિઓની રૂપરેખા આપવામાં આવી.

Orientation Programmeના આયોજનમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. સોનલ મોદી, ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. નયના પ્રજાપતિ, ડૉ. કેતન મહેતા તેમજ કેમ્પસ એમ્બેસેડર્સ વિદ્યાર્થિનીઓ- સ્વયં સેવિકા-નંદિની સંજયભાઈ રાઠોડ અને પ્રિયા હિતેશભાઈ વાઘેલા - સહિત NSS માં સવિશેષ પ્રવૃત્ત વિદ્યાર્થિનીઓએ સક્રિય ભૂમિકા ભજવી.

Orientation Programmeમાં **મુખ્ય મહેમાન તરીકે શ્રી વિનય ત્રિવેદી** (કેમ્પસ ડાયરેક્ટર અને પ્રોજેક્ટ કૉ-ઑર્ડિનેટર - પર્યાવરણીય સ્વચ્છતા સંસ્થાન, સુઘડ, જિ. ગાંધીનગર) ઉપસ્થિત રહ્યાં.

કાર્યક્રમના પ્રારંભમાં ડૉ. સોનલ મોદીએ સૌને આવકારી, Orientation Programmeની રૂપરેખા આપી તેમજ દત્તક ગામ કોબા (જિ. ગાંધીનગર) વિશે જાણકારી આપી.

ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે સંસ્થાગત ટૂંક પરિચય, NSS નું જીવન ઘડતરમાં તેમજ વૈયક્તિક ગુણ વિકસાવવામાં મહત્વ વિશે ઉદ્‌બોધન કરતા જણાવ્યું કે, ''NSSના માધ્યમથી સમાજ પ્રત્યેનું ઋણ અદા કરી શકાય છે. બીજાને મદદરૂપ થવાની ભાવના કેળવવામાં પણ NSSની પ્રવૃત્તિઓ ઉપયોગી નીવડે છે. સમાજની પ્રગતિમાં હકારાત્મક વલણ હોવું આવશ્યક છે.સૌને સુખી કરવાની તો આપણી તાકાત ન હોય પણ કોઈને દુઃખી ન કરવા એ તો આપણા હાથની વાત છે ને ?! જીવનમાં લીધેલી સેવા કદી ભૂલવી નહીં, અને કરેલી સેવા યાદ રાખવી નહીં.'' વધુમાં તેમણે મુખ્ય મહેમાન શ્રી વિનય ત્રિવેદીનો પરિચય આપી, સ્મૃતિભેટથી અભિવાદન કર્યું.

NSSમાં પ્રવૃત વિદ્યાર્થિનીઓએ આગંતુક વિદ્યાર્થિનીઓને પોતાના સ્વ-અનુભવને આધારે NSS હેઠળના સમાજકાર્ય વિશે માહિતી આપી.

**શ્રી વિનય ત્રિવેદી**એ જાગૃત્તિયુક્ત હળવી શૈલીથી વ્યાખ્યાન આપતા જણાવ્યું કે, ''સત્ય, આત્મવિશ્વાસ, વિનમ્રતા, મહેનત / પરિશ્રમ, એકતા, સાથ-સહકાર જેવા ગુણો NSS ની પ્રવૃત્તિઓ કરવામાં સવિશેષ સહાયક બને છે. પરગજુવૃત્તિ કેળવવાની, 'Not me, but You' આ સૂત્રને ચરિતાર્થ કરવાનું શીખવે છે. માતા-પિતા, ગુરૂજનો પ્રત્યે આદરની ભાવના ઉજાગર કરે છે. જે વ્યક્તિત્વ પાસામાં અનેરી છાપ ઊભી કરે છે. 'સેવા પરમો ધર્મઃ' આ બાબતને માનસપટ પર રાખી, પ્રવૃત્તિઓ કરશો તો પ્રસન્નતા અનુભવશો.''

વધુમાં, તેમણે શૈક્ષણિક સંકુલની સેવાકીય પ્રવૃત્તિઓની નોંધ લઈ જણાવ્યું કે,''My deepest gratitude for inviting me as a guest speaker for the NSS (National Service Scheme) Orientation Programme at this esteemed institution. It was an absolute honor to interact with the bright and enthusiastic students, whom I foundly, refer to as 'college daughters''.

I am particularly thankful for the opprtunity to learn about the rich history of your college, which Incharge-Principal Dr. Shailajamam shared with me.

Knowing that this institution has been a beacon of knowledge and growth for 104 years filled me with immense pride. It's a testament to the dedication and hardwark of visionaries like Dr. Shailajamam.

Thank you once again for this wonderful experience. I feel privileged to have been a part of it, and I look forward to future collaborations."

ડૉ. સોનલ મોદી, ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. કેતન મહેતા, ડૉ. નયના પ્રજાપતિએ વર્ષ દરમિયાનની કૉલેજ તથા યુનિવર્સિટી કક્ષાની કામગીરીના સમયપત્રકનું ઘડતર કરી, વિદ્યાર્થિનીઓને માહિતગાર કરી.

વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓ માટે રસ-રુચિ મુજબ ટીમોની રચના કરવામાં આવી.

કાર્યક્રમના સમાપને ડૉ. અર્ચના પંડ્યાએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર-સહયોગ આપનાર સૌનો આભાર માન્યો.

સમગ્ર કાર્યક્રમનું સુચારુ, સંચાલન ડૉ. સોનલ મોદીએ કર્યું.

આનુભાવિક-વૈચારિક પ્રદાનથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.

**નોંધઃ** તા. ૪ જુલાઈ, ૨૦૨૪ના રોજ ડૉ. સોનલ મોદીએ અનુક્રમે BCOM SEM-I અને BA SEM-I માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓને NSS ની પાયાગત માહિતી આપી, પ્રવૃત્તિઓની ઝાંખી કરાવી.

**વૃક્ષારોપણ કાર્યક્રમ :**

તા. ૧૨ જુલાઈ, ૨૦૨૪ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. 'એક વૃક્ષ માતાના નામે' અભિયાન અંતર્ગત આયોજિત આ કાર્યક્રમમાં ડૉ. સોનલ મોદીએ વૃક્ષનું જતન, પર્યાવરણમાં વૃક્ષોની મહત્તા અને વૃક્ષ સાથેના પારિવારિક સંબંધોની રજૂઆત કરી. ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે પરિવારના અભ્યાસની જેમ વૃક્ષનું આરોપણ - જતન - સંયોજન વિશે માહિતી પ્રદાન કરી. NSS કમિટિના સભ્યો સહિત NSSની બહેનોએ વૃક્ષારોપણ કાર્યક્રમને સંયુક્તતાથી સફળ બનાવ્યો. આ પ્રસંગે 'વૃક્ષના રોપણ અને જતન' ના સૂત્રને ચરિતાર્થ કરવા માટેના યોગદાન અંગે સૌ સંકલ્પબધ્ધ થયાં. વળી, વિદ્યાર્થિનીઓ વૃક્ષો પ્રત્યે સકારાત્મક અનુબંધન રાખવા તથા પોતાના પરિવારજનો, મિત્રોને પણ આ માટે પ્રેરિત કરવા કટિબધ્ધ બન્યાં.

**નોંધ :** તા. ૫ જૂન, ૨૦૨૪ - વિશ્વ પર્યાવરણ દિવસે ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષા સાથે ગ્લોબલ વોર્મિંગના પડકારો સામે ઝીક ઝીલવા, મોટા પાયે વૃક્ષો વાવવા 'એક પેડ મા કે નામ' અભિયાન શરૂ કરાવીને ભારતના અને વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવા આહ્‌વાન કર્યું.

**ધ્વજવંદન કાર્યક્રમ :**

=> તા. ૧૫ ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ કૉલેજ પરિસરમાં 'સ્વાતંત્ર્ય દિન' નિમિત્તે આયોજિત ધ્વજવંદન કાર્યક્રમમાં NSS- સ્વયંસેવિકા / વિદ્યાર્થિનીઓએ ઉપસ્થિત રહી, ધ્વજવંદન કાર્યક્રમ થકી રાષ્ટ્રીય સલામી આપી.

**નોંધ :** ગુજરાત યુનિવર્સિટીના પટાંગણમાં આયોજિત ધ્વજવંદન કાર્યક્રમમાં પણ NSSની સ્વયંસેવિકાઓ ઉત્સાહભેર સહભાગી બની, રાષ્ટ્રીય પર્વની ઉજવણીને હૃદયસ્થ કરી.

=> તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાત યુનિવર્સિટીના પટાંગણમાં આયોજિત 'પ્રજાસત્તાક દિન'- રાષ્ટ્રીય પર્વના ધ્વજવંદન કાર્યક્રમમાં NSSની સ્વયં સેવિકાઓ ઉત્સાહભેર સહભાગી બની, રાષ્ટ્રીય પર્વની ઉજવણીને હૃદયસ્થ કરી.

**રક્ષાબંધન પર્વની ઉજવણી:**

તા. ૧૬ ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ ડૉ. સોનલ મોદીના માર્ગદર્શન હેઠળ રક્ષાબંધન (તા. ૧૯ ઑગસ્ટ, ૨૦૨૪ જાહેર રજા હોવાથી) પર્વની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ સ્થિત River Front West Police Stationમાં તેમજ Ellisbridge Police Stationમાં

NSS -ની સ્વયંસેવિકાઓએ પોલીસકર્મીઓને (અધિકારીઓ, કોન્સ્ટેબલ્સ, સિક્યુરિટી ગાર્ડસ્) રાખડી બાંધી, સુરક્ષા-જતનની હાર્દિક શુભેચ્છા પાઠવી, મોઢું મીઠુ કરાવ્યું. પોલીસકર્મીઓએ પણ વિદ્યાર્થિનીઓને આશીર્વાદ આપી, ભ્રાતૃભાવ વ્યક્ત કર્યો.

**ઐતિહાસિક સ્થળની મુલાકાત :**

- તા. ૨૯ ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ NSS- સ્વયં સેવિકાઓએ અમદાવાદ સ્થિત ઐતિહસિક સ્થળ- સત્યાગ્રહ આશ્રમ (કોચરબ આશ્રમ)ની મુલાકાત લઈ, ગાંધીજીની કાર્ય પધ્ધતિ, તેના નિયમો, સ્વચ્છતા અંગેના દૃષ્ટિકોણ વિશે માહિતી મેળવી.

**નોંધ :** કોચરબ આશ્રમના એક્ટીવીટી સેન્ટરમાં થઈ રહેલા સફાઈ કાર્યમાં સામેલ પણ થયાં.

- તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ NSS- સ્વયં સેવિકાઓએ અમદાવાદ સ્થિત ઐતિહાસિક સ્થળ- ગાંધી આશ્રમ (સાબરમતી આશ્રમ)ની મુલાકાત લઈ, ગાંધીજીના 'મારું જીવન એ જ મારો સંદેશ' જીવન-કવન સહિત રહેણી-કરણી, અર્થોપાર્જનમાં સહાયક રેંટિયો વગેરે વિશે જાણકારી મેળવી.

**શિક્ષકદિનની ઉજવણી :**

તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ શિક્ષક દિન ઉજવવામાં આવ્યો. જેમાં આર્ટ્સ અને કોમર્સની વિદ્યાર્થિનીઓએ શિક્ષકની ભૂમિકા ભજવીને ઉજવણી કરી.

**નોંધ :** તા. ૫ સપ્ટેમ્બર, ૧૯૬૨ના રોજ દેશમાં પહેલીવાર શિક્ષકદિન ઉજવાયો હતો. પ્રતિવર્ષ ભારત દેશમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી નિમિત્તે શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવે છે.

**પ્રતિજ્ઞા કાર્યક્રમ :**

તા. ૨૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ કૉલેજ કેમ્પસમાં 'અંગદાન જાગૃતિ' કાર્યક્રમ યોજાયો. જેમાં NSSની સ્વયંસેવિકાઓએ ભાગ લઈ, ડૉ. સોનલ મોદી દ્વારા 'અંગદાન... મહાદાન' અભિયાનની જાણકારી મેળવી, સમાજમાં 'અંગદાન એ જીવનદાન' સૂત્રને વેગવંતુ કરવાની પ્રતિજ્ઞા લીધી.

**NSS- સ્થાપના દિનની ઉજવણીઃ**

તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ NSS- સ્થાપના દિનની ઉજવણી Digitaly- સોશ્યલ મીડિયાના માધ્યમથી કરવામાં આવી. ડૉ. સોનલ મોદીની નિશ્રામાં NSS- સ્વયંસેવિકાઓએ SLU: NSS Group-

મારફત ઉજવણી કરી. જેમાં ઉર્જા, જળના જતન અને જાળવણી તથા વૈવિધ્યપૂર્ણ શ્રમદાનને અનુલક્ષીને Chatting, (Instant messaging, IRC-Internet Relay Chat, Voice Chatting, Video Chatting)ના માધ્યમથી 'NSS Day'- ની ઉજવણી કરી.

**Class to Career Programme :**

તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ગુજરાત યુનિવર્સિટીના NSS યુનિટના નેજા હેઠળ ભારત સરકારના UNICEF (United National International Children's Emergency Fund) પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ સ્થિત AMA ખાતે NSS Valunteers Orientation on Class to Career Programme નું આયોજન કરવામાં આવ્યું. જેમાં નંદિની રાઠોડ, પ્રિયા વાઘેલા, આશા બોરણા, વિશ્વા પુરબિયા, આલિયા શેખ, પ્રિયંકા પરમાર - સ્વયંસેવક - બહેનો સહભાગી બની.

**વિકસિત ભારત : ૨૦૪૭ અંતર્ગત ત્રિવિધ કાર્યક્રમો :**

તા. ૯ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ વિકસિત ભારતઃ ૨૦૪૭ને અનુલક્ષીને ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં NSS ની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

ત્રિવિધ કાર્યક્રમોમાં **નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા** તેમજ **'વિકાસ શપથ'** કાર્યક્રમ યોજાયાં.

=> **નિબંધ સ્પર્ધા :**

વૈશ્વિક વિકાસ અને ભારત; 'મારી દૃષ્ટિએ વિકસિત ભારત' વિષયો અંતર્ગતની નિબંધ સ્પર્ધામાં વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો.

=> **વક્તૃત્વ સ્પર્ધા :**

વિશ્વમાં વિકસતું ભારત; એક ભારત, શ્રેષ્ઠ ભારત; ભારતના વિકાસમાં મહિલાઓની ભૂમિકા;વિકસતા ભારતમાં ગુજરાત રાજ્યનું યોગદાન વિષયો અંતર્ગતની વક્તૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ, રસ-રુચિ મુજબ વિષય પસંદ કરી, પોતાના વિચારો રજૂ કર્યા.રૂ

=> **વિકાસ શપથ કાર્યક્રમ :**

વિકસિત ભારત @ ૨૦૪૭ના અભિયાન અંતર્ગત વ્યક્તિગત યથોચિત યોગદાન આપવા અંગેની જાગૃતિ લાવવાના હેતુસર વિકાસ શપથ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓ ઉત્સાહભેર સહભાગી બની. ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે સમાજજીવનના

વિવિધ પાસાઓનો ઉલ્લેખ કરી, રસ-રુચિ મુજબ યથોચિત કઈ રીતે વિકસિત ભારતના લક્ષ્યમાં યોગદાન આપી શકાય તેની રજૂઆત કરી. ડૉ. સોનલ મોદીએ ભારત વિકાસ શપથ-સંકલ્પો દ્વારા જાગૃતિવર્ધક બાબતો અંગે અંગૂલિનિર્દેશ કરી, માહિતી પ્રદાન કરી.

## Guest Lecture :

તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ **'થેલેસેમિયાઃ તકેદારીના પગલાં'** વિષયક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. **મુખ્ય વક્તા શ્રી જયંતિભાઈ વાળંદ** (કેમ્પ ઈનચાર્જ - ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા, અમદાવાદ)એ થેલેસેમિયાના લક્ષણો, વ્યાપ, કારણો, સારવાર પ્રક્રિયા સહ તકેદારીના પગલાં વિશે સદૃષ્ટાંત વિસ્તૃત રજૂઆત કરી.

વ્યાખ્યાનબાદ પ્રશ્નોતરીના દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

ડૉ. સોનલ મોદીએ સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન કર્યું.

## સેમિનાર :

તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અમદાવાદમાં Gujarat State Co-operative Union દ્વારા બહેનો માટે રાજ્ય કક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેનો હેતુ : વિકસિત ભારતમાં સહકારી ક્ષેત્ર દ્વારા યુવાનોની ભાગીદારી વધારવાનો. પ્રોગ્રામ ઓફિસર ડૉ. સોનલ મોદીના નેતૃત્વ હેઠળ બહોળી સંખ્યામાં NSSની વિદ્યાર્થિનીઓએ The Young Women Co-operative Seminar: 2025માં સહભાગી બની, વિષયોચિત તજજ્ઞો દ્વારા માહિતી પ્રાપ્ત કરી.

**નોંધ :** આ સેમિનાર રસપ્રદ અને સમજપૂર્વકનો હતો. જેણે સહભાગીઓને સહકારી ચળવળમાં સક્રિયપણે યોગદાન આપવા અને વ્યક્તિગત અને રાષ્ટ્રીય વિકાસને વેગ આપવા પ્રેરણા પૂરી પાડી.

## Workshop:

તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના NSS વિભાગ દ્વારા આયોજિત અને Higher Education Department - Government of Gujarat તેમજ NSS Regional Directorate Ahmedabad - Government of India દ્વારા પ્રાયોજિત 'My Bharat Outreach Programme' અંતર્ગતના Ahmedabad District Zonal Workshop of NSS Programme Officers and Volanteers માં ડૉ. સોનલ મોદી (Programme Officer) અને પ્રિયા વાઘેલા (Volunteer) સહભાગી થયાં.

**નોંધ :** આ workshop માં Seva Se Sekhen, Cyber Security, Community Assets Management, Disaster Management, Social Media, Volunteer for my Bharat વિષયો પર વૈચારિક આદાન-પ્રદાન કરવામાં આવ્યું.

**સ્વચ્છતા અભિયાનઃ**

**=> સફાઈ કાર્યક્રમો :**

વર્ષ દરમિયાન મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ NSS અંતર્ગત સ્વચ્છતા અભિયાનને ગતિશીલ બનાવવા સફાઈ કાર્યક્રમો કૉલેજ કેમ્પસમાં યોજાયાં, જેમાં એસ.એલ.યુ. પરિવારજનોએ (ઈનચાર્જ પ્રિન્સિપાલ - અધ્યાપકો - વહીવટી કર્મચારીઓ - વિદ્યાર્થિનીઓ) સક્રિયપણે કામગીરી કરી.

**વિશેષ :** તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૪, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪, ૩૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ આયોજિત Deep Cleaning સફાઈ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. સોનલ મોદીના માર્ગદર્શકરૂપ સહભાગ સાથે વિદ્યાર્થિનીઓએ સક્રિયપણે કામગીરી કરી.

=> તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ ગાંધી જયંતીની ઉજવણીના ભાગરૂપે કૉલેજ કેમ્પસમાં (તા. ૨ ઓક્ટોબર, ગાંધી જન્મ જયંતી અનુસંધાનમાં) સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું. 'શ્રમદાન કાર્યક્રમ' હેઠળ આયોજિત કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ કૉલેજ પરિસરમાં સફાઈ કાર્ય દ્વારા શ્રમદાન કર્યું.

**નોંધ :** તા. ૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ વિદ્યાર્થિનીઓએ પોતાના રહેઠાણ વિસ્તારમાં સૂકા-ભીના કચરાની જાણકારી વિશે માહિતી આપી. સફાઈ-લોકજાગૃતિ કાર્ય દ્વારા સફાઈ અભિયાનને ગતિશીલ બનાવી, ગાંધી જયંતી ઉજવણીને સાર્જક કરી.

**=> Poster Making & Drawing :**

તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત આયોજિત Poster Making & Drawingમાં NSSની બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ, વિષયોચિત સ્વગતકલાને ઉજાગર કરી.

=> **પ્રતિજ્ઞા કાર્યક્રમ :**

– સપ્ટેમ્બર : ૨૦૨૪માં સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'મારું શહેર, મારું ગૌરવ' અંતર્ગતના ડિજીટલ સ્વચ્છતા પ્રતિજ્ઞા અભિયાનમાં કૉલેજ પરિસરના સભ્યો સહભાગી થયાં.

**નોંધ :** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન - પાલડી વોર્ડના હોદ્દેદારો, કૉલેજના ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ તથા NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. સોનલ મોદીએ ચર્ચા-વિમર્શ કરેલ.

AMC દ્વારા અપાયેલ પેમ્પફલેટનું વિતરણ NSSની વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવેલ.

– તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ NSSની વિદ્યાર્થિનીઓએ ડૉ. સોનલ મોદીના નેતૃત્વ હેઠળ 'સ્વચ્છ ભારત' અભિયાનમાં યોગદાન અંગેની પ્રતિજ્ઞા લીધી.

**દત્તક ગામઃ**

કોબા (જિ. ગાંધીનગર)માં વર્ષ દરમિયાન અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી. સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ બચાવો - પ્લાસ્ટિક છોડો અભિયાન, થેલેસેમિયા જાગૃતિ અભિયાન, HIV / AIDS ના અનુસંધાનમાં લોકજાગૃતિ કાર્યક્રમો (NACOના સહયોગ દ્વારા), વિધવા સહાય પ્રવૃત્તિ, સરકાર દ્વારા મળતી વિવિધ સહાયો તેમજ ગ્રામ વિકાસલક્ષી યોજનાઓ વિશે જાગૃતિ કાર્યક્રમો જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

- ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ આયોજિત કાર્યક્રમો તેમજ કૉલેજની શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ દરમિયાન NSS વિભાગ સેવાકીય કાર્યો દ્વારા પારિવારિક વાતાવરણ જાળવવામાં યોગદાન પુરુ પાડે છે.

## ❑ ડૉ. સોનલ મોદીઃ

- તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં UNICEF દ્વારા (સંદર્ભઃ રાજ્ય NSS અધિકારીનો પત્ર - ૩૧/૮/૨૦૨૪) ગુજરાત યુનિવર્સિટીના NSS Programme Officers માટે આયોજિત 'Integrating Child Protection in NSS Rural Camps' વિષયક workshop / foundational training માં સહભાગી થયાં.
- તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના NSS વિભાગના સહયોગથી આયોજિત 'સ્વચ્છતા હી સેવા' અનુસંધાનની ગ્રાન્ટ અનુસંધાનમાં (રીજીયોનલ ડાયરેક્ટરશ્રી - કમલકુમાર કર) આયોજિત મીટિંગમાં ઉપસ્થિત રહ્યાં.

## ★ NCC (National Cadet Corps) વિભાગ :

**NCC વિભાગના Care taker ડૉ. આશા રાઠવાના નેતૃત્વ હેઠળ** વર્ષ દરમિયાન NCCની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

**નોંધ :**

**=>** Lt. ઉર્વશી શર્માએ NCC વિભાગના ANO તરીકે કામગીરી કરી (Durations of NCC - ANO : 7 September, 2022 to 9 November, 2024)

=> ડૉ. આશા રાઠવાની કૉલેજના NCC વિભાગના Care taker તરીકે નિમણૂંક થતા કાર્યરત (નિમણૂંક તારીખ : ૯ નવેમ્બર, ૨૦૨૪)

**Note :** NCC Directorate Gujarat Dadara Nagar Haveli, Div and Daman, Hanuman Camp, Shahibaug, Ahmedabad has sanction approved for appointment as caretaker. (Ref. No. 0518 / Pers / NCC / 2-4 / State; Dated 07 February, 2025)

- **વર્ષના પ્રારંભમાં...**

  - ડૉ. શૈલજા ધ્રુવએ NCC ક્ષેત્રની વિવિધ વિંગ્સ (Army, Navy તથા Air Force) તેમજ પ્રવર્તમાન સમયમાં NCCના મહત્વ વિશે સવિસ્તર માહિતી આપી.
  - આંગુતક કેડેટ્સને સિનિયર કેડેટ્સે આવકારી, સ્વ-અનુભવને આધારે NCCની શિસ્ત વિશે સવિસ્તર માહિતી આપી.
  - Lt. Urvashi Sharma (ANO-SLU College) એ NCC અંતર્ગતની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી.
  - NCC First Year Enrollment Process અંતર્ગત વિદ્યાર્થિનીઓની Written test તેમજ Physical Fitness (Hight, Weight, Running) checking નું આયોજન કરવામાં આવ્યું. Eligible વિદ્યાર્થિનીનું as a cadet selection કરવામાં આવ્યું.

  **નોંધ :** NCC First year Enrollment Process દરમિયાન NCC Unit ના (1 Gujarat Girls Bn-NCC Unit, Law Garden, Ahmedabad) અધિકારીઓ Shri Umesh Nikam & Nayak Thakuri ઉપસ્થિત રહ્યાં. (2 August, 2024)

- વર્ષ દરમિયાન યોજાયેલ NCC Unit (Law Garden, Ahmedabad) તેમજ કૉલેજ કેમ્પસ ખાતે આયોજિત paradeમાં cadets ઉત્સાહભેર સહભાગી થયા.
- વર્ષ દરમિયાન યોજાયેલ Combined Annual Training Camp (અમદાવાદ)માં Cadets સહભાગી થયા.

- વર્ષ દરમિયાન NCC Unit (Law Garden, Ahmedabad)ના નેજા હેઠળ Puneet Sagar Abhiyanમાં Cadets એ ઉત્સાહભેર ભાગ લઈ, Ahmedabad સ્થિત Riverfront વિસ્તાર તેમજ વિવિધ જળાશયોના વિસ્તારમાં ફેકાયેલા પ્લાસ્ટિક તેમજ અન્ય કચરાના નિકાલની કામગીરી ઉત્કૃષ્ટતાથી નિભાવી.

  **નોંધ :** समुद्र तटों, नदियों, झीलों सहित अन्य जल निकायों को प्लास्टिक और अन्य अपशिष्ट पदार्थो से मुक्त रखने के लिए राष्ट्रीय कैडेट कोर (NCC-National Cadet Corps) द्वारा 1 December, 2021 को पुनीत सागर अभियान शुरु किया गया था।

- તા. ૧૫ જુલાઈ, ૨૦૨૪ના રોજ ગાંધીનગરમાં Raj Bhavan-Gandhinagar; GMERS (Gujarat Medical Education and Research Society) General Hospital - Gandhinagar; Civil Hospital - Ahmedabad and Indian Red Cross Society - Ahmedabad District Branch દ્વારા આયોજિત Blood Donation Camp માં NCC Unitની નિશ્રામાં કૉલેજની NCC cadets એ Blood Donate કર્યું.
- તા. ૧૨-૨૩ ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન Dhrangadhra (Dist. Surendranagar) માં આયોજિત 11 ARTY BDEમાં ANO Lt. Urvashi Sharmaની નિશ્રામાં Radha Gupta, Zivanshi Bhati, Vaidehiba Gohil તથા Nikita Kanija સામેલ થયાં.

  **Note :** 11 Arty bde most likely refers to the 11th Artillery Brigade.

- તા. ૧૭ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં 1 Gujarat Girls BN - NCC Unit (Law garden) દ્વારા આયોજિત General knowledge Examsમાં કૉલેજના NCC cadets સામેલ થયાં.

◆ **Radha Gupta :**



- Army વિભાગમાં શ્રેષ્ઠ કામગીરી કરી.
- તા. ૧૦-૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન જૂનાગઢમાં Pandit Deendayal Upadhyaya Mountaineering Center Junagadh દ્વારા આયોજિત National Basic Rock climbing Training Camptમાં સહભાગી બની.
- તા. ૨૦-૨૯ ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન અમદાવાદમાં 1 Gujarat Girls BN-NCC દ્વારા IBC (Inter Battalion Camp) - RDC (Republic Day Celebration-2025) Selection Camp માં કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અમદાવાદ સ્થિત 1 Gujarat Girls BN-NCC દ્વારા NCC-Army ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરીને ધ્યાનમાં લઈ JUO (Junior Under Officer)નો હોદ્દો આપવામાં આવ્યો.
- તા. ૬ માર્ચ, ૨૦૨૫ના રોજ **SLU College : Best NCC Cadet** ની ટ્રોફી એનાયત કરવામાં આવી.

- તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ SLU Collegeમાં NCC Unit આયોજિત 'B' Certificate પરીક્ષા માટે 'પરીક્ષા કેન્દ્ર' વ્યવસ્થાપન કરવામાં આવેલ.
- વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં 'B' અને 'C' સર્ટિફિકેટની પરીક્ષામાં NCC-Cadets સામેલ થયાં.

**નોંધ:** 'B' અને 'C' સર્ટિફિકેટની સૈધ્ધાંતિક (Theory) અને પ્રાયોગિક (Practical) પરીક્ષાના સંદર્ભમાં કેડેટ્સને કૉલેજમાં તાલીમ આપવામાં આવી.

- ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ આયોજિત કાર્યક્રમો તેમજ કૉલેજની ઈત્તર પ્રવૃત્તિઓ દરમિયાન શિસ્તયુક્ત વાતાવરણની જાળવણી માટે NCC વિભાગ ઉત્સાહભેર ફરજ બજાવી, યોગદાન આપે છે.

### ❑ Lt. ઉર્વશી શર્મા :

- તા. ૪ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ NCC Unit Ahmedabad (Law Garden) માં 1 Guj. Girls BN NCC દ્વારા આયોજિત CO's Conference માં as an ANO ઉપસ્થિત રહ્યાં.
- તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૪થી ૧૫ દિવસ દરમિયાન થામણા (જિ. આણંદ)માં આયોજિત CAT Campમાં સહભાગી થયાં.

### ❑ ડૉ. આશા રાઠવા :

- નવેમ્બર, ૨૦૨૪માં NCC Unit Ahmedabad (Law Garden)માં 1 Guj. Girls BN NCC દ્વારા આયોજિત Co's Conferenceમાં as a Care taker ઉપસ્થિત રહ્યાં.

**નોંધ:** તા. ૯ નવેમ્બર, ૨૦૨૪ થી SLU College-NCCના Care taker તરીકે નિયુક્ત થતા સક્રિયપણે કાર્યરત.

## ★ શારીરિક શિક્ષણ અને રમત વિભાગ તથા વ્યાયામ - યોગ - ખેલકૂદ ધારા :

**શારીરિક શિક્ષણ અને રમત વિભાગના આસિસ્ટન્ટ ડાયરેક્ટર ઓફ ફિઝીકલ ઍજ્યુકેશન તથા વ્યાયામ-યોગ - ખેલકૂદ ધારાના કન્વીનર ડૉ. મુકેશકુમાર બારૈયાના માર્ગદર્શન હેઠળ** વર્ષ દરમિયાન વિવિધ રમતોની તાલીમ શિબિર તથા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું.

- તા. ૧૧-૩૦ ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન રમત-ગમતમાં રસ ધરાવતી વિદ્યાર્થિનીઓ માટે જનરલ ફીટનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિવિધ પ્રકારની દોડ, યોગાસન, સૂર્યનમસ્કાર, કસરતો અને સાયકલીંગ જેવી પ્રવૃત્તિઓ દ્વારા તાલીમ આપવામાં આવી. આ તાલીમ કેમ્પ દરમિયાન

જે વિદ્યાર્થિનીઓને જે રમતમાં ભાગ લેવાની ઈચ્છા અને યોગ્યતા હોય તે મુજબ જે તે રમતની ટીમ માટે સિલેક્શન કરવામાં આવ્યું.

- તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ ચેસ સ્પર્ધાના આયોજન માટે કમિટી મીટિંગનું આયોજન કાર્યકારી આચાર્ય ડૉ. શૈલજા ધ્રુવની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું. જેમાં ગુજરાત યુનિવર્સિટી લોકલ સ્પોર્ટસ કમિટીના સેક્રેટરી ડૉ. ધરમશી દેસાઈ, ડૉ. મુકેશકુમાર બારૈયા તેમજ કમિટીના અન્ય સભ્યો હાજર રહ્યાં.

- તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ **ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ ક્રોસકન્ટ્રી (૧૦ કિ.મી.)** સ્પર્ધાનું આયોજન અંબાજી ખાતે કરવામાં આવ્યું. જેમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ : ઉર્મિ પરમાર, સાનિયા મન્સુરી, આરતી પગી, રિધ્ધિ ઠક્કર, પાયલ સોલંકી, ફલક મન્સુરી અને પુનમ ઠાકોરે કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું. સમગ્ર સ્પર્ધામાં **એસ.એલ.યુ. કૉલેજ ટીમ ચતુર્થ સ્થાને** રહી. તેમજ **ઉર્મિ જે. પરમારની પસંદગી ગુજરાત યુનિવર્સિટી ટીમ માટે** થઈ જ્યારે **સાનિયા મન્સુરીની પસંદગી રિઝર્વ ખેલાડી તરીકે** થઈ.

- તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ **ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ બેડમિંટન સ્પર્ધાનું** આયોજન ગુજરાત યુનિવર્સિટી જીમખાના ખાતે કરવામાં આવ્યું. જેમાં રોશની સૈયદ અને નિમિક્ષાબા ડોડીયાએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું. તે પૈકી **રોશની સૈયદે ત્રણ રાઉન્ડમાં જીત મેળવીને ક્વાર્ટર-ફાઈનલમાં 'Best of Eight'માં સ્થાન** મેળવ્યું.

- તા. ૦૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ **ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ સાયકલીંગ (૨૫ કિ.મી.) સ્પર્ધાનું** આયોજન અંબાજી ખાતે કરવામાં આવ્યું. જેમાં **એસ.એલ.યુ. કૉલેજ ટીમે શાનદાર રમત પ્રદર્શન કરીને ઐતિહાસિક ચેમ્પિયનશીપ** મેળવી. આ ટીમના સભ્યો : **સાનિયા મન્સુરી, રિધ્ધિ ઠક્કર, સુરેખા ચૌહાણ, ઉર્મિ પરમાર અને સપના ડાભી. તે પૈકી સાનિયા મન્સુરી, રિધ્ધિ ઠક્કર, ઉર્મિ પરમાર અને સુરેખા ચૌહાણની પસંદગી ગુજરાત યુનિવર્સિટી ટીમ માટે** થઈ.

- તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ કબડ્ડી સ્પર્ધાનું આયોજન સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું. જેમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ : પુનમ રાઠોડ, ધનવી વાઘેલા, રિધ્ધિ ઠક્કર, આરતી પગી, રોશની પ્રજાપતિ, કિંજલ મકવાણા, નિમિક્ષાબા ડોડીયા, સાનિયા મન્સુરી, અરફા શેખ અને ભૂમિ સરગરાએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

- તા. ૨૮ નવેમ્બર, ૨૦૨૪ના રોજ ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ યોગાસન સ્પર્ધાનું આયોજન ગુજરાત યુનિવર્સિટી જીમખાના ખાતે કરવામાં આવ્યું. જેમાં નિમિક્ષાબા ડોડીયાએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

- તા. ૧૯-૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન **ગુજરાત યુનિવર્સિટી વાર્ષિક ખેલકૂદ રમતોત્સવ-૨૦૨૪નું** આયોજન સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું. જેમાં **એસ.એલ.યુ. કૉલેજની વિદ્યાર્થિનીઓએ શાનદાર રમત પ્રદર્શન કરીને કુલ છ (૬) ઈવેન્ટસમાં ચંદ્રકો હાંસલ** કર્યા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| **(૧)** | **લાંબીકૂદ** | **:** | **પાયલ સોલંકી** | - | **સુવર્ણ ચંદ્રક** |
| | | | **પુનમ ઠાકોર** | - | **કાંસ્ય ચંદ્રક** |
| **(૨)** | **4 X 400 મીટર રીલે દોડ** | **:** | **ઉર્મિ પરમાર** | - | **રજત ચંદ્રક** |
| | | | **પુનમ ઠાકોર** | - | **રજત ચંદ્રક** |
| | | | **સાનિયા મન્સુરી** | - | **રજત ચંદ્રક** |
| | | | **રિધ્ધિ ઠક્કર** | - | **રજત ચંદ્રક** |
| **(૩)** | **ચક્રફેંક** | **:** | **પુનમ રાઠોડ** | - | **કાંસ્ય ચંદ્રક** |
| **(૪)** | **100 મીટર વિઘ્ન દોડ** | **:** | **પાયલ સોલંકી** | - | **કાંસ્ય ચંદ્રક** |
| **(૫)** | **ટ્રીપલજમ્પ** | **:** | **નિમિક્ષાબા ડોડીયા** | - | **કાંસ્ય ચંદ્રક** |

**આંતરવિશ્વવિદ્યાલય કક્ષાની સ્પર્ધાઓ :**

=> તા. ૧૭-૧૯ નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન **ઓલ ઈન્ડીયા ઈન્ટરયુનિવર્સિટી ક્રોસ કન્ટ્રી (૧૦ કિ.મી.) સ્પર્ધા**નું આયોજન મેંગ્લોર યુનિવર્સિટી, મેંગ્લોર (કર્ણાટક) ખાતે કરવામાં આવ્યું. જેમાં કૉલેજની વિદ્યાર્થિની **ઉર્મિ જે. પરમારે ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ** કર્યું.

=> તા. ૦૭-૧૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન **વેસ્ટ ઝોન ઈન્ટરયુનિવર્સિટી ફૂટબોલ સ્પર્ધા**નું આયોજન વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટી, કોટા (રાજસ્થાન) ખાતે કરવામાં આવ્યું. જેમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ : **આરતી પગી અને રિધ્ધિ ઠક્કરે ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ** કર્યું.

=> તા. ૧૦-૧૩ એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન **ઓલ ઈન્ડીયા ઈન્ટરયુનિવર્સિટી સાયકલીંગ સ્પર્ધા**નું આયોજન મહારાજા ગંગાશીંગ યુનિવર્સિટી, બિકાનેર (રાજસ્થાન) ખાતે કરવામાં આવ્યું. જેમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ : **સાનિયા મન્સુરી, રિધ્ધિ ઠક્કર, સુરેખા ચૌહાણ અને ઉર્મિ પરમારે ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ** કર્યું.

# ગૌરવવંતા ખેલાડીઓ



**Urmi Parmar**
Cross – Country
& Cycling
(National Player)



**Riddhi Thakkar**
Football
& Cycling
(National Player)



**Surekha Chauhan**
Cycling
(National Player)



**Aarti Pagi**
Football
(National Player)



**Payal Solanki**
Best Athlete



**Saniya Mansuri**
Cycling
(National Player)

# ગૌરવવંતા ખેલાડીઓ



**Punam Thakor**
Athletics



**Nimixaba Dodiya**
Runner up Athlete



**Punam Rathod**
Athletics



**Sapana Dabhi**
Cycling



**Dhanvi Vaghela**
Kabaddi



**Roshni Saiyed**
Badminton

**વ્યાયામ - યોગ - ખેલકૂદધારા :**

તા. ૦૫-૦૭ ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન સપ્તધારા અંતર્ગત વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારા દ્વારા વિવિધ રમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં

**નોંધ : સ્પર્ધાત્મક ઈનામોના પ્રાયોજક : ડૉ. રેખાબહેન ભરતભાઈ ગોસાલીયા**

| | | | |
|---|---|---|---|
| **બેડમિંટન** | **:** | **રોશની સૈયદ** | **- પ્રથમ** |
| | | **રોશની ગૌડ** | **- દ્વિતીય** |
| | | **નિમિક્ષાબા ડોડીયા** | **- તૃતીય** |
| **ચેસ** | **:** | **મુબ્બશીરા શેખ** | **- પ્રથમ** |
